| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૦૧/૧૫–૧૬**

**અરજદાર :** શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાળા

**સામાવાળા :** સેક્શન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાળાની તા.૬/૨/૧૬ ની અરજી આઈ.ડી. નં.૧૦૦૫ (વેસ્ટ ઝોન) સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૮/૩/૧૬ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/01/15-16.

અરજદાર શ્રી પિંકલ પ્રફુલ્લા ધીવાળાની તા.૬/૨/૧૬ ની મુળ અરજી આઈ.ડી. નં.૧૦૦૫ (વેસ્ટ ઝોન) થી કુલ–૦૮ મુદ્દાઓની માહિતી માંગેલ, જે વેસ્ટ ઝોન ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગને નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ/૧૮૧૨ તા.૧૦/૨/૧૬ થી લાગત મુદ્દા નં.૧, ૪ થી ૮ ની માહિતી માટે તબદીલ કરવામાં આવેલ છે. જે અરજી અત્રેના વિભાગને તા.૧૧/૨/૧૬ ના રોજ મળેલ છે. જે આ સાથે સામેલ છે.

જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસર(મહેકમ) ધ્વારા તેઓના તા.૨/૩/૧૬ના પત્ર નં.જીએડી/ ઇએસટી/૬૭૩૧ થી લાગત મુદ્દાઓની પુર્તતા કરી, લાગત માહિતીની નકલો મેળવવા પત્ર નં.જીએડી/ઈએસટી/૬૭૩૩ તા.૨/૩/૧૬ થી રૂા.૨૮૪/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા વેસ્ટ ઝોન ખાતે રૂા.૨૮૪/– નકલ ફીના નાણાં તા.૨૧/૩/૧૬ ના રોજ રસીદ નં.૨૦૦/૯૧ થી વેસ્ટ ઝોન ખાતે ભરપાઈ કરતા, જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફીસર(મહેકમ)ના તા.૨૩/૩/૧૬ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૭૨૪૦ થી સદર નકલો પુરી પાડવામાં આવેલ છે. જે પુરી પડાયેલ પુર્તતા/નકલો સંદર્ભે અરજદાર ધ્વારા અપીલ દાખલ કરી અપીલ તબકકે નીચે જણાવેલ મુદ્દાઓમાં વાંધાઓ ઉપસ્થિત કરી માહીતી પુરી પાડવા જણાવેલ છે. તે અંતર્ગત મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે અપીલ તબકકે ઉપસ્થીત કરેલ વાંધાઓની પુર્તતા તેની સામે દર્શાવ્યા મુજબ છે.

| મુદ્દા નં. | ઉપસ્થીત કરેલ વાંધા | ખાતાકીય પુર્તતા |
|---|---|---|
| મુદ્દા નં.૧ | ની માહિતી સ્પષ્ટ અને સરકારી રેકોર્ડ હોય અને સરકાર અને પગાર ચુકવતી હોય જેથી તે ભલે કોન્ટ્રાકટ પર હોય પરંતુ સરકારી કર્મચારી ગણી શકાય અને સરકારી કાગળોના રહસ્ય, કામગીરી, કોમ્પ્યુટર પર કામ કરતા હોય જેથી તમામ કામ સરકારના અંડરમાં કરતા હોય સરકાર પગાર ચુકવતી હોય એવા સંજોગોમાં તમામ માહિતી સરકારી છે. સરકારના તમામ કાર્ય એ આર.ટી.આઈ. એકટ હેઠળ જાહેર હોય જેથી મુદ્દા નં.૧ ની વિગત પુર્તતા/જવાબ મળવા પાત્ર છે. | અરજદાર ધ્વારા મુદ્દા નં.૧ થી સુ.મ.પા.માં હાલ ઉપલબ્ધ રેકોર્ડ પર કોમ્પ્યુટરના કોન્ટ્રાક આપવામાં આવેલ એજન્સીના નામ, સરનામુ અને એજન્સી ધ્વારા સુ.મ.પા.માં કોમ્પ્યુટર પર બેસી કરવામાં આવતા કામ હોદ્દો અને તેને ચુકવાતો પગાર, ટોટલ કોમ્પ્યુટર પર બેસાડવામાં આવેલ કર્મચારીના નામ સરનામા સહિતની વિગતની માહિતી માંગેલ. તે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ધ્વારા સુરત મહાનગરપાલિકામાં મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત કોમ્પ્યુટર ઓપરેટર પુરા પાડવાનો આપવામાં આવેલ કોન્ટ્રાકટ સંદર્ભે સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૯૦૧/૨૦૧૫ ની નકલ પુરી પાડવામાં આવેલ. તેમજ તેના પરથી માંગવામાં આવેલ માહિતીનો સંદર્ભ મેળવવા જણાવેલ. જે યોગ્ય જણાય છે. કારણકે આ ઠરાવમાં કોમ્પ્યુટર ઓપરેટર પુરા પાડવા માટે આપવામાં આવેલ એજન્સીનું નામ તથા ઓપરેટર દીઠ ચુકવવામાં આવતા પગાર સબંધી વિગત આવી જાય છે.<br>તેમજ મજકુર કોન્ટ્રાકટ આપવામાં આવેલ ખાનગી એજન્સી ધ્વારા પુરા પાડવામાં આવેલ કોમ્પ્યુટર ઓપરેટરના નામ/સરનામાની વિગત એજન્સી ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ અંગત અને ખાનગી ગણેલ હોય, તેવી માહિતી આર.ટી.આઈ. એકટ હેઠળ કોઈપણ વ્યકિતને નહી આપવા અત્રેની કચેરીને લેખિત પત્ર આપી સુચના આપેલ હોય, તેવી માંગ્યા મુજબની માહિતી પુરી પાડવા જોગ નથી. તે મુજબની પુર્તતા/જવાબ કરતી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ)ના તા.૨૩/૩/૧૬ના પત્ર નં.જીએડી/ઇએસટી/૭૨૪૦ થી પુરી પાડવામાં આવેલ હોય, જે યથાયોગ્ય જણાય છે. |
| મુદ્દા નં.૪ થી ૮ | ના નાણાં ભરવા જણાવેલ છે. જે નાણાં ભર્યા બાદ માગ્યા મુજબ માહિતી ન આપવામાં આવે તો આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬) મુજબ તમામ માહિતી ફ્રી આપવી. | મુદ્દા નં.૪,૫,૭ તથા ૮ થી છેલ્લા દશ વર્ષમાં સુ.મ.પા.માં રીટાયર્ડ થયેલ અધિકારીને રીટાયર્ડ થયા પછી કરારીય ધોરણે ફરજ પર રાખવા અંગે થયેલ રીપોર્ટ, દરખાસ્ત, ઠરાવ/શરતો/કરારીય અવેજ, તેઓને કરારીય નિમણુંક આપવા અંગેના પત્ર, તેઓને સોંપવામાં આવેલ ખાતા/ કામગીરી/ જવાબદારી / સત્તા વિગેરેના હુકમો, ચુકવવામાં આવતુ માસિક પેન્શન વિગેરેની તથા મુદ્દા નં. ૬ થી રીટાયર્ડ થયા બાદ ફરજ બજાવી રહેલ અધિકારી વિરૂધ્ધ આવેલ |

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

| | | |
|---|---|---|
| | | ફરીયાદની નકલોની માંગવામાં આવેલ માહિતી પરત્વે રેકર્ડ આધારીત માહિતીની નકલો સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. જેના પરથી માંગ્યા મુજબની માહિતીનો સંદર્ભ મેળવી લેવાનો રહે છે. તેમ જણાવી ઉપરોક્ત પત્રથી માહિતી/ પુર્તતા/ લાગત નકલો પુરી પાડવામાં આવેલ હોય જે યોગ્ય જણાય છે.<br>પરંતુ અરજદાર ધ્વારા તા.૨૮/૦૩/૨૦૧૬ ના પત્રથી તેઓને મળેલ માહિતી બાબતે આર.ટી.આઈ. એક્ટની કલમ ૨(જે) ііі પ્રમાણે માહિતીની નકલોને પ્રમાણિત કરવામાં આવેલ ન હોય, તમામ નકલ પ્રમાણિત કરી આપવાનું જણાવી પુરી પાડવામાં આવેલ માહિતી પરત કરેલ. તે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મહેકમ) ધ્વારા નં.જીએડી/ ઈએસટી/ ૩૨ તા.૨/૪/૧૬ ના પત્રથી અરજદારને યોગ્ય સ્પષ્ટતાઓ કરી માહિતીની નકલો અરજદારને પ્રમાણિત કર્યા વગર ફરી મોકલવામાં આવેલ છે. તેમ છતાં જો અરજદાર પુરી પાડવામાં આવેલ માહિતીની નકલો પ્રમાણિત કરી આપવા બાબતેનો આગ્રહ રાખતા હોય તો તેઓને સદર માહિતીની નકલો સાથે અત્રેની કચેરીએ રૂબરું ઉપસ્થીત રહી નકલો પ્રમાણિત કરાવી લેવા જણાવવા જોગ છે. |

આમ પ્રસ્તુત અરજીના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાઓની સંપુર્ણ અને યોગ્ય માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) તરફથી પુરી પાડવામાં આવેલ હોય, તેમજ અરજદાર પુરી પાડવામાં આવેલ માહિતીની નકલો પ્રમાણિત કરી આપવાનો આગ્રહ જો રાખતા હોય તો તેઓને સદર માહિતીની નકલો સાથે અત્રેની કચેરીએ રૂબરૂ ઉપસ્થીત રહી નકલો પ્રમાણિત કરાવી જવાનું આથી જણાવવા છે. આમ અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાળાની તા.૬/૨/૧૬ ની અરજી આઈ.ડી. નં.૧૦૦૫ (વેસ્ટ ઝોન) થી કુલ–૦૮ મુદ્દાઓની માહિતી માંગેલ. જે બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારીએ તેઓના તા.૨/૩/૧૬ના પત્ર નં.જીએડી/ ઇએસટી/૬૭૩૧ થી લાગત મુદ્દાઓની પુર્તતા કરી તથા લાગત માહિતીની નકલો મેળવવા પત્ર નં.જીએડી/ઈએસટી/૬૭૩૩ તા.૨/૩/૧૬ થી રૂા.૨૮૪/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા વેસ્ટ ઝોન ખાતે રૂા.૨૮૪/– નકલ ફીના નાણાં તા.૨૧/૩/૧૬ ના રોજ રસીદ નં.૨૦૦/૯૧ થી વેસ્ટ ઝોન ખાતે ભરપાઈ કરતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ)ના તા.૨૩/૩/૧૬ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૭૨૪૦ થી સદર નકલો પુરી પાડવામાં આવેલ જે યથાયોગ્ય અને ઉચિત જણાય છે તેમજ અરજદાર પુરી પાડવામાં આવેલ માહિતીની નકલો પ્રમાણિત કરી આપવાનો આગ્રહ જો રાખતા હોય તો તેઓને સદર માહિતીની નકલો સાથે અત્રેની કચેરીએ રૂબરૂ ઉપસ્થીત રહી નકલો પ્રમાણિત કરાવી જવાનું આથી જણાવવામાં આવે છે. તે સિવાય અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં– ૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૩૯૧
તા.૨૨/૦૪/૨૦૧૬

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના :** શ્રીપિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાળા પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૦૨/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી સંજય આર.પાઠક

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી સંજય આર.પાઠકની તા.૧૫/૧/૧૬ની અરજી આઈ.ડી. નં.૨૪૮૬ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૧/૩/૧૬ ની અપીલ અરજી નં. No.SMC/GAD/ FAP/02/16-17

અરજદાર શ્રી સંજય આર.પાઠકએ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૨૪૮૬ તા.૧૫/૦૧/૧૬ થી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગેલ. જે મધ્યસ્થ મહેકમ પેન્શન વિભાગને લાગત મુદ્દા નં.૧૦ ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (પેન્શન) ધ્વારા સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ઇએસટી/પી/૨૪૭૫ તા.૦૪/૦૨/૧૬ થી નમુના–ગ માં પુર્તતા/જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદાર ધ્વારા અપીલ તબકકે "જાહેર માહિતી અધિકારીશ્રીએ અધુરી અને અસંતોષકારક માહિતી આપેલ છે, જેથી સદર બાબતે ફરીથી રેકર્ડ આધારીત માહિતી ચકાસણી કરી આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરશો" તેમ જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી સંજય આર.પાઠકએ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૨૪૮૬ તા.૧૫/૦૧/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (પેન્શન) ધ્વારા સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ ઇએસટી/પી/૨૪૭૫ તા.૦૪/૦૨/૧૬થી નમુના–ગ માં "એડીશનલ સીટી ઈજનેર શ્રી ભરત શાહની પેન્શન ગ્રેજયુઈટી ફાઈલ અત્રેના વિભાગમાં આવેલ ન હોય, જેથી માહિતી આપી શકાય તેમ નથી, જે જાણશો" મુજબનો જવાબ/પુર્તતા આર.પી. એ.ડી. થી કરવામાં આવેલ છે. સદર કરવામાં આવેલ જવાબ/પુર્તતા સંદર્ભમાં હાલમાં પણ એડીશનલ સીટી ઈજનેર શ્રી ભરત શાહની પેન્શન ગ્રેજયુઈટી અંગેની ફાઈલ પેન્શન વિભાગમાં મળેલ ન હોય, તેઓને હાલ પર્યન્ત નિવૃતિના લાભો પુરા પાડવામાં આવી રહયા ન હોય, જેથી અરજદારને પાઠવવામાં આવેલ જવાબ/પુર્તતા યોગ્ય જણાતુ હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, ઉપરોકત અપીલ અરજીનો નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સંજય આર.પાઠકએ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૨૪૮૬ તા.૧૫/૦૧/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (પેન્શન) ધ્વારા સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ઇએસટી/પી/૨૪૭૫ તા.૦૪/૦૨/૧૬થી નમુના–ગ માં "એડીશનલ સીટી ઈજનેર શ્રી ભરત શાહની પેન્શન ગ્રેજયુઈટી ફાઈલ અત્રેના વિભાગમાં આવેલ ન હોય, જેથી માહિતી આપી શકાય તેમ નથી" મુજબનો જવાબ/પુર્તતા આર.પી.એ.ડી.થી પાઠવવામાં આવેલ છે. સદર કરવામાં આવેલ જવાબ/પુર્તતા સંદર્ભમાં ચકાસણી કરતા હાલમાં પણ એડીશનલ સીટી ઈજનેર શ્રી ભરત શાહની પેન્શન ગ્રેજયુઈટી અંગેની ફાઈલ પેન્શન વિભાગમાં મળેલ ન હોય, તેઓને હાલ પર્યન્ત નિવૃતિના લાભો પુરા પાડવામાં આવી રહયા ન હોય, જેથી અરજદારને કરવામાં આવેલ જવાબ/પુર્તતા યોગ્ય જણાતુ હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, ઉપરોકત અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં– ૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૩૯૨
તા.૨૨/૦૪/૨૦૧૬

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ**જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ**શ્રી સંજય આર.પાઠક,સુરત પ્રતિ... જાણ માટે

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૦૩/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી કિશોરભાઈ વિશ્રામભાઈ મહીડા

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી કિશોરભાઈ વિશ્રામભાઈ મહીડાની તા.૩/૨/૧૬ ની મુળ અરજી આઈ.ડી. નં.૧૫૨૯ (ઈસ્ટ ઝોન) ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧/૪/૧૬ ની અપીલ અરજી નં. No.SMC/GAD/FAP/03/16-17

અરજદાર શ્રી કિશોરભાઈ વિશ્રામભાઈ મહીડાએ તા.૩/૨/૧૬ ની મુળ અરજી આઈ.ડી. નં.૧૫૨૯ (ઈસ્ટ ઝોન) થી "વર્ષ–૨૦૧૦ થી ૨૦૧૫ સુધી ખાતા મારફત આસી.કમિશનર, પી.ઓ., સેકશન ઓફિસરની લેવાયેલ પરીક્ષાના આધારે નોટીસ પર પ્રસિઘ્ધ કરેલ સ્ટાફ સિલેકશન સમીતીનો રીપોર્ટની નકલ તથા ઉમેદવારના ઓ.એમ.આર. શીટની નકલ તથા ઉમેદવારને મળેલ માર્ક વત્તા સ્ટાફ સીલેકશન સમીતીએ મુકેલ માર્કની કોપી આપવા બાબત" ની માહિતીની માંગણી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ઘ્વારા મઘ્યસ્થ મહેકમ વિભાગને લાગત આંશિક માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/૬૪૭૨ તા.૧૯/૨/૧૬થી પુર્તતા તથા માંગેલ માહિતીની લાગત નકલો મેળવવા માટે નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૪૭૩ તા.૧૯/૨/૧૬થી નકલ ફી રૂા.૧૬/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પત્ર અનુસંધાને અરજદારે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે નકલ ફી રૂા.૧૬/– રસીદ નં.૨૧૯૬૬૯ તા.૧૬/૩/૧૬થી ભરપાઈ કરતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ)એ તા.૧૮/૩/૧૬ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૭૧૦૭ થી અરજદારે માંગેલ માહિતી પૈકી લાગત આસી.કમિશનર, પી.ઓ., સેકશન ઓફિસરની જગ્યાની સ્ટાફ સિલેકશન સમીતીનો રીપોર્ટ/ખડી સમિતીના ઠરાવની નકલો (પાના નંગ–૮) નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ.

અરજદારે અપીલમાં રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઇએસટી/આર/૧૫૧૮ તા.૨/૩/૧૬ થી પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે અપીલ અરજી કરેલ હોવાનું જણાય છે. જે બાબત ઘ્યાને લેતા અરજદારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) ઘ્વારા તા.૧૮/૩/૧૬ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૭૧૦૭ થી પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે અપીલ તબકકે કોઈ ફરિયાદ/તકરાર ઉપસ્થિત કરેલ હોવાનું જણાતુ નથી. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી કિશોરભાઈ વિશ્રામભાઈ મહીડાએ તેઓની મુળ અરજી નં.૧૫૨૯ (ઈસ્ટ ઝોન) તા.૩/૨/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ)એ તા.૧૮/૩/૧૬ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૭૧૦૭ થી અરજદારે માંગેલ માહિતી પૈકી લાગત આસી.કમિશનર, પી.ઓ., સેકશન ઓફિસરની જગ્યાની સ્ટાફ સિલેકશન સમીતીનો રીપોર્ટ/ખડી સમિતીના ઠરાવની નકલો નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. અરજદાર ઘ્વારા રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઇએસટી/આર/૧૫૧૮ તા.૨/૩/૧૬ થી પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે અપીલ અરજી કરેલ હોવાનું જણાય છે. જે બાબત ઘ્યાને લેતા અરજદારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) ઘ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી બાબતે અપીલ તબકકે કોઈ ફરિયાદ/ તકરાર ઉપસ્થિત કરેલ હોવાનું જણાતુ નથી. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવામાં આવે છે.

આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં– ૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૬૩૫
તા.૩૦/૦૪/૨૦૧૬

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી કિશોરભાઈ વિશ્રામભાઈ મહીડા પ્રતિ... જાણ માટે

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૦૪/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**ફરીયાદની હકીક્ત :–**

**વિષયઃ–** અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૬/૩/૧૬ ની મુળ અરજી આઈ.ડી. નં.૩૦૬૧ (સેન્ટ્રલ ઝોન) ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૯/૪/૧૬ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/04/16-17

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૬/૩/૧૬ની મુળ અરજી આઈ.ડી. નં.૩૦૬૧ (સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર)એક્ઝીક્યુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન ના.સુ.કેન્દ્ર) ધ્વારા પત્ર નં.સીસીસી/ સીઝેડ/ આરટીઆઈ/૧૮૧૪ તા.૧૯/૦૩/૧૬ થી સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ, રીક્રુટમેન્ટ વિભાગ તથા બ્રીજ સેલ વિભાગને તબદીલ કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૨૩/૩/૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) વિભાગ તરફથી લાગત મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૦૩ તા.૧૨/૪/૧૬ (પત્ર તા.૧૨/૦૪/૧૬ના રોજ સપ્લાય થયેલ છે પરંતુ ભુલથી પત્રમાં તા.૧૬/૦૪/૧૬ લખાઈ ગયેલ છે.) થી પુર્તતા કરી તથા લાગત માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ માં પત્ર નં.જીએડી/ઈએસટી /૨૦૩(૧) તા.૧૨/૦૪/૧૬ થી નકલ ફી રૂા.૨૬/– ભરપાઈ કરવા જાણ કરેલ. જેના અનુસંધાનમાં અરજદાર ધ્વારા સાઉથ વેસ્ટ ઝોન ખાતે આવેલ સીટી સીવીક સેન્ટરમાં તા.૧૯/૪/૧૬ ના રોજ રસીદ નં.૭૦૦/૫૦ થી નકલ ફી રૂા.૨૬/– ભરપાઈ કરેલ છે. જે અંગેની જાણ સેકશન ઓફીસર, સાઉથ વેસ્ટ ઝોન, આર.ટી.આઈ. સેલ ધ્વારા તેઓના પત્ર નં.સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૯ તા.૨૫/૦૪/૧૬થી મધ્યસ્થ મહેકમ વિભાગમાં કરવામાં આવેલ. જે પત્ર મધ્યસ્થ મહેકમ વિભાગમાં તા.૨૬/૪/૧૬ના રોજ પ્રાપ્ત થતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ)ના પત્ર <u>નં.જીએડી/ઇએસટી/૫૭૩ તા.૨૭/૪/૧૬થી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના લાગત મુદ્દાઓની માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ છે.</u>

અરજદાર ધ્વારા તા.૨૯/૪/૧૬થી અપીલ અરજીથી અપીલ તબકકે "સદર કચેરીના જા.મા. અધિકારીએ અમોએ માંગ્યા મુજબની માહીતી પુરી પાડેલી નથી, તેમજ કુલ મુદ્દા નં.૧ થી ૮ પૈકી બે મુદ્દાઓની માહીતી પુરી પાડવા રૂા.૨૬/– ભરવા જણાવેલ જે અમોએ સામેલ રસીદથી ભરેલ હોવા છતાં તે માહીતી પણ પુરી પાડેલ નથી તેમ અમોએ માંગેલ સંપુર્ણ માહીતી મુદ્દા નં.૧ થી ૮ જાણી જોઈ ઈરાદા પુર્વક છુપાવી હોવાનાં કારણો" જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટએ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૩૦૬૧ તા.૧૬/૩/૧૬ થી માંગેલ માહિતી સંદર્ભે સાઉથ વેસ્ટ ઝોનમાં તા.૧૯/૪/૧૬ ના રોજ રસીદ નં.૭૦૦/૫૦ થી નકલ ફી રૂા.૨૬/– ભરપાઈ કરવામાં આવેલ, જે બાબતની જાણ સાઉથ વેસ્ટ ઝોન ધ્વારા તેઓના પત્ર નં.સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ /આ.નં.૧૨૯ તા.૨૫/૦૪/૧૬ થી મધ્યસ્થ મહેકમ વિભાગમાં કરવામાં આવેલ. જે પત્ર તા.૨૬/૪/૧૬ ના રોજ પ્રાપ્ત થતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં.જીએડી/ઇએસટી/૫૭૩ તા.૨૭/૪/૧૬થી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીની નકલો ત્વરીત સમયમર્યાદામાં પુરી પાડી દેવામાં આવેલ છે. જે માહિતીની નકલો અરજદારને મળે તે પહેલા જ તેઓ ધ્વારા તા.૨૯/૪/૧૬ ના રોજ અપીલ દાખલ કરી દેવામાં આવેલ છે. આમ, તેઓ તરફથી માંગ્યા મુજબની માહિતીના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા બાબતે જરુરી પુર્તતા તથા માહિતીની નકલો સમય મર્યાદામાં ઉકત એકટની જોગવાઈ મુજબ પુરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ હોય તે દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ કમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટએ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૩૦૬૧ તા.૧૬/૩/૧૬ થી માંગેલ માહિતી સંદર્ભે સાઉથ વેસ્ટ ઝોનમાં તા.૧૯/૪/૧૬ ના રોજ રસીદ નં.૭૦૦/૫૦ થી નકલ ફી રૂા.૨૬/– ભરપાઈ કરવામાં આવેલ, જે બાબતની જાણ સાઉથ વેસ્ટ ઝોન ધ્વારા તેઓના પત્ર નં.સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ /આ.નં.૧૨૯ તા.૨૫/૦૪/૧૬ થી મધ્યસ્થ મહેકમ વિભાગમાં કરવામાં આવેલ. જે પત્ર તા.૨૬/૪/૧૬ ના રોજ પ્રાપ્ત થતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં.જીએડી/ઇએસટી/૫૭૩ તા.૨૭/૪/૧૬થી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીની નકલો ત્વરીત સમયમર્યાદામાં પુરી પાડી દેવામાં આવેલ છે. જે માહિતીની નકલો અરજદારને મળે તે પહેલા જ તેઓ ધ્વારા તા.૨૯/૪/૧૬ ના રોજ અપીલ દાખલ કરી દેવામાં આવેલ છે. આમ, તેઓ તરફથી માંગ્યા મુજબની માહિતીના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા બાબતે જરુરી પુર્તતા તથા માહિતીની નકલો સમય મર્યાદામાં ઉકત એકટની જોગવાઈ મુજબ પુરી પાડવામાં આવેલ હોય, આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, આમ, ઉપરોકત અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં– ૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૧૧૦૩
તા.૨૩/૦૫/૨૦૧૬

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ, પ્રતિ... જાણ માટે

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૦૫/૧૫–૧૬**

**અરજદાર :** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૯/૦૪/૧૬ ની અરજી આઈ.ડી. નં.૪૪ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૭/૦૫/૧૫ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/05/15-16.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારએ તા.૧૯/૪/૧૬ની મુળ અરજી આઈ.ડી. નં.૪૦(મધ્યસ્થ કચેરી) થી "એસ.એમ.સી.ના વિવિધ સાત ઝોનોમાં મેન–વુમન પાવર પુરા પાડનારા કોન્ટ્રાકટરોની માહિતી" સબંધી મુદ્દા નં.૧ થી મુદ્દા નં.૫ થી માહિતીની માંગણી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ની માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૯૨૯ તા.૧૭/૫/૧૬ થી જરૂરી પુર્તતા કરી કોમ્પ્યુટર ઓપરેટરો પુરા પાડવા સબંધી સ્થાયી સમિતીના ઠરાવ નં.૧૯૦૧/૧૫ તા.૨૩/૭/૧૫ ની નકલ તથા કોન્ટ્રાકટરોના નામ, સરનામા, મોબાઈલ નંબરો સહિતની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા તા.૧૭/૫/૧૬ ની અપીલ અરજીમાં અપીલ તબકકે "એકાઉન્ટ વિભાગ ધ્વારા પુરી પાડેલ માહિતી તથા સાત ઝોનના જાહેર માહિતી અધિકારીએ માહિતી ન આપવાથી તેમજ સેક્રેટરીશ્રી અને ઓડીટરશ્રી, મધ્યસ્થ કચેરી પાસે દાદ માંગી છે." તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા અપીલ અરજીમાં એકાઉન્ટ વિભાગ ધ્વારા પુરી પાડેલ માહિતી તથા સાત ઝોનના જાહેર માહિતી અધિકારીએ માહિતી ન આપવાથી તેમજ સેક્રેટરીશ્રી અને ઓડીટરશ્રી, મધ્યસ્થ કચેરી પાસે દાદ માંગી હોવાનુ જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) ધ્વારા તા.૧૭/૫/૧૬ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૨૯ થી જરૂરી પુર્તતા સહિત કોમ્પ્યુટર ઓપરેટરો પુરા પાડવા સબંધી સ્થાયી સમિતીના ઠરાવ નં.૧૯૦૧/૧૫ તા.૨૩/૭/૧૫ ની નકલ તથા કોન્ટ્રાકટરોના નામ, સરનામા, મોબાઈલ નંબરો સહિતની માહિતી પુરી પાડવામાં આવેલ હોય, અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) સામે કોઈ ફરિયાદ/તકરાર ઉપસ્થિત કરેલ હોવાનું જણાતુ નથી. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ધ્વારા અપીલ અરજીમાં એકાઉન્ટ વિભાગ ધ્વારા પુરી પાડેલ માહિતી તથા સાત ઝોનના જાહેર માહિતી અધિકારીએ માહિતી ન આપવાથી તેમજ સેક્રેટરીશ્રી અને ઓડીટરશ્રી, મધ્યસ્થ કચેરી પાસે દાદ માંગી હોવાનુ જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) ધ્વારા તા.૧૭/૫/૧૬ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૯૨૯ થી જરૂરી પુર્તતા સહિત કોમ્પ્યુટર ઓપરેટરો પુરા પાડવા સબંધી સ્થાયી સમિતીના ઠરાવ નં.૧૯૦૧/૧૫ તા.૨૩/૭/૧૫ ની નકલ તથા કોન્ટ્રાકટરોના નામ, સરનામા, મોબાઈલ નંબરો સહિતની માહિતી પુરી પાડવામાં આવેલ હોય, અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(મહેકમ) સામે કોઈ ફરિયાદ/તકરાર ઉપસ્થિત કરેલ હોવાનું જણાતુ નથી. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવામાં આવે છે. આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૧૪૮૧
તા.૬/૬/૨૦૧૬

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, સુરત–૩ પ્રતિ..જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૦૬/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી કરશનભાઈ ફકીરભાઈ પટેલ

**સામાવાળા :** સેક્શન ઓફિસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી કરશનભાઈ ફકીરભાઈ પટેલ ની તા.૦૪/૦૪/૧૬ ની અરજી આઈ.ડી. નં.૨૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૩૦/૦૫/૧૫ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/06/16-17.

અરજદાર શ્રી કરશનભાઈ ફકીરભાઈ પટેલએ તા.૪/૪/૧૬ની મુળ અરજી આઈ.ડી. નં.૨૫ (સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર)થી શાસનાધિકારી શ્રી હિતેષ જે. માખેજા વિશે મુદ્દા નં.૧ થી મુદ્દા નં.૧૧ ની માહિતીની માંગણી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧,૨, ૪ થી ૧૧ ની માહિતી, નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૩૦ તા.૨૯/૪/૧૬ થી જરૂરી પુર્તતા કરી સબંધીત મુદ્દાઓની લાગત માહિતીની નકલો અરજદાર જો મેળવવા માંગતા હોય તો નિયત નમુના–ખ નં.જીએડી/ઈએસટી/૬૩૧ તા.૨૯/૪/૧૬ સામેલ કરી નકલ ફી રૂા.૨૬/– ભરપાઈ કરવા જણાવવામાં આવેલ. જે પત્ર મુજબ અરજદારે સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૪૮૪૮૭૬ તા.૧૧/૫/૧૬ થી નકલ ફી ભરપાઈ કરતા જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૭૫૪ તા.૧૧/૫/૧૬થી લાગત માહિતીની નકલો નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર શ્રી કરશનભાઈ ફકીરભાઈ પટેલની તા.૩૦/૫/૧૬ની પ્રથમ અપીલ અરજીમાં અપીલ માટેના કારણોમાં "(૧) આઈ.ડી. નં.૨૫ તા.૪/૪/૧૬ના મુદ્દા નં.૧૦–૧૧ ના નિર્ણથી નારાજ હોવાથી –મારી જાણમાં છે કે માંગેલ માહિતીના સમયગાળા દરમ્યાન ગત શિક્ષણ સમિતિના સદસ્યો તથા અન્ય નાગરીકો ધ્વારા શાસનાધિકારીશ્રી માખેજા સામે મ્યુ. કમિશ્નરશ્રીને અરજીઓ થયેલ છે. –મારા ધ્વારા પણ તા.૧૯/૧૧/૧૫ આશ્રિતોની ભરતી કૌભાંડની તપાસ માટે તથા તા.૨/૨/૧૬ રીમાઈન્ડર–૧ તા.૧૦/૩/૧૬ રીમાઈન્ડર–૨ તથા બદલી કૌભાંડ અંગે તા.૩૦/૧૨/૧૫ અને તા.૪/૪/૧૬ ના રીમાઈન્ડર–૧ મધ્યસ્થ કચેરીમાં આવેલ છે જે અરજીના અનુસંધાને માંગ્યા મુજબની વિગત (મુદ્દા નં.૧૦–૧૧) આપવા વિનંતી તથા (૨) જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાની તા.૧૧/૫/૧૬ના રોજ રૂબરૂ અને તા.૧૯/૫/૧૬ ના રોજ લેખિત માંગણી કરવા છતાં આજદિન સુધી માહિતી કે જવાબ આપવામાં આવ્યો નથી" તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે.

ઉપરોક્ત વિગતે અરજદારની ઉકત અપીલ અરજીમાં મુખ્યત્વે મુળ આઈ.ડી.નં.૨૫ ના મુદ્દા નં.૧૦ માં "તેઓ હાજર થયા ત્યારથી અત્યાર સુધીમાં તેમની સામે કોઈ ફરિયાદ થયેલ છે? કોણે કરી છે? અને કઈ બાબતે? ગત શિક્ષણ સમિતિના સભ્યોશ્રીએ કોઈ ફરિયાદ કરી છે? તેમના નામ અને કઈ બાબતે (ફરિયાદ લેખિત કે મૌખિક) તથા મુદ્દા નં.૧૧ માં ફરિયાદ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે? શું પરિણામ કે ઉકેલ આવ્યો છે? ફરિયાદ મુજબ અલગ અલગ વિગત આપવી" તેમ જણાવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ ઇએસટી/૬૩૦ તા.૨૯/૪/૧૬ થી મુદ્દા નં.૧૦ તથા ૧૧ (અંશતઃ) ની પુરી પાડવામાં આવેલ માહિતીની પુર્તતામાં જણાવેલ છે કે "શ્રી હિતેષ જે. માખેજાને શાસનાધિકારી તરીકે નિમણુંક થયા બાદ મધ્યસ્થ મહેકમ વિભાગની કચેરીને આજદિન સુધી કોઈ ફરિયાદ અરજી પ્રાપ્ત થયેલ નહી હોય, માંગ્યા મુજબની અત્રેના વિભાગની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. જે યોગ્ય જણાય છે. કારણકે જાહેર માહિતી અધિકારી(મહેકમ) ધ્વારા અરજદારની અપીલ તબકકેની રજુઆત બાબતે ફેરચકાસણી કરતા પણ અરજદાર ધ્વારા કે અન્યો ધ્વારા શ્રી માખીજા વિરૃધ્ધ કરવામાં આવેલ અરજીઓ અત્રેની કચેરીને આજદિન સુધી મળેલ હોવાનું જણાતુ નથી. તથા અપીલના મુદ્દા નં.૨ ની માહિતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને લાગત હોવાથી આ.નં.જીએડી/ઇએસટી/૧૪૫૪ તા.૬/૬/૧૬થી સદર વિભાગને પણ અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસર (મહેકમ) ધ્વારા અરજદારની મુળ આઈ.ડી. નં.૨૫ તા.૪/૪/૧૬ બાબતે કરવામાં આવેલ કાર્યવાહી તથા પુરી પડાયેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવા જોગ જણાય છે.

**–ઃ હુકમ ઃ–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી કરશનભાઈ ફકીરભાઈ પટેલની આઈ.ડી.નં.૨૫ ની અત્રેના વિભાગને લાગત મુદ્દાની પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧૦ તથા મુદ્દા નં.૧૧ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૬૩૦ તા.૨૯/૪/૧૬ થી "શ્રી હિતેષ જે. માખેજાને શાસનાધિકારી તરીકે નિમણુંક થયા બાદ મધ્યસ્થ મહેકમ વિભાગની કચેરીને આજદિન સુધી કોઈ ફરિયાદ અરજી પ્રાપ્ત થયેલ નહી હોય, માંગ્યા મુજબની અત્રેના વિભાગની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે" મુજબની પુર્તતા કરવામાં આવેલ છે જે યોગ્ય જણાય છે. કારણકે જાહેર માહિતી અધિકારી(મહેકમ) ધ્વારા અરજદારની અપીલ તબકકેની રજુઆત બાબતે ફેરચકાસણી કરતા પણ અરજદાર ધ્વારા કે અન્યો ધ્વારા શ્રી માખીજા વિરૃધ્ધ કરવામાં આવેલ અરજીઓ અત્રેની કચેરીને આજદિન સુધી મળેલ હોવાનું જણાતુ નથી. આથી પ્રસ્તુત અપીલ અરજીના મુદ્દા નં.૧ બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી કોઈ જ કાર્યવાહી કરવાની કે માહિતી પુરી પાડવાની બાકી રહેતી હોવાનું જણાતુ નથી તથા અપીલના મુદ્દા નં.૨ નગર પ્રાથમિક શિક્ષણ સમિતીને લાગત હોવાથી અત્રેથી આ.નં.જીએડી/ ઇએસટી/ ૧૪૫૪ તા.૬/૬/૧૬થી સદર વિભાગને અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી અને સેક્શન ઓફિસર (મહેકમ) ધ્વારા અરજદારની મુળ આઈ.ડી. નં.૨૫ તા.૪/૪/૧૬ બાબતે કરવામાં આવેલ કાર્યવાહી તથા પુરી પડાયેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૧૭૨૫
તા.૧૭/૦૬/૨૦૧૬

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી કરશનભાઈ ફકીરભાઈ પટેલ,સુરત–૫ પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૦૭/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી અહેમદ એ.શેખ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી અહેમદ એ.શેખની તા.૧૩/૫/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૩૪૪ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૮/૬/૧૬ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/07/16-17

અરજદાર શ્રી અહેમદ એ.શેખએ તા.૧૩/૫/૧૬ની મુળ અરજી આઈ.ડી. નં.૩૪૪(સીટી સીવીક સેન્ટર સેન્ટ્રલ ઝોન) ધ્વારા નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૩૪૪ તા.૧૬/૫/૧૬ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી /૧૪૨૬ તા.૪/૬/૧૬ થી જરૂરી પુર્તતા કરી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે સબંધે અરજદાર ધ્વારા તા.૮/૬/૧૬ ની અપીલ અરજીમાં અપીલ તબકકે "આપવા જોગ થતી માહિતી આપવા માટે મના કરેલ છે. અમોએ માંગેલ માહિતી કલમ ૮(૧)(ઠ) હેઠળ આવતી નથી" તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી અહેમદ એ.શેખ ધ્વારા મુદ્દા નં.૧થી "દિવ્યેશ એમ.પટેલે મુળ અરજીમાં રજુ કરેલ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો, અનુભવના પ્રમાણપત્રો અને નોકરીમાં જોડાયા તે અગાઉ કયાં નોકરી કરતા હતા તેની વિગતો નોકરી છોડયાનુ કારણ" ની માહિતી માંગવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ નં.જીએડી/ઇએસટી/૧૪૨૬ તા.૪/૬/૧૬ થી "સુરત મ્યુની. કોર્પોરેશનમાં દિવ્યેશ એમ.પટેલ, આસી.ઈજનેરે તેઓની ભરતી સમયે રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, નોકરીમાં જોડાયા તે અગાઉ મજકુર કર્મચારી કયાં નોકરી કરતા હતા તેની વિગતો/અનુભવના પ્રમાણપત્રોની માહિતી જે તે કર્મચારીનો અંગત પ્રકારના ડોકયુમેન્ટ હોય, જે વિશ્વસનીય સંબધોને આધારે જે તે કર્મચારી પાસેથી તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય તેવા ડોકયુમેન્ટ ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું પણ જણાતુ ન હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ માંગ્યા મુજબની માહિતીની નકલ પુરી પાડવા જોગ નથી. તેના સમર્થનમાં નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ તેની નકલ તથા ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા રાજય આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવા પાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ તેની નકલ અવલોકનાર્થે પુરી પાડેલ છે તથા તે સિવાયની 'કર્મચારી મજકુર નોકરીમાં જોડાયા તે અગાઉ જે જગ્યાએ નોકરી કરતા હતા તે નોકરી છોડયાનુ કારણ માંગવામાં આવેલ' જેવી માહિતી અત્રેના વિભાગના રેકર્ડને લગતી હોવાનું જણાતુ નથી" તેવી પુર્તતા/માહિતી પુરી પાડવામાં આવેલ. જે યથા યોગ્ય જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોવાથી તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર અરજદાર શ્રી અહેમદ એ.શેખ ધ્વારા મુદ્દા નં.૧થી "દિવ્યેશ એમ.પટેલે મુળ અરજીમાં રજુ કરેલ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો, અનુભવના પ્રમાણપત્રો અને નોકરીમાં જોડાયા તે અગાઉ કયાં નોકરી કરતા હતા તેની વિગતો નોકરી છોડયાનુ કારણ" ની માહિતી માંગવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ નં.જીએડી/ઇએસટી/૧૪૨૬ તા.૪/૬/૧૬ થી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ માંગ્યા મુજબની માહિતીની નકલ પુરી પાડવા જોગ નથી. તેના સમર્થનમાં નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશનમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ તેની નકલ તથા ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા રાજય આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવા પાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ તેની નકલ અવલોકનાર્થે પુરી પાડેલ છે તથા કર્મચારી મજકુર નોકરીમાં જોડાયા તે અગાઉ જે જગ્યાએ નોકરી કરતા હતા તે નોકરી છોડયાનુ કારણ માંગવામાં આવેલ જેવી માહિતી અત્રેના વિભાગના રેકર્ડને લગતી હોવાનું જણાતુ નથી, તેવી પુર્તતા/માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૨૧૦૩
તા.૦૨/૦૭/૨૦૧૬

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી અહેમદ એ.શેખ, પ્રતિ..જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૦૮/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી અજય એ.જાંગીડ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ).

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદારશ્રી અજય એ.જાંગીડની તા.૨૬/૨/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૨૮૫૩ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૭/૬/૧૬ ની અપીલ અરજી નં. No.SMC/GAD/FAP/08/16-17

અરજદાર શ્રી અજય એ.જાંગીડએ તા.૨૬/૦૨/૨૦૧૬ ની મુળ અરજી આઈ.ડી. નં.૨૮૫૩ સીટી સીવીક સેન્ટર સેન્ટ્રલ ઝોન ધ્વારા નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૧૬૦૪ તા.૧/૩/૧૬ થી જાહેર માહિતી અધિકારીશ્રી સ્મીમેર, આઈ.એસ.ડી., મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ વિભાગ) તથા મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરતા, તે અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૩/૩/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ. તે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૭૧૭૮ તા.૨૧/૩/૧૬ થી લાગત અંશતઃ લાગત મુદ્દા નં.૭ "Please provid me the names, designation and date for who was recruited, pramoted/contract renew સદર ગાઈડ લાઈન્સ મળ્યા અને જુલાઈ ૨૦૧૫ પછી સ્મીમેરમાં કરવામાં આવેલ બઢતી અને ભરતી અથવા કરાર તાજુ કરવામાં આવ્યુ હોય તેવા કર્મચારીઓનું નામ અને હોદ્દો અને ભરતી/કરાર નવીનીકરણની તારીખ આપશો" બાબતે જરૂરી પુર્તતા કરી, પ્રસ્તુત માંગવામાં આવેલ મુદ્દાની વિગતે જુલાઈ ૨૦૧૫ પછી સ્મીમેરમાં કરવામાં આવેલ બઢતી/ભરતી અંગેના કચેરી હુકમની નકલ (પાના નંગ–૭) મેળવવા પત્ર નમુનો–ખ નં.જીએડી/ઈએસટી/૭૧૭૯ તા.૨૧/૦૩/૨૦૧૬ થી નકલ ફી રૂા.૧૪/– ભરપાઈ કરવા જણાવતા અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે નકલ ફી રૂા.૧૪/– રસીદ નં.૨૨૧૨૯૮ તા.૩૦/૩/૧૬થી ભરપાઈ કરેલ અને તે અંગેની જાણ તા.૩૦/૩/૧૬ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગને કરાતા ત્વરીત પત્ર નં.જીએડી/ઇએસટી/૦૨ તા.૧/૪/૧૬થી નકલો પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ધ્વારા તા.૭/૬/૧૬ ના રોજ અપીલ દાખલ કરી અપીલ તબકકે "PIO failed to supply asked Complete information within time limit. PIO has to provide information within 30 days of time limit under RTI Act, 2005, So now provide me all data free of cost and issue warning letter to PIO to obey RTI Act 2005" તેમ જણાવેલ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી અજય એ.જાંગીડની મુળ અરજી આઈ.ડી.નં.૨૮૫૩ તા.૨૬/૨/૧૬ થી માંગેલ માહિતી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદા નં.૭ ની માહિતી બાબતે પત્ર નં.જીએડી/ઇએસટી/૭૧૭૮ તા.૨૧/૩/૧૬ થી જરૂરી પુર્તતા કરી, નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ ઇએસટી/૭૧૭૯ તા.૨૧/૩/૧૬ થી નકલ ફી રૂા.૧૪/– ભરપાઈ કરવા જણાવતા જે બાબતે અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે નકલ ફી રૂા.૧૪/– રસીદ નં.૨૨૧૨૯૮ તા.૩૦/૩/૧૬ થી ભરપાઈ કરેલ અને તે અંગેની જાણ તા.૩૦/૩/૧૬ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગ કરાતા ત્વરીત સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ઇએસટી/૦૨ તા.૧/૪/૧૬થી માહિતીની નકલો પુરી પુરી પાડવામાં આવેલ છે. આમ, મજકુર અરજદારને તેઓની ઉક્ત અરજીના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દા નં.૭ ની માહિતીની નકલ નિયમાનુંસાર સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે અત્રેના વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર અરજદાર અરજદાર શ્રી અજય એ.જાંગીડની મુળ અરજી આઈ.ડી.નં.૨૮૫૩ તા.૨૬/૨/૧૬ થી માંગેલ માહિતી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદા નં.૭ ની માહિતી બાબતે પત્ર નં.જીએડી/ઇએસટી/૭૧૭૮ તા.૨૧/૩/૧૬ થી જરૂરી પુર્તતા કરી, નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ ઇએસટી/૭૧૭૯ તા.૨૧/૩/૧૬ થી નકલ ફી રૂા.૧૪/– ભરપાઈ કરવા જણાવતા જે બાબતે અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે નકલ ફી રૂા.૧૪/– રસીદ નં.૨૨૧૨૯૮ તા.૩૦/૩/૧૬ થી ભરપાઈ કરેલ અને તે અંગેની જાણ તા.૩૦/૩/૧૬ના રોજ મધ્યસ્થ મહેકમ વિભાગ કરાતા ત્વરીત સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ઇએસટી/૦૨ તા.૧/૪/૧૬થી માહિતીની નકલો પુરી પુરી પાડવામાં આવેલ છે. આમ, મજકુર અરજદારને તેઓની ઉક્ત અરજીના મધ્યસ્થ મહેકમ વિભાગને અંશતઃ લાગત મુદ્દા નં.૭ ની માહિતીની નકલ નિયમાનુંસાર સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અંગે અત્રેના વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૨૧૦૪
તા.૨/૭/૨૦૧૬

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી અજય એ.જાંગીડ, પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૦૯/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૦૪/૦૪/૧૬ ની અરજી આઈ.ડી. નં.૨૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૭/૦૬/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/09/16-17.

અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૧૦/૨/૧૬ની મુળ અરજી આઈ.ડી. નં.૬૧૨ના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૧ તથા ૨ ની જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૭૧૩ તા.૨/૩/૧૬ થી જરૂરી પુર્તતા કરી માહિતી પુરી પાડવામાં આવેલ છે તેમજ તેના સમર્થનમાં નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશનર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોક્ત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ તેની નકલ અવલોકનાર્થે પુરી પાડવામાં આવેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા તા.૭/૬/૧૬ ના રોજ <u>જુદા જુદા પ્રકારના અનેક કારણો દર્શાવી તથા સદર આર.ટી.આઈ. અરજીમાં જણાવાયેલ બાબતો કરતા અન્ય પ્રકરણો/દાખલાઓનો ઉલ્લેખ કરી અપીલ અરજી દાખલ કરેલ છે.</u>

પ્રસ્તુત વિગતે મજકુર અરજદારની તા.૧૦/૨/૧૬ની મુળ અરજી આઈ.ડી. નં.૬૧૨ ની અત્રેના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતા મુદ્દા નં.૧ તથા ૨ ની વિગત તથા તે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા કરવામાં આવેલ પુર્તતા નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | ગુજરાત રાજ્યમાં તમામ સરકારી કર્મચારીઓએ ગુજરાત રાજ્ય સેવા વર્તણુક નિયમો ૧૯૭૧ નુ અક્ષરશઃ પાલન કરવાનુ હોય છે. જાહેર હિતમાં વહિવટને પ્રજાભિમુખ, પારદર્શક, જવાબદેહી, ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા અંગેના કાયદા–નિયમો–પરિપત્રો જાહેર કરાયેલ છે. જેની નકલ આ સાથે પાછળ બીડેલ છે. તો આ સંદર્ભમાં આપના તાબા હેઠળની તમામ કચેરીઓ અને સુરત શહેર પોલીસ વિભાગની તમામ કચેરીઓ, પેટા કચેરીઓ અને પોલીસ સ્ટેશનોમાં ગીફ્ટ રજીસ્ટરમાં નિયત ફોર્મમાં નિયમીત જરૂરી માહિતી એકત્ર કરવાની હોય છે. આપની કચેરીમાં ઉપરોક્ત સંદર્ભે રખાતા રજીસ્ટર તા.૧/૧/૦૧૦ થી આજદિન સુધીના તમામ જાહેર સેવકોના મેળવાયેલ તમામ ફોર્મ જે નિયત સમય મર્યાદામાં દરેક સરકારી કચેરીમાં સંબધીતે જમા કરાવવાના હોય છે તે અંગેની તમામ પ્રમાણિત દસ્તાવેજી માહિતી. નવ નિયુક્ત કર્મચારીના પ્રથમ નિયુક્તિના અસ્કયામત ફોર્મ ભરેલા હોય તે અંગેની તમામ માહિતી. વધુમાં તાબાના તમામ જાહેર સેવકોના અસ્કયામત ફોર્મની માહિતી આ સાથે રજુ કરેલ ફોર્મ મુજબ આપવી. વધુમાં આપના તાબાના આપના સહિતના જે જાહેર સેવકોએ સાથે બીડેલ નિયમ પરિપત્ર કાયદા અન્વયેના ધોરણ કિંમત રકમ કરતા વધુ ખરીદી–વિનિમય– વહેવાર– સોદા–ગીફ્ટ–રોકડ કે વસ્તુ સ્વરૂપે મેળવેલ હોય તેની સંપુર્ણ વિગતો સંબધીત તમામ જાહેર સેવકો/કર્મચારીઓના પુરા નામ–સરનામા, હોદ્દો, વતનનું અને હાલનું ઘરનું સરનામુ–ઘરમાંથી તેમના વર્ગ મુજબના ધોરણ કરતા વધુ કિંમતના ફોન, કિંમત કરતા વધુ રકમની ઘરવખરી, ઈલેક્ટ્રીકલ હઅને ઈલેક્ટ્રોનીક્સ મશીન અને સાધન, વાહન રાખેલ/વસાવેલ હોય, ખરીદેલ હોય તેની તમામ વિગતોની માહિતી. જેવી કે જે જગ્યાએથી સદરની ખરીદી કરવામાં આવેલ હોય તેના પાકા બીલની ઝેરોક્ષ, ચુકવણું રોકડમાં કરેલ કે ગીફ્ટ સ્વરૂપે મેળવેલ છે, જો ગીફ્ટ હોય તો આપનારનું નામ અને આપ્યાની તારીખ, ચુકવણાનો પુરાવો, પગારની કુલ રકમ, નાણાંકીય વહેવાર લોન રૂપે કે વસ્તુઓની સ્થિતિ વિશેની માહિતી. **નોંધ :–** ઉપરોક્ત માહિતીઓ જે તે કર્મચારીએ આજની સ્થિતીએ ક્રમાનુંસાર વર્ષવાર તેઓની પોતાની સહીથી પ્રમાણિત કરેલ આપવી. જે મળેથી અમો અથવા અમારા પ્રતિનિધી/કાર્યકરો દરેક અધિકારી/કર્મચારીને ઘરે નિયત સ્થળે જઈ ચકાસણી કરશે. તેમા જો ખોટી, અધુરી કે ગેરમાર્ગે દરનારી માહિતી જાહેર કરેલ હશે તો વિરુધ ફોજદારી કાનુની પગલા ભરાશે. તેથી માંગ્યા મુજબની માહિતી સોંગદનામા સાથેની આપવી. (ગીફ્ટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો) ઉપરોક્ત તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી. જેથી માગ્યા મુજબની માહિતી સોગદનામા સાથેની આપવી (ગીફ્ટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો) ઉપરોક્ત તમામ માહિતના દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી. |
| મુદ્દા નં.૨ | ઉપરોક્ત(૧)ના સંદર્ભ અન્વયે કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના તાબા હેઠળ આવતી તમામ સાત ઝોન ઓફીસો અને મુખ્ય વહીવટી કચેરીમાં ફરજ બજાવતા તમામ જુનીયર એન્જીનીયરો અને તેઓની સમકક્ષની કેડરમાં ફરજ બજાવતા અન્ય તમામ વિભાગના નોન ટેકનીકલ કર્મચારીઓ, ડેપ્યુટી એન્જીનીયરો અને તેઓની સમકક્ષની કેડરમાં ફરજ બજાવતા અન્ય તમામ વિભાગના નોન ટેકનીકલ કર્મચારીઓ તથા સરકારી નિયમાનુંસાર અધિકારી/કર્મચારી વર્ગ–૨ અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા તમામ વિભાગના તમામ ઉપરી અધિકારીઓ અન્વયેની માહિતી આપવી. સદર ઉપરોક્ત તમામના પુરા નામ અને સરનામા વિષેની માહિતી તેઓના ચુટણી ઓળખપત્ર મુજબની આપવી. |
| પુર્તતાઃ–<br>૧,૨ | સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) અત્રેના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિભાવવામાં આવે છે. રેકર્ડ પર ઉપલબ્ધ ઉપરોક્ત અધિકારી/કર્મચારીઓ ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય વિશ્વસનીય સંબધોને આધારે સબંધિત અધિકારી/કર્મચારીઓ પાસેથી ઉપલબ્ધ થયેલ હોય, તેમજ ઉક્ત માહિતી જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, તેમજ આવી માહિતી આપવાથી સંબંધીતના વ્યકતિગત/ અંગત જીવનમાં અનઅધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેલી હોય જેથી આર.ટી.આઈ. એક્ટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી.<br>આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોક્ત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ છે. જેની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે. વધુમાં અધિકારી/કર્મચારીઓની અન્ય માંગવામાં આવેલ માહિતીઓનો કોઈ રેકર્ડ કે રજીસ્ટરો નિભાવવામાં આવતા ન હોય, માંગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહી હોય, માહિતી "નીલ" છે. |

ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા, અરજદારની પ્રસ્તુત અરજી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા કરવામાં આવેલ પુર્તતા યોગ્ય જણાય છે. કારણકે સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) અત્રેના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિભાવવામાં આવે છે. જે સ્થાયી મિલ્કત સંબંધી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય વિશ્વસનીય સંબધોને આધારે સબંધિત અધિકારી/કર્મચારીઓ પાસેથી ઉપલબ્ધ થયેલ હોય, તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, તેમજ આવી માહિતી ત્રાહિત વ્યકિતને પુરી પાડવી ઉચીત જણાતુ ન હોય, તેમ કરવાથી સંબંધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનઅધિકૃત દખલ ઉભી થવાની પણ શકયતા નકારી શકાય તેમ નથી.

જેના સમર્થનમાં નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ –શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ. જેની નકલ અવલોકનાર્થે મજકુર અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવામાં આવેલ છે. ઉપરોકત મુજબ મિલ્કત સંબધીત માંગવામાં આવતી માહિતી આપવા બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટન ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ, તેને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અપીલ નં.૫૯૪૧/૧૪–૧૫ તથા ૫૯૪૨/૧૪–૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં કલમ ૮ હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતુ ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. આમ રાજય માહિતી આયોગ ધ્વારા પણ પ્રસ્તુત હકીકતને અનુમોદન આપેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. જે તમામ હુકમોની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. આમ અધિકારી/કર્મચારીની મિલ્કત /અસ્કયામત સંબધીત માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી તેમજ તે અંતર્ગત તેવી માહિતી નહી પુરી પાડવાનો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યોગ્ય જણાય છે.

તદઉપરાંત અરજદાર ધ્વારા મુદૃા નં.૧ થી મિલ્કત/અસ્કયામતની માહિતી ઉપરાંત જાહેર સેવકોએ સાથે બીડેલ નિયમ પરિપત્ર કાયદા અન્વયેના ધોરણ કિંમત રકમ કરતા વધુ ખરીદી–વિનિમય–વહેવાર–સોદા–ગીફટ–રોકડ કે વસ્તુ સ્વરૂપે મેળવેલ હોય તેની સંપુર્ણ વિગતો સંબધીત તમામ જાહેર સેવકો/ કર્મચારીઓના પુરા નામ–સરનામા, હોદૃો, વતનનું અને હાલનું ઘરનું સરનામુ–ઘરમાંથી તેમના વર્ગ મુજબના ધોરણ કરતા વધુ કિંમતના ફોન, કિંમત કરતા વધુ રકમની ઘરવખરી, ઈલેકટ્રીકલ અને ઈલેકટ્રોનીકસ મશીન અને સાધન, વાહન રાખેલ/વસાવેલ હોય, ખરીદેલ હોય તેની તમામ વિગતોની માહિતી જેવી કે જે જગ્યાએથી સદરની ખરીદી કરવામાં આવેલ હોય તેના પાકા બીલની ઝેરોક્ષ, ચુકવણું રોકડમાં કરેલ કે ગીફટ સ્વરૂપે મેળવેલ છે, જો ગીફટ હોય તો આપનારનું નામ અને આપ્યાની તારીખ, ચુકવણાનો પુરાવો, પગારની કુલ રકમ, નાણાંકીય વહેવાર લોન રૂપે કે વસ્તુઓની સ્થિતિ વિશેની માહિતી ધરાવતા ગીફટ રજીસ્ટરની માહિતી માંગેલ છે. <u>પરંતુ આ પ્રકારેનું ગીફટ રજીસ્ટર સુરત મહાનગરપાલિકામાં નિભાવવામાં આવતા ન હોય, તે સંજોગોમાં તેવી માંગ્યા મુજબની માહિતીનો રેકર્ડ ઉપલબ્ધ નહી હોય, માહિતી "નીલ" હોવાની જાહેર માહિતી અધિકારી ધ્વારા પુર્તતા કરવામાં આવેલ છે તે વ્યાજબી જણાય છે. કારણકે જે માહિતીનો રેકર્ડ નિભાવવામાં આવેલ નહી હોય, તેવી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડવી કોઈપણ રીતે શકય નથી.</u>

વધુમાં અરજદાર ધ્વારા તેમની અરજીમાં સદરહુ માહિતી મળ્યેથી **<u>"અમો અથવા અમારા પ્રતિનિધી/કાર્યકરો દરેક અધિકારી/કર્મચારીને ઘરે નિયત સ્થળે જઈ ચકાસણી કરશે. તેમા જો ખોટી, અધુરી કે ગેરમાર્ગે દોરનારી માહિતી જાહેર કરેલ હશે તો વિરુધ્ધ ફોજદારી કાનુની પગલા ભરાશે. તેથી માંગ્યા મુજબની માહિતી સોંગદનામા સાથેની આપવી"</u>** તે મુજબની આર.ટી.આઈ. અરજીમાં **<u>જાહેર માહિતી અધિકારીને ગર્ભીત ચીમકી/ધમકી આપી તેમજ અપીલ તબકકે અરજદાર ધ્વારા તેઓની આર.ટી.આઈ. અરજીમાં ઉલ્લેખીત બાબતો કરતા અન્ય પ્રકરણો/દાખલાઓનો ઉલ્લેખ કરી ખુબ જ વિશાળ પ્રકારની અપીલ અરજી કરી જાહેર માહિતી અધિકારીને બિનજરૂરી દબાણમાં લાવવાનો પણ અરજદાર ધ્વારા પ્રયાસ કરવામાં આવેલ હોવાનું પણ સ્પષ્ટ જણાય આવે છે.</u>**

વધુમાં આ પ્રકારની અતિશયોકિત ભરેલી Indiscriminate and impractical માંગવામાં આવતી માહિતી બાબતે ગુજરાત રાજય માહિતી કમિશ્નરશ્રી તરફથી એક અપીલ નં.૨૫૯૭– ૨૦૧૪ માં તા.૮/૯/૧૫ થી કરવામાં આવેલ હુકમમાં માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલ એક મહત્વના કેસ સીવીલ અપીલ નં.૬૪૫૪–૨૦૧૧ માં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા તા.૯/૮/૧૧ થી આપેલ ચુકાદો ટાંકેલ છે. તે નીચે પ્રમાણે છે, જે પણ પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી સંદર્ભે ધ્યાને લેવા જોગ છે. જેની નકલ પણ અવલોકનાર્થે આ સાથે સામેલ છે.

37. Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquility and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicatns instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing 'information furnishing', at the cost of their normal and regular duties."

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

આમ આર.ટી.આઈ. હેઠળ સદર એકટની જોગવાઈ અનુસાર રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી નિયમાનુંસાર આપવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી બને છે. તે જોગવાઈ તથા સુપ્રિમ કોર્ટનો ચુકાદાની હકીકત તથા રાજય માહિતી આયોગના ચુકાદા અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મહેકમ) ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તકના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતા ઉપરોક્ત મુદ્દા નં.૧ તથા ૨ બાબતે કરવામાં આવેલી પુર્તતા વ્યાજબી અને યોગ્ય જણાતી હોય તેમા હસ્તક્ષેપ કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતુ નહી હોય, પ્રસ્તુત મળેલ અપીલ અરજી દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવા જોગ છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૧૦/૨/૧૬ની મુળ અરજી આઈ.ડી. નં.૬૧૨ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૬૭૧૩ તા.૨/૩/૧૬ થી સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિભાવવામાં આવે છે. જે સ્થાયી મિલ્કત સંબંધી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય વિશ્વસનીય સંબધોને આધારે સબંધિત અધિકારી/કર્મચારીઓ પાસેથી ઉપલબ્ધ થયેલ હોય, તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, તેમજ આવી માહિતી ત્રાહિત વ્યકિતને પુરી પાડવી ઉચીત જણાતુ ન હોય, તેમ કરવાથી સંબંધીતના વ્યકતિગત/અંગત જીવનમાં અનઅધિકૃત દખલ ઉભી થવાની પણ શકયતા નકારી શકાય તેમ નથી. તેમ જણાવી પુર્તતા /માહિતી પુરી પાડવામાં આવેલ છે તેમજ તેના સમર્થનમાં નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોક્ત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ તેની નકલ અવલોકનાર્થે પુરી પાડવામાં આવેલ. તેમજ સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની અન્ય માંગવામાં આવેલ માહિતીઓનો કોઈ રેકર્ડ કે રજીસ્ટરો નિભાવવામાં આવતા ન હોય, માંગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહી હોય, માહિતી "નીલ" હોવા મુજબની જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ વિભાગ) ધ્વારા પુરી પાડવામાં આવેલ પુર્તતા/માહિતી યથા યોગ્ય જણાતી હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, તેમા હસ્તક્ષેપ કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતુ નહી હોય, દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૨૧૫૨
તા.૦૫/૦૭/૨૦૧૬

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ, પ્રતિ..જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૧૦/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી સોસા જીગીષ આર.

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી સોસા જીગીષ આર. ની તા.૨૬/૦૪/૧૬ ની અરજી આઈ.ડી. નં.૮૩ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૮/૦૬/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/10/16-17.

અરજદાર શ્રી સોસા જીગીષ આર.એ તેઓની મુળ અરજી તા.૨૬/૪/૧૬ના રોજ કરેલ આઈ.ડી.નં.૮૩ થી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૧૦૮૦ તા.૨૩/૫/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા સબંધીત મુદ્દાઓની માહિતીની નકલો મેળવવા ઈચ્છતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૮૧ તા.૨૩/૫/૧૬માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૩૬/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે અરજદાર તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. અપીલ તબકકે તેઓએ "માંગેલ માહિતીનો સમયગાળો–૩૦ દિવસ કરતાં વધુ થઈ ગયેલ હોવા છતાં આજદિન સુધી અમોને કોઈપણ જાતની સંપુર્ણ માહિતી આપવામાં આવેલ નથી જેથી અમો નાખુશ છે. અમે આ અમારી પ્રથમ અપીલ કરે છે. જેથી તમામ માહિતી જણાવ્યા મુજબ આપવામાં આવે જે વિનંતી છે" તેમ જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી સોસા જીગીષ આર.એ તેઓની મુળ અરજી તા.૨૬/૪/૧૬ આઈ.ડી.નં.૮૩ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી /૧૦૮૦ તા.૨૩/૫/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા સબંધીત મુદ્દાઓની માહિતીની નકલો મેળવવા ઈચ્છતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૮૧ તા.૨૩/૫/૧૬માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૩૬/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે મજકુર અરજદાર તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. જેથી અરજદારની અપીલ તબકકે કોઈપણ જાતની માહિતી આપવામાં આવેલ નથી તેમ જણાવેલ છે, જે હકીકત તદન ખોટી છે. મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કરવામાં આવેલ જવાબ/ પુર્તતા વ્યાજબી અને યોગ્ય જણાતી હોય, જેથી અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે. તેમછતાં અરજદાર જો ઈચ્છુક હોય તો ઉપરોકત પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૮૧ તા.૨૩/૫/૧૬માં જણાવ્યા મુજબની નકલ ફી આ હુકમ મળ્યાથી દિન–૧૦ માં ભરપાઈ કરી લાગત નકલો મેળવવા સ્વતંત્ર છે. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સોસા જીગીષ આર.એ તેઓની મુળ અરજી તા.૨૬/૪/૧૬ આઈ.ડી.નં.૮૩ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૧૦૮૦ તા.૨૩/૫/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા સબંધીત મુદ્દાઓની માહિતીની નકલો મેળવવા ઈચ્છતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૮૧ તા.૨૩/૫/૧૬માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૩૬/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે મજકુર અરજદાર તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. જેથી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કરવામાં આવેલ જવાબ/ પુર્તતા વ્યાજબી અને યોગ્ય જણાતી હોય, જેથી અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે. તેમછતાં અરજદાર જો ઈચ્છુક હોય તો ઉપરોકત પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૮૧ તા.૨૩/૫/૧૬માં જણાવ્યા મુજબની નકલ ફી આ હુકમ મળ્યાથી દિન–૧૦ માં ભરપાઈ કરી લાગત નકલો મેળવવા સ્વતંત્ર છે. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય અપીલનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં–૧૦–એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૨૩૫૬
તા.૧૫/૦૭/૨૦૧૬

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના :** શ્રી સોસા જીગીષ આર., પ્રતિ..જાણ માટે.

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૧૧/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી રાઠોડ કુલદીપ વી.

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી રાઠોડ કુલદીપ વી.ની તા.૧૪/૦૬/૧૬ ની અરજી આઈ.ડી. નં.૧૭૮ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૧/૦૭/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/11/16-17.

અરજદાર શ્રી રાઠોડ કુલદીપ વી.એ તા.૧૪/૬/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૮ (મધ્યસ્થ કચેરી) મધ્યસ્થ કચેરી ધ્વારા નં.સી/આરટીઆઈ/૧૭૮ તા.૧૭/૬/૧૬ થી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. જે અરજી સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૧૪૨ તા.૫/૭/૧૬ થી જરૂરી પુર્તતા કરી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે પુરી પાડવામાં આવેલ માહિતી સબબે અરજદાર ધ્વારા તા.૨૧/૭/૧૬ ની અપીલ અરજીમાં અપીલ તબકકે જણાવેલ છે કે "સબ ઓફીસર (ફાયર)ના પ્રમાણપત્રો વગેરેમાં કઈક ક્ષતી હશે જેને કારણે મને કાયદાની કલમો સુપ્રિમ કોર્ટના નિયમો તાકીને માહિતી પુરી પાડવામાં આવતી નથી. જે જાહેર માહિતી અધિકાર નિયમનો ભંગ છે." વિગેરે બાબતોનો ઉલ્લેખ કરી અપીલ દાખલ કરેલ છે.

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે, અરજદાર શ્રી રાઠોડ કુલદીપ વી. ધ્વારા ફાયર સબ ઓફીસરની ભરતી બાબતે મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતીની માંગણી કરવામાં આવેલ. જે અંતર્ગત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ નં.જીએડી/ઇએસટી/૨૧૪૨ તા.૫/૭/૧૬ થી મુદ્દા નં.૧ ની માહિતી પુરી પાડેલ છે તથા મુદ્દા નં.૨ ની માહિતીની પુર્તતામાં "સબ ઓફીસર (ફાયર) ભરતી સંદર્ભે અરજદાર તરફથી રજુ કરેલ ડોકયુમેન્ટ/અનુભવના સર્ટીફીકેટ/નાગપુર કોર્ષના સર્ટી વિગેરે જે તે કર્મચારીના અંગત પ્રકારના ડોકયુમેન્ટ હોય, જે વિશ્વસનીય સંબધોને આધારે જે તે કર્મચારી પાસેથી તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય, તેવા ડોકયુમેન્ટ ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું પણ જણાતુ ન હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડવા જોગ નથી. પ્રસ્તુત વિગતે નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨–શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ તેની નકલ તથા રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ તેની નકલ અવલોકનાર્થે અરજદારને પુરી પાડવામાં આવેલ છે. આમ, આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, નામ.સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદા તેમજ ગુજરાત રાજય માહિતી આયોગના મે.મુખ્ય માહિતી કમિશનરશ્રીના ઉકત હુકમની વિગતો ધ્યાને લેતા માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી" જે મુજબની હકીકત જણાવી પુર્તતા/જવાબ પાઠવવામાં આવેલ હોય અપીલ અરજી પરત્વે વિશેષ કાંઈ કરવાનું રહેતુ ન હોય તે અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી રાઠોડ કુલદીપ વી. ધ્વારા ફાયર સબ ઓફીસર બાબતે મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતીની માંગણી કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ નં.જીએડી/ઇએસટી/૨૧૪૨ તા.૫/૭/૧૬ થી માહિતી/પુર્તતા કરવામાં આવેલ છે. જે પૈકી મુદ્દા નં.૨ ની માહિતીની પુર્તતામા કર્મચારીના અંગત પ્રકારના ડોકયુમેન્ટ વિશ્વસનીય સંબધોને આધારે નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય, તેવા ડોકયુમેન્ટ ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું પણ જણાતુ ન હોય આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડવા જોગ નથી. તેમ જણાવી નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨નો ઉલ્લેખ કરી કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ તેની નકલ તથા નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો કરેલ હુકમની નકલ અવલોકાનાર્થે અરજદારને પુરી પાડેલ છે. જે તમામ વિગતો ધ્યાને લેતા સબ ઓફિસરોએ ભરતી સમયે રજુ કરેલ ડોકયુમેન્ટ તથા અનુભવના સર્ટી તથા નાગપુર કોર્ષના સર્ટીની માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી. જે મુજબની હકીકત જણાવી પુર્તતા / જવાબ પાઠવવામાં આવેલ. આમ, ઉકત પુરી પાડવામાં આવેલ પુર્તતા / માહિતી યથાયોગ્ય અને ઉચિત જણાતી હોય, અપીલ અરજી અંગે અત્રેના વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

નં.જીએડી/ઇએસટી/૨૯૨૩
તા.૧૦/૦૮/૨૦૧૬

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રીરાઠોડ કુલદીપ વી. પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**<u>અપીલ અરજી નં.૧૨/૧૬–૧૭</u>**

**અરજદાર :** શ્રી માવજીભાઈ કાળુભાઈ સરવૈયા
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદાર શ્રી માવજીભાઈ કાળુભાઈ સરવૈયાની તા.૧૨/૭/૧૬ ની અરજી આઈ.ડી. નં.૮૪૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.
**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૨/૮/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/12/16-17.

અરજદાર શ્રી માવજીભાઈ કાળુભાઈ સરવૈયાએ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૮૪૬ તા.૧૨/૭/૧૬ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ. જે અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/ સીઝેડ/આરટીઆઈ/૮૪૬ તા.૧૩/૭/૧૬ થી શહેર વિકાસ ખાતુ, મધ્યસ્થ મહેકમ વિભાગ તથા ડે.ઈજનેર તમામ ઝોનને તબદીલ કરેલ. જે મહેકમ વિભાગમાં તા.૧૮/૭/૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે તથા આજ અરજી સાઉથ વેસ્ટ ઝોન આકારણી વિભાગ ધ્વારા નં.સા.વે.ઝોન/૭૧૧ તા.૨૭/૭/૧૬ તથા આજ વિભાગ ધ્વારા ફરીથી નં.સા.વે.ઝોન/૬૬૯ તા.૨૨/૭/૧૬ના રોજ તબદીલ કરેલ તથા શહેર વિકાસ ખાતા તરફથી મુદ્દા નં.૨,૩ની અંશતઃ તથા મુદ્દા નં.૫ માટે નં.ટીડીઓ/આરટીઆઈ/૪૮૪ તા.૨૧/૭/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ છે. આ મળેલ અરજી સબંધી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૨, ૩(આંશીક), ૪(આંશિક) તથા ૫ ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૨૮૯૦ તા.૬/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા લાગત મુદ્દાઓની માહિતીની નકલો મેળવવા ઈચ્છતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૯૧ તા.૬/૮/૧૬માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૮/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે અરજદાર તરફથી તા.૧૨/૦૯/૧૬ ના રોજ નકલ ફી રૂા.૮/– ભરપાઈ કરતા તેઓને મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા બાબતેની નકલો જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ વિભાગ)ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૩૫૧૩ તા.૧૨/૦૯/૧૬ ના રોજ પુરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે "(ક) અરજી સાદર કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મેળલ નથી. જે માહિતી મળેલ છે તે અસ્પષ્ટ અને અધુરી છે.(ખ) જાહેર માહિતી અધિકારીના તા.૨/૭૦૭/૧૬ ના રોજના નિર્ણયથી નારાજ હોવાથી" તેમ જણાવી અપીલ અધિકારી શહેરી વિકાસ અધિકારી, સુરત મહાનગરપાલિકા મધ્યસ્થ ઝોનને સંબોધીને અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી માવજીભાઈ કાળુભાઈ સરવૈયાએ તેઓની મુળ અરજી આઈ.ડી. નં.૮૪૬ તા.૧૨/૭/૧૬ સંદર્ભે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાની પુરી પાડવા જોગ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) ધ્વારા નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/૨૮૯૦ તા.૬/૮/૧૬ થી પુર્તતા કરી તે અંતર્ગત લાગત મુદ્દાઓની માહિતીની નકલો મેળવવા માંગતા હોય તો નકલ ફી ભરપાઈ કરવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૯૧ તા.૬/૮/૧૬ થી જણાવવામાં આવેલ. જે અંતર્ગત મજકુર અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૧૫૪ તા.૧૨/૯/૧૬ થી નકલ ફી રૂા.૮/– ભરપાઈ કરતા મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી તુરંત સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૧૩ તા.૧૨/૦૯/૧૬ થી લાગત માહિતીની નકલો હાથોહાથ પુરી પાડવામાં આવેલ છે. આમ, અરજદારે મહેકમ વિભાગ તરફથી પુર્તતા સહિત નકલ ફી ભરી માહીતી મેળવી લેવા જણાવેલ. તે અંતર્ગત અરજદાર ધ્વારા તા.૧૨/૯/૧૬ ના રોજ સુચવેલ નકલ ફી ભરપાઈ કરેલ. જે નકલો ત્વરિત સમયમર્યાદામાં અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા સબંધી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા તથા તે સબંધી લાગત મુદ્દાઓની પુરી પડાયેલ નકલો યોગ્ય જણાય છે. આમ, પ્રસ્તુ અપીલ અરજી પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી જણાતી ન હોય, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી માવજીભાઈ કાળુભાઈ સરવૈયાએ તેઓની મુળ અરજી આઈ.ડી. નં.૮૪૬ તા.૧૨/૭/૧૬ સંદર્ભે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દાની પુરી પાડવા જોગ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) ધ્વારા નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/૨૮૯૦ તા.૬/૮/૧૬ થી પુર્તતા કરી તે અંતર્ગત લાગત મુદ્દાઓની માહિતીની નકલો મેળવવા માંગતા હોય તો નકલ ફી ભરપાઈ કરવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૮૯૧ તા.૬/૮/૧૬ થી જણાવવામાં આવેલ. જે અંતર્ગત મજકુર અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૧૫૪ તા.૧૨/૯/૧૬ થી નકલ ફી રૂા.૮/– ભરપાઈ કરતા મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી તુરંત સમયમર્યાદામાં પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૧૩ તા.૧૨/૦૯/૧૬ થી લાગત માહિતીની નકલો હાથોહાથ પુરી પાડવામાં આવેલ છે. આમ, અરજદારે મહેકમ વિભાગ તરફથી પુર્તતા સહિત નકલ ફી ભરી માહીતી મેળવી લેવા જણાવેલ. તે અંતર્ગત અરજદાર ધ્વારા તા.૧૨/૯/૧૬ ના રોજ સુચવેલ નકલ ફી ભરપાઈ કરેલ. જે નકલો ત્વરિત સમયમર્યાદામાં અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા સબંધી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા તથા તે સબંધી લાગત મુદ્દાઓની પુરી પડાયેલ નકલો યોગ્ય જણાય છે. આમ, પ્રસ્તુતુ અપીલ અરજી પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી જણાતી ન હોય, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૩૭૪૬
તા. ૨૧/૦૯/૨૦૧૬

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી માવજીભાઈ કાળુભાઈ સરવૈયા પ્રતિ..જાણ માટે.

**અપીલ અરજી નં.૧૩/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી સરવર હુસેન નગદ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી સરવર હુસેન નગદની તા.૧૪/૬/૧૬ની અરજી આઈ.ડી.નં.૬૧૩ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા.૨૨/૮/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/13/16-17.

અરજદાર શ્રી સરવર હુસેન નગદએ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૬૧૩ તા.૧૪/૬/૧૬ થી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગેલ. જે અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/૬૧૩ તા.૧૬/૬/૧૬ થી ડે.ઈજનેર સેન્ટ્રલ ઝોન તથા પર્સોનેલ ઓફીસર, સેન્ટ્રલ ઝોનને તબદીલ કરેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર (સેન્ટ્રલ ઝોન) ધ્વારા નં.સે.ઝોન/આરટીઆઈ/૬૯૩ તા.૧૮/૬/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગને સંપુર્ણ માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. આ મળેલ અરજી સબંધી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૬ ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૨૧૪૩ તા.૫/૭/૧૬ થી નમુના–ગ માં જવાબ /પુર્તતા કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૬ની પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે જણાવેલ છે કે "ડી.સી.ગાંધીની શૈક્ષણીક લાયકાત બાબત શંકા હોય અમોએ માંગેલી માહિતી અમોને મળવી જોઈએ જેથી તાત્કાલિક તેમના શૈક્ષણીક લાયકાતની કોપીઓ આપવા હુકમ કરશોજી" તેમ જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી સરવર હુસેન નગદએ તેઓની મુળ અરજી આઈ.ડી. નં.૬૧૩ તા.૧૪/૬/૧૬ થી મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૬માં "કાર્યપાલક ઈજનેર શ્રી ડી.સી.ગાંધી પાસે કાર્યપાલક ઈજનેર બનવાની શૈક્ષણીક લાયકત છે કે પોલીટીકલી તેમને આ હોદ્દા મેળવેલ છે" જે મુજબની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૨૧૪૩ તા.૫/૭/૧૬થી નમુના–ગ થી "જે માહિતી પ્રશ્ન પુછવા સમાન/ અભિપ્રાય / મંતવ્ય માંગવા સમાન માહિતી માંગેલ હોવાનું જણાય છે. તેવી માહિતી પુરી પાડી શકાય નહી કે તેવી માહિતી પુરી પાડવાની જવાબદારી જાહેર માહિતી અધિકારીની રહેતી નથી. જેના અનુસંધાનમાં ભારત સરકાર કર્મચારી વર્ગ જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગના ક્રમાંક : ૧/૭/૦૯/આઈ.આર. તા.૧/૬/૦૯ તથા નં.૧/૧૮/૧૧– આઈ.આર. તા.૧૬/૯/૧૧ની નકલ અવલોકનાર્થે પુરી પાડેલ છે. વધુમાં મજકુર અધિકારીએ સદર નિમણુંક પામતા પહેલા અરજી સાથે રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની નકલ એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે તેઓ પાસેથી તેમની નિમણુંકના હેતુસર પુરાવા તરીકે અત્રેની કચેરીને ઉપલબ્ધ થયેલ હોય ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ– ૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવા પાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. જેની નકલ પણ અવલોકનાર્થે અરજદારને પુરી પાડવામાં આવેલ છે. આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, સુપ્રિમ કોર્ટના ચુકાદો તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના હુકમને ધ્યાને લેતા પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી" તેમ જણાવી જવાબ/પુર્તતા કરવામાં આવેલ છે.

વધુમાં ઉપરોકત મુજબ કર્મચારીના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.૧૦૪૨/૨૦૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં કલમ–૮(૧)(ઠ) હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે.

આમ, અરજદાર શ્રી સરવર હુસેન નગદની મુળ અરજી આઈ.ડી. નં.૬૧૩ તા.૧૪/૬/૧૬ ના મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૬ માં "કાર્યપાલક ઈજનેર શ્રી ડી.સી.ગાંધી પાસે કાર્યપાલક ઈજનેર બનવાની શૈક્ષણીક લાયકત છે કે પોલીટીકલી તેમને આ હોદ્દા મેળવેલ છે" મુજબની માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ)નો ઉલ્લેખ કરી, તે સબંધી નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લઈ કરેલ પુર્તતા તથા આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કરાયેલ હુકમ વિગેરેનો ઉલ્લેખ કરી પત્ર નં.જીએડી/ઇએસટી/૨૧૪૩ તા.૫/૭/૧૬ થી પાઠવવામાં આવેલ જવાબ/પુર્તતા યોગ્ય જણાય છે. આમ, અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, તે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સરવર હુસેન નગદની મુળ અરજી આઈ.ડી. નં.૬૧૩ તા.૧૪/૬/૧૬ ના મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૬ માં "કાર્યપાલક ઈજનેર શ્રી ડી.સી.ગાંધી પાસે કાર્યપાલક ઈજનેર બનવાની શૈક્ષણીક લાયકત છે કે પોલીટીકલી તેમને આ હોદ્દા મેળવેલ છે" મુજબની માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ)નો ઉલ્લેખ કરી, તે સબંધી નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લઈ કરેલ પુર્તતા તથા આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કરાયેલ હુકમ વિગેરેનો ઉલ્લેખ કરી પત્ર નં.જીએડી/ઇએસટી/૨૧૪૩ તા.૫/૭/૧૬ થી પાઠવવામાં આવેલ જવાબ/પુર્તતા યોગ્ય જણાય છે. આમ, ઉકત પુરી પાડવામાં આવેલ પુર્તતા / માહિતી યથાયોગ્ય અને ઉચિત જણાતી હોય, અપીલ અરજી અંગે અત્રેના વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**

નં.જીએડી/ઇએસટી/૩૭૪૭
તા.૨૧/૦૯/૨૦૧૬

**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી સરવર હુસેન નગદ, પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૧૪/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલાની તા.૨૭/૭/૧૬ની અરજી આઈ.ડી.નં.૧૦૦૧ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા.૨/૯/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/14/16-17.

(૧) અરજદાર શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલાની આઈ.ડી.નં.૧૦૦૧ (સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર) તા.૨૭/૭/૧૬ ની અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ, વેલ્ફેર એન્ડ યુનિયન વિભાગને નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૦૦૧ તા.૨૮/૭/૧૬ થી મુદ્દા નં.૧ થી ૯ની માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જે મહેકમ વિભાગમા તા.૧/૮/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ છે. આ અરજી સબંધી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૩૦૯૮ તા.૨૨/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/ પુર્તતા કરી લાગત મુદ્દાઓની નકલો મેળવવા માંગતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ ઇએસટી/૩૦૯૯ તા.૨૨/૮/૧૬ થી નકલ ફી રૂા.૧૬/– ભરપાઈ કરી નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટરમાં રસીદ નં.૨૫૫૨ તા.૩૦/૮/૧૬થી નકલ ફી ભરપાઈ કરતા, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૩૧૫ તા.૧/૯/૧૬થી લાગત નકલો નંગ–૮ પુરી પાડવામાં આવેલ. ઉપરોકત પત્રોથી પુરી પાડવામાં આવેલ પુર્તતા/જવાબ તથા નકલો સંદર્ભે નીચે મુજબના નં.૧ થી ૩ મુદ્દાઓ ઉપસ્થિત કરી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે.

(૧) અરજીના ૫ થી ૮ નો જવાબ સંયુકત રીતે આપવામાં આવેલ છે. જે કાયદા અનુસાર નથી. દરેક મુદ્દા મુજબ જવાબ મળવો જોઈએ જેથી તે મુજબ જવાબ આપવો.(૨) મુદ્દા નં.૭ અને ૮ એ બંને બાબત અલગ અલગ છે અને બંને મુદ્દામાં માંગેલ ફરજની વિગત છુપાવવામાં આવેલ છે માહિતી સ્પષ્ટ આપેલ નથી કાયદા મુજબ માહિતી છુપાવવી કે અધુરી માહિતી આપી શકાય નહી. બંને મુદ્દાની માહિતી અલગ/સ્પષ્ટ આપવામાં આવે તથા આવી રીતે જાણી જોઈને માહિતી છુપાવવા બદલ આ માહિતી અધિકારીને આરટીઆઈ કાયદા હેઠળ યોગ્ય શિક્ષા કે દંડનો હુકમ ફરમાવશોજી અને તેની જાણ અમને કરવા વિનંતી છે.(૩) મુદ્દા નં.૯ માં જણાવેલ અધિકારીશ્રી એક જવાબદાર અધિકારી છે તેમની ફરજ પ્રત્યેની બેદરકારી કે અશિષ્ટ બાબતે ધ્યાન રાખવાની કે તેમની સામે શિક્ષાત્મક પગલા લેવાની નિતી નિયમ અને કાર્યપ્રણાલી સ્પષ્ટરીતે નકકી કરેલ હોય છે તેજ રીતે તમામ કર્મચારી/અધિકારી વિરૂધ્ધ શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ સોપવામાં આવેલ હોય છે. આ હકીકત હોવા છતા માહિતી અધિકારીશ્રીએ તદન ઉડાઉપણે, કાયદાથી ઉપરવટ જઈ ખોટો જવાબ પાઠવેલ છે કે 'રેકર્ડ આધારીત માહિતી નીલ છે' આવો જવાબ આપી માહિતી અધિકારીશ્રીએ અરજદારને ગેરમાર્ગે દોરેલ છે. જેથી તેઓને યોગ્ય હુકમ ફરમાવશોજી તથા માહિતી પુરી પાડવા ઘટતો હુકમ ફરમાવવા વિનંતી તથા તેઓ સામે શિક્ષાત્મક હુકમ પણ કરવામાં આવે એવી મારી માંગણી છે." તેમ જણાવેલ છે.

(૨) ઉપરોકત હકીકત તથા અરજદાર ધ્વારા ઉપરોકત મુજબની અપીલ તબકકે કરવામાં આવેલ રજુઆતને ધ્યાને લેતા સદર મુદ્દા નં.૫ થી ૮ મુજબની યુનિયનના પ્રશ્નો સંબધીત જોગવાઈ/નિતિ નિયમ/અધિકારીની ફરજ અંગેની માંગવામાં આવેલ માહિતી અનુસારની સ્પેશીફીક કોઈ સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ/નિતિ નિયમો ઉપસ્થીત નહી હોય તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા પ્રસ્તુત મુદ્દા નં. ૫ થી ૮ નો સંયુકત રીતે પાઠવવામાં આવેલ જવાબ યોગ્ય અને કાયદેસર જણાય છે. કારણકે આર.ટી.આઈ. એકટ અંતર્ગત મળતી અરજીના મુદ્દાઓનો સંયુકત જવાબ નહી પાઠવતા મુદ્દા વાઈઝ અલગ–અલગ જવાબ પાઠવવા જોઈએ તેવી કોઈ જોગવાઈ નથી. એક સરખા પ્રકારની જણાતી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીને સંયુકત જવાબ પાઠવવાનું યોગ્ય જણાય તો તે મુજબ સયુંકત પાઠવેલ માહિતી/જવાબને ગેરકાયદેસર ગણી શકાય નહી તેમજ મુદ્દા નં.૯ થી "ઉપરોકત અરજીમાં જણાવેલ અધિકારી સામે કોઈ પગલા કેમ લેવામાં આવેલ નથી અને તે બાબતે કયા અધિકારીશ્રીની જવાબદારી છે તેની લેખીત માહિતી આપો" મુજબની માંગવામાં આવેલ માહિતી મુજબનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહી હોય તે સંજોગોમાં પ્રસ્તુત મુદ્દાની રેકર્ડ આધારીત માહિતી "નીલ" છે. જે મુજબની કરવામાં આવેલ સ્પષ્ટતા યોગ્ય જણાય છે. જે બાબતેનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહી હોય એટલે કે મજકુર જણાવેલ અધિકારી સામે કોઈ પગલા જ લેવામાં આવેલ ન હોય તેમજ તે બાબતે કયા અધિકારીશ્રીની જવાબદારી છે તે રેકર્ડ ઉપર નકકી થયેલ ન હોય એટલે કે ઉકત માંગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ જ ઉપલબ્ધ નહી હોય, તે સંજોગોમાં તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પુરી પાડવુ શકય નથી તે સ્વભાવીક છે.

....૨.

(૩) વધુમાં આર.ટી.આઈ.એકટ હેઠળ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. પ્રશ્ન/ કારણો/ અભિપ્રાય/ મંતવ્ય માંગવા સમાન માહિતી પુરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી બનતી નથી. જેના અનુસંધાનમાં ભારત સરકાર કર્મચારી વર્ગ જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગના ક્રમાંક : ૧/૭/૦૯/ આઈ.આર. તા.૧/૬/૦૯ તથા નં.૧/૧૮/૧૧–આઈ.આર. તા.૧૬/૯/૧૧ની નકલ આ સાથે અવલોકનાર્થે સામેલ છે. તદઉપરાંત અરજદારને જાહેર માહિતી અધિકારીએ માહિતી છુપાવી હોય કે અધુરી માહિતી પુરી પાડી હોય તેવુ જણાતુ હોય તો તે બાબતેના ચોકકસ આધાર /પુરાવા અરજદારે રજુ કરવાના રહે છે. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે તેવા કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી પરંતુ જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ બેબુનિયાદ આક્ષેપો કરેલ હોવાનું જણાય છે.

(૪) આમ મજુકર અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૯ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/કરવામાં આવેલ પુર્તતા વ્યાજબી અને કાયદેસરની જણાતી હોય, તેમજ અરજદારની રજુઆત મુજબની કોઈ માહિતી છુપાવી હોવાનું જણાતુ ન હોય, તે હકીકતોને ધ્યાને રાખી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાનું ઉચિત જણાતુ ન હોય, તે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલાની આઈ.ડી.નં.૧૦૦૧ (સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર) તા.૨૭/૭/૧૬ ની અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ, વેલ્ફેર એન્ડ યુનિયન વિભાગને નં.સીસીસી/સીઝેડ/ આરટીઆઈ/આઉટ/૧૦૦૧ તા.૨૮/૭/૧૬ થી મુદ્દા નં.૧ થી ૯ની માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૩૦૯૮ તા.૨૨/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી લાગત મુદ્દાઓની નકલો મેળવવા માંગતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ ઇએસટી /૩૦૯૯ તા.૨૨/૮/૧૬ થી નકલ ફી રૂા.૧૬/– ભરપાઈ કરી નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટરમાં રસીદ નં.૨૫૫૨ તા.૩૦/૮/૧૬થી નકલ ફી ભરપાઈ કરતા, મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૩૧૫ તા.૧/૯/૧૬ થી લાગત મુદ્દા નં.૧ થી ૪ ની માહિતીની નકલો નંગ–૮ પુરી પાડવામાં આવેલ હોય, તેમજ મુદ્દા નં.૫ થી ૯ બાબતે કરવામાં આવેલ પુર્તતા ઉકત પેરા–૨ તથા ૩ ની હકીકતો ધ્યાને લેતા યથાયોગ્ય અને ઉચિત જણાય છે. તેમજ અરજદારની રજુઆત મુજબની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારીશ્રી(મહેકમ) ધ્વારા છુપાવી હોવાનું ફલીત થતુ હોવાનું જણાતુ ન હોય તેમજ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીશ્રી (મહેકમ) વિરુધ્ધ માત્ર બેબુનિયાદ આક્ષેપો કરેલ હોવાનું જણાતુ હોય, પ્રસ્તુત અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૩૯૬૪
તા.૩૦/૦૯/૨૦૧૬

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલા પ્રતિ..જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૧૫/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી એચ.બી.લીંબાસીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ**– અરજદાર શ્રી એચ.બી.લીંબાસીયાની તા.૧૮/૭/૧૬ ની અરજી આઈ.ડી. નં.૪૨૦ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ**–અરજદાર મજકુરની તા.૩૧/૮/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/15/16-17.

અરજદાર શ્રી એચ.બી.લીંબાસીયાની તા.૧૮/૭/૧૬ની મુળ અરજી આઈ.ડી. નં.૪૨૦ (વેસ્ટ ઝોન) જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી (વેસ્ટ ઝોન) ધ્વારા પત્ર નં.વેસ્ટ ઝોન / આરટીઆઈ/૭૧૩ તા.૧૯/૦૭/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ વિભાગ)ને તબદીલ કરેલ. જે તા.૨૦/૭/૧૬ના રોજ પ્રાપ્ત થતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) વિભાગ તરફથી લાગત માહિતી માટે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૬૫૬ તા.૨૮/૭/૧૬ થી સમય મર્યાદામાં પુર્તતા કરવામાં આવેલ.

અરજદાર ધ્વારા તા.૩૧/૮/૧૬થી અપીલ અરજીથી અપીલ તબકકે "તા.૧૮/૭/૧૬ના રોજથી માંગેલ માહિતી ૩૦ દિવસ કરતા વધુ સમય થવા સુધી માહિતી મળેલ નથી" તેમ જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી એચ.બી.લીંબાસીયાની તા.૧૮/૭/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૪૨૦ (વેસ્ટ ઝોન) તા.૧૮/૭/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર(વેસ્ટ ઝોન) ધ્વારા પત્ર નં.વેસ્ટ ઝોન / આરટીઆઈ/૭૧૩ તા.૧૯/૦૭/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ વિભાગ)ને તબદીલ કરેલ. જે તા.૨૦/૭/૧૬ના રોજ પ્રાપ્ત થતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૬૫૬ તા.૨૮/૭/૧૬ થી મુળ આઈ.ડી.ની પુર્તતા/જવાબ નિયમોનુસાર સમયમર્યાદા પુર્ણ થાય એ પહેલા દિન–૧૦ માં જ પુરી પાડવામાં આવેલ. આ પુરી પડાયેલ માહિતી મજકુર અરજદારને મળેલ ન હોવાનુ જણાવેલ હોય, ઉકત નિયત નમુના–ગ થી કરવામાં આવેલ પુર્તતા/જવાબની નકલ આ અપીલના હુકમ સાથે અરજદારને ફરીથી પાઠવવા જોગ છે. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ હોય, તે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી એચ.બી.લીંબાસીયાની તા.૧૮/૭/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૪૨૦ (વેસ્ટ ઝોન) તા.૧૮/૭/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર(વેસ્ટ ઝોન) ધ્વારા પત્ર નં.વેસ્ટ ઝોન / આરટીઆઈ/૭૧૩ તા.૧૯/૦૭/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ વિભાગ)ને તબદીલ કરેલ. જે તા.૨૦/૭/૧૬ના રોજ પ્રાપ્ત થતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૨૬૫૬ તા.૨૮/૭/૧૬ થી મુળ આઈ.ડી.ની પુર્તતા/જવાબ નિયમોનુસાર સમયમર્યાદા પુર્ણ થાય એ પહેલા દિન–૧૦ માં જ પુરી પાડવામાં આવેલ. આ પુરી પડાયેલ માહિતી મજકુર અરજદારને મળેલ ન હોવાનુ જણાવેલ હોય, ઉકત નિયત નમુના–ગ થી કરવામાં આવેલ પુર્તતા/જવાબની નકલ આ અપીલના હુકમ સાથે અરજદારને ફરીથી પાઠવવા જોગ છે. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૩૯૧૯
તા.૨૮/૦૯/૨૦૧૬

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી એચ.બી.લીંબાસીયા, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |


**<u>અપીલ અરજી નં.૧૬/૧૬–૧૭</u>**

**અરજદાર :** શ્રી સંજય બી પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષયઃ–** અરજદાર શ્રી સંજય બી પટેલની તા.૧૨/૭/૧૬ ની અરજી સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–**અરજદાર મજકુરની તા.૭/૯/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/16/16-17.

અરજદાર શ્રી સંજય બી પટેલએ જાહેર માહિતી અધિકારીશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને સંબોધીને કરેલ તેઓની મુળ અરજી તા.૧૨/૭/૧૬ થી મુદ્દા નં.૧ ની માહિતી માંગેલ. જે માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ઘ્વારા પત્ર નં.જીએડી /ઇએસટી/૨૭૯૬ તા.૩/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા પાઠવવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે જણાવેલ છે કે "તા.૩/૮/૧૬ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૯૬ થી પાઠવેલ જવાબમાં જણાવેલ જવાબમાં આપના જાહેર માહિતી અધિકારીશ્રીએ મને ત્રાહિત વ્યકિત જણાવેલ છે. પરંતુ મારા વિરૂઘ્ધ શ્રીમતી કમળાબેન પરમારે ફરીયાદ નોંધાવેલ છે. જેથી હુ ત્રાહિત વ્યકિત નથી જે અન્વયેના કેસ અંગે હુ પુરાવા/કાગળો માંગતો હોય મને આપવા વિનંતી" તેમ જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા, અરજદાર શ્રી સંજય બી પટેલે તેઓની તા.૧૨/૭/૧૬ની મુળ અરજીથી "હાઈડ્રોલીક વિભાગમાં જે તે સમયે ફરજ બજાવતા મહિલા કર્મચારી કમળાબેન પરમાર ઘ્વારા કરેલ ફરીયાદના અનુસંધાને થયેલ કાર્યવાહીના તમામ કાગળોની નકલ આપવા વિનંતી" ની માહિતીની માંગણી કરેલ હતી. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૯૬ તા.૩/૮/૧૬ થી "પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતીની વિગતે હાઈડ્રોલીક વિભાગમાં જે તે સમયે ફરજ બજાવતા મહિલા કર્મચારી શ્રીમતી કમળાબેન ડી. પરમાર ઘ્વારા કરવામાં આવેલ ફરીયાદ અરજી સંબધી માહિતી ત્રાહિતને લગતી અંગત માહિતી હોય તેમજ તેઓની ફરીયાદ અરજી પરત્વે કરવામાં આવેલ કાર્યવાહી વિગેરેને વિશાળ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય તેમજ તેવી માહિતી પુરી પાડવાથી મજકુર ફરિયાદીના અંગત જીવનમાં બિન જરૂરી દખલ થવાની શકયતા રહેતી હોય, માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓ ઘ્યાને લેતા પુરી પાડવા જોગ નથી" તેમ જણાવી જરૂરી જવાબ/પુર્તતા કરવામાં આવેલ છે. જે પુરા પાડવામાં આવેલ માહિતી / જવાબ વ્યાજબી અને યોગ્ય જણાય છે. પરંતુ અરજદારે અપીલ તબકકે "મારા વિરૂઘ્ધ શ્રીમતી કમળાબેન પરમારે ફરીયાદ નોંધાવેલ છે. જેથી હુ ત્રાહિત વ્યકિત નથી જે અન્વયેના કેસ અંગે હું પુરાવા/કાગળો માંગતો હોય મને આપવા વિનંતી" મુજબની કરેલ રજુઆત બાબતનો કોઈ ઉલ્લેખ તેઓએ મુળ અરજીમાં કરેલ હોવાનું જણાતુ ન હોય મજકુર અરજદાર ઘ્વારા મુળ અરજી કરતા વધારાની પુરક રજુઆત કરેલ હોવાનું જણાતુ હોય, તે બાબત ઘ્યાને લેવા જોગ નથી. આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મહેકમ) ઘ્વારા મજકુર અરજદાર શ્રી સંજય બી.પટેલ તરફથી તા.૧૨/૭/૧૬ ની અરજીથી હાઈડ્રોલીક વિભાગમાં જે તે સમયે ફરજ બજાવતા મહિલા કર્મચારી કમળાબેન પરમાર ઘ્વારા કરેલ ફરીયાદના અનુસંધાને થયેલ કાર્યવાહીના તમામ કાગળોની ત્રાહિત વ્યકતીને લગતી માંગવામાં આવેલ માહિતી એ જાહેર બાબત નહી હોય, તેમજ તેવી માહિતીને વિશાળ જાહેર ગતિવિધિ અથવા કોઈ હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય તેમજ તેવી માહિતી પુરી પાડવાથી મજકુર ત્રાહિત પક્ષકારના અંગત જીવનમાં બિન જરુરી દખલ થવાની શકયતા રહેતી હોય, માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓ ઘ્યાને લઈ પાઠવેલ જવાબ /પુર્તતા યોગ્ય જણાય છે. આમ અરજદારની અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, તે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી સંજય બી.પટેલ તરફથી તા.૧૨/૭/૧૬ ની અરજીથી હાઈડ્રોલીક વિભાગમાં જે તે સમયે ફરજ બજાવતા મહિલા કર્મચારી કમળાબેન પરમાર ઘ્વારા કરેલ ફરીયાદના અનુસંધાને થયેલ કાર્યવાહીના તમામ કાગળોની ત્રાહિત વ્યકતીને લગતી માંગવામાં આવેલ માહિતી એ જાહેર બાબત નહી હોય, તેમજ તેવી માહિતીને વિશાળ જાહેર ગતિવિધિ અથવા કોઈ હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ હોવાનું જણાતુ ન હોય તેમજ તેવી માહિતી પુરી પાડવાથી મજકુર ત્રાહિત પક્ષકારના અંગત જીવનમાં બિન જરૂરી દખલ થવાની શકયતા રહેતી હોય, માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ)ની જોગવાઈઓ ઘ્યાને લઈ પાઠવેલ જવાબ /પુર્તતા યથાયોગ્ય અને ઉચિત જણાય છે. આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૩૯૬૩
તા.૩૦/૦૯/૨૦૧૬

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી સંજય બી પટેલ, પ્રતિ....જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેકસ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૧૭/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી અરૂણ એસ.પાઠક
**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી અરૂણ એસ.પાઠકની તા.૬/૮/૧૬ ની અરજી આઈ.ડી. નં.૨૭૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–**અરજદાર મજકુરની તા.૯/૯/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/17/16-17.

અરજદાર શ્રી અરૂણ એસ.પાઠકએ મુળ આઈ.ડી.નં.૨૭૫(મધ્યસ્થ કચેરી) તા.૬/૮/૧૬ થી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને કરેલ, જે મધ્યસ્થ કચેરી ધ્વારા નં.સી/આરટીઆઈ /૨૭૫ તા.૮/૮/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(રાંદેરઝોન) તથા સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ/ ઈન્કવાયરી/ વીજીલન્સ વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૯/૮/૧૬ થી મળતા જાહેર માહિતી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા લાગત મુદ્દા નં.૭ ની માહિતી નિયત નમુના–ગ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૩૩૧૯ તા.૧/૯/૧૬ થી જવાબ/પુર્તતા કરી લાગત મુદ્દાની માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૨૦ તા.૧/૯/૧૬ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ. અરજદારે અપીલ તબકકે પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે જણાવેલ છે કે "ખોટી અને અધુરી માહિતી આપતા માંગેલ માહિતી ચકાસીને પુરી પાડવા હુકમ કરશો" તેમ જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી અરૂણ એસ.પાઠકએ તેઓની તા.૬/૮/૧૬ની મુળ અરજીથી નં.૧ થી ૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ. જે પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૭ માં "સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન, રાંદેરમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા તથા વરાછા ખાતે રહેતા હિમતલાલ બી.લીમ્બાશીયાને જુનીયર ઈજનેરથી નાયબ ઈજનેરનુ પ્રમોશન સુરત મહાનગરપાલિકા ધ્વારા જે આધારે આપવામાં આવેલ હોય તે અંગેની સંપુર્ણ એટેસ્ટેટ નકલો સહિત વિગતવાર માહિતી આપશો તથા તેઓને પ્રમોશન આપતી વખતે પાલીકા ધ્વારા મેરીટ લીસ્ટ મુકવામાં આવેલ હોય તો તે અંગેની સંપુર્ણ એટેસ્ટેડ નકલો સહિત વિગતવાર માહિતી આપશો" તેમ જણાવી માહિતીની માંગણી કરેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) વિભાગ તરફથી નિયત નમુના–ગ નં.જીએડી/ઈએસટી/૩૩૧૯ તા.૧/૯/૧૬ થી "સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન, રાંદેરમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી હિમતલાલ બી.લીમ્બાસીયાને આસી.ઈજનેર કેડરમાંથી ડે.ઈજનેર તરીકે પ્રમોશન સુરત મહાનગરપાલિકા ધ્વારા જે આધારે આપવામાં આવેલ તે તા.૩/૭/૧૨ ના રોજની ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટિની મીનીટસની નકલ તથા તે અંતર્ગત ઈસ્યુ કરવામાં આવેલ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૧૬૩૯ તા.૩/૭/૧૨ની નકલ(પાના નંગ–૨) પરથી માંગવામાં આવેલ સમગ્ર માહિતીનો સંદર્ભ મેળવવાનો રહે છે. જે નકલ મેળવવા અરજદાર ઈચ્છુક હોય તો આ સાથે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૪/– ભરપાઈ કર્યેથી તેઓને પુરી પાડીએ" તેમ જણાવી નિયત નમુના–ખ નં.જીએડી/ઇએસટી/૩૩૨૦ તા.૧/૯/૧૬ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી લાગત નકલો મેળવી લેવા જાણ કરેલ. જે પત્રના અનુસંધાને અરજદાર ધ્વારા તા.૯/૯/૧૬ના રોજ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરતા મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ નં.જીએડી/ ઈએસટી/૩૫૦૭ તા.૧૨/૯/૧૬ થી લાગત નકલો નંગ–૨ રવાના કરવામાં આવેલ. આ રવાના કરેલ નકલો સહિતનો પત્ર અરજાદરને મળે તે પહેલા જ એટલે કે તા.૯/૯/૧૬ના રોજ પ્રથમ અપીલ દાખલ કરેલ છે. આમ અરજદાર ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ખોટી અને અધુરી માહિતી આપ્યા અંગેની કરવામાં આવેલ રજુઆત ખોટી અને બેબુનિયાદ જણાય છે. જે ધ્યાને લેતા મહેકમ વિભાગ ધ્વારા કરવામાં આવેલ મુળ આઈ.ડી. સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી /પુર્તતા /જવાબ યોગ્ય જણાતો હોય, આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, તે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી અરૂણ એસ.પાઠકએ મુળ આઈ.ડી.નં.૨૭૫(મધ્યસ્થ કચેરી) તા.૬/૮/૧૬ ની અરજીથી નં.૧ થી ૭ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ. જે પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૭ ની માહિતી માટ નિયત નમુના–ગ નં.જીએડી/ઈએસટી/૩૩૧૯ તા.૧/૯/૧૬ થી કરવામાં આવેલ જવાબ/પુર્તતા મુજબ નિયત નમુના–ખ નં.જીએડી/ઇએસટી/૩૩૨૦ તા.૧/૯/૧૬ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી લાગત નકલો મેળવી લેવા જાણ કરેલ. જે પત્રના અનુસંધાને અરજદાર ધ્વારા તા.૯/૯/૧૬ના રોજ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરતા મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ નં.જીએડી/ ઈએસટી/૩૫૦૭ તા.૧૨/૯/૧૬ થી લાગત નકલો નંગ–૨ (બે) પુરી પાડવામાં આવેલ. જે પુરી પાડવામાં આવેલ નકલો સહિતનો પત્ર અરજાદરને મળે તે પહેલા જ એટલે કે તા.૯/૯/૧૬ના રોજ પ્રથમ અપીલ દાખલ કરેલ છે. આમ અરજદાર ધ્વારા મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા ખોટી અને અધુરી માહિતી આપ્યા અંગેની કરવામાં આવેલ રજુઆત ખોટી અને બેબુનિયાદ જણાય છે. જે ધ્યાને લેતા મહેકમ વિભાગ ધ્વારા મુળ આઈ.ડી. સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી /પુર્તતા /જવાબ તથા પુરી પાડવામાં આવેલ નકલો યોગ્ય જણાતી હોય, આમ, અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૩૯૧૮
તા.૨૮/૦૯/૨૦૧૬

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી અરૂણ એસ.પાઠક, પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**<u>અપીલ અરજી નં.૧૮/૧૬–૧૭</u>**

**અરજદાર :** શ્રી શોએબ અબુબકર કોલસાવાલા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

**વિષય:–** અરજદાર શ્રી શોએબ અબુબકર કોલસાવાલાની તા.૧૮/૫/૧૬ ની અરજી આઈ.ડી. નં.૩૮૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૦/૮/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/18/16-17.

અરજદાર શ્રી શોએબ અબુબકર કોલસાવાલાએ જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોનને સંબોધીને કરેલ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૩૮૬ તા.૧૮/૫/૧૬ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગેલ. જે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૭ની માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી /ઇએસટી/૧૫૯૯ તા.૧૩/૬/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા પાઠવવામાં આવેલ. અરજદારે અપીલ તબકકે પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે જણાવેલ છે કે "(૧) અમારી માહિતીની અરજી અન્વયે મુદ્દા નં.૩ અને ૭ બાબતે સામેલ પત્રોથી અધુરા જવાબ મળેલ છે. (૨) મુદ્દા નં.૧, ૨, ૪, ૫, ૬, ૮ ની માહિતી બાબતે કોઈ પત્રો જવાબ કે માહિતી મળી નથી" તેમ જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી શોએબ અબુબકર કોલાસાવાલાએ તેઓની તા.૧૮/૫/૧૬ ની મુળ અરજી આઈ.ડી.નં.૩૮૬ થી મુદ્દા નં.૧ થી ૮ની માહિતી માંગેલ. જે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૭ (અંશતઃ) માં "૧૨/૭૫૩ વાળી મિલ્કતમાં નામ.હાઈકોર્ટમાં સ્ટેટસકો હોવા છતાં અંદર ગ્રાઉન્ડથી છઠ્ઠા માળ સુધીનુ બાંધકામ ચાલુ હોય, વિજ જોડાણ, ડ્રેનેજ જોડાણ, લિફ્ટ લગાવવાની કામગીરી પાણીના કનેકશન જોડાણ તેમજ ગેરકાયદેસર વસવાટ જેથી કામગીરી ચાલુ હોય તે અટકાવવા અમારી તરફથી વારંવારની લેખિતમાં અને ઓનલાઈન ફરીયાદ અને મૌખિક રજુઆત કરેલ તે અનુસંધાનમાં કમિશનરથી લઈને આસી.કમિશનર, વીજીલન્સ વિભાગ તેમજ નીચેના કર્મચારી સુધી જે ચાર્જમાં હોય અથવા ઈનચાર્જમાં હોય તે તમામ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓના નામ, હોદ્દા, કર્મ.નંબર તેમની <u>લાયકાતના પ્રમાણપત્રો,</u> મેળવતા પગારની સંપુર્ણ માહિતી તથા ઉપરી કચેરીને જમા કરાવેલ સંપતિ, આવક <u>સ્થાવર જંગમ મિલ્કત અંગેના વાર્ષિક સોગંદનામાની પ્રમાણિત નકલ</u>, દસ્તાવેજી પુરાવા સહિત આપશો" ની માહિતીની માંગણી કરેલ. જે મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૧૫૯૯ તા.૧૩/૬/૧૬ થી નમુના–ગ થી લાગત મુદ્દા નં.૭ (અંશતઃ) માહિતીમાં જણાવેલ છે કે "પ્રસ્તુત મુદ્દા નં.૭ ના જવાબદાર અધિકારીની લાયકાતના પ્રમાણપત્રો તથા મિલ્કતના પુરાવાની માંગવામા આવેલ માહિતી અત્રેના વિભાગને અંશતઃ લાગત જણાય છે. પરંતુ આ બાબતે જણાવવાનું કે સુરત મહાનગરપાલિકાના કર્મચારી / અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) અત્રેના ખાતા ધ્વારા નિભાવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના કર્મચારી/અધિકારી ધ્વારા રજુ કરાયેલ સ્થાયી મિલ્કત સંબંધી માહિતી તેમજ તેઓએ તેમની નિમણુંક સમયે રજુ કરેલ લાયકાતના પ્રમાણપત્રોની માહિતી એ અધિકારી/કર્મચારીની અંગત માહિતી/ ડોકયુમેન્ટ હોય, જે વિશ્વસનીય સંબધોને આધારે જે તે અધિકારી/કર્મચારી પાસેથી ઉપલબ્ધ થયેલ હોય તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેમજ આવી માહિતી આપવાથી સંબધીતના વ્યકતિગત /અંગત જીવનમાં અનઅધિકૃત દખલ ઉભી થવાની શકયતા રહેલી હોય જેથી પ્રસ્તુત માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. વધુમાં નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન (લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ છે. તદઉપરાંત ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા રાજય આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯– ૨૦૧૪ માં કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. જેની નકલ અવલોકનાર્થે સામેલ છે" તેમ જણાવી જવાબ/પુર્તતા કરવામાં આવેલ છે. જે જણાવવામાં આવેલ જવાબ/પુર્તતા યોગ્ય તથા ઉચિત જણાય છે. કારણકે ઉપરોકત મુજબ અધિકારી/કર્મચારીની મિલ્કત સંબધીત માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ, તેને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અપીલ નં.૫૯૪૧/૧૪–૧૫ તથા ૫૯૪૨/૧૪–૧૫ માં નામ. ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા **<u>તા.૦૧/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં</u>** કલમ–૮ હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતુ ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાત શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર. ટી. આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ

....૨.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |



નં.૧૦૪૨/૨૦૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ **તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં** કલમ–૮(૧)(ઠ) હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા અરજદારની અરજીના મુદ્દા નં.૭(અંશતઃ લાગત) બાબતે કરેલ પુર્તતા યોગ્ય અને વ્યાજબી જણાય છે. આમ, અરજદારની પ્રસ્તુત અપીલ અરજી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, તે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી શોએબ અબુબકર કોલાસાવાલા મુળ અરજી આઈ.ડી.નં.૩૮૬ તા.૧૮/૫/૧૬ ના મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૭ (અંશતઃ) થી માંગેલ માહિતી બાબતે મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૧૫૯૯ તા.૧૩/૬/૧૬ થી નમુના–ગ થી જવાબદાર અધિકારીની લાયકાતના પ્રમાણપત્રો તથા મિલ્કતના પુરાવાની માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) નો ઉલ્લેખ કરી, તે સબંધી નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લઈ કરેલ પુર્તતા તથા આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કરાયેલ હુકમ વિગેરેનો ઉલ્લેખ કરી ઉકત પત્ર ધ્વારા કરવામાં આવેલ જવાબ/પુર્તતા યોગ્ય જણાય છે. આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા અરજદારની અરજીના મુદ્દા નં.૭(અંશતઃ લાગત) બાબતે કરેલ પુર્તતા યોગ્ય, વ્યાજબી અને ઉચિત જણાતી હોય, અપીલ અરજી અંગે અત્રેના વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૩૮૬૨
તા.૨૭/૦૯/૨૦૧૬

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી શોએબ અબુબકર કોલસાવાલા, પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૧૯/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલની તા.૮/૬/૧૬ની અરજી આઈ.ડી.નં.૧૧૨૫ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૨/૯/૧૬ તથા તા.૧/૧૦/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/19/16-17.

અરજદાર શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલએ તેઓની મુળ અરજી આઈ.ડી.નં.૧૧૨૫ તા.૬/૮/૧૬ થી મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતીની માંગણી કરેલ. જે અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/સીઝેડ/ આરટીઆઈ/૧૧૨૫ તા.૮/૮/૧૬ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તથા રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરેલ. જે મહેકમ વિભાગમાં તા.૧૧/૮/૧૬ના રોજ પ્રાપ્ત થયેલ છે. આ મળેલ અરજી સબંધી માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૩૨૬૯ તા.૩૧/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા લાગત મુદ્દાઓની માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની લાગત માહિતીની નકલો મેળવવા ઈચ્છતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૭૦ તા.૩૧/૮/૧૬ થી રૂા.૨૬/– તથા મુદ્દા નં.૭ની માહિતીની નકલો મેળવવી જરુરી હોય તો તે માટે નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૭૧ તા.૩૧/૮/૧૬થી રૂા.૯૬/– મળી કુલ રૂા.૧૨૨/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. તા.૧૨/૦૯/૧૬ના રોજ અરજદાર ધ્વારા રૂબરૂ મુલાકાત દરમ્યાન જણાવેલ છે કે મને ઉપરોકત કોઈપણ પત્રો કે માહિતી મળેલ નથી જેથી અરજદાર મજકુરને હાથોહાથ ઉકત તમામ પત્રોની નકલ આપવામાં આવેલ. જે પત્ર સંદર્ભે અરજદાર તરફથી તા.૧૨/૦૯/૧૬ ના રોજ બંને પત્રોમાં જણાવેલ નકલ ફી રૂા.૧૨૨/– સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૧૬૨ તા.૧૨/૯/૧૬ ના રોજ ભરપાઈ કરતા તેઓને લાગત મુદ્દાની માહિતીની નકલો જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ વિભાગ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૪૧ તા.૧૪/૦૯/૧૬ થી હાથોહાથ પુરી પાડવામાં આવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલએ તેઓની મુળ અરજી આઈ.ડી. નં.૧૧૨૫ તા.૬/૮/૧૬ સંદર્ભે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા ઉકત પેરા–૪ માં જણાવેલ પત્રોથી જરૂરી પુર્તાતા/ જવાબ કરી લાગત મુદ્દાઓની માહિતીની નકલો નિયત નકલ ફી ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ. જે પત્રો સંદર્ભે અરજદાર તરફથી તા.૧૨/૦૯/૧૬ ના રોજ નકલ ફી રૂા.૧૨૨/– સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૧૬૨ થી તા.૧૨/૯/૧૬ ના રોજ ભરપાઈ કરેલ અને મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા લાગત મુદ્દાઓની નકલો જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ વિભાગ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૪૧ તા.૧૪/૦૯/૧૬ થી હાથોહાથ પુરી પાડવામાં આવેલ છે. આમ, મહેકમ વિભાગ ધ્વારા મજકુર અરજદારની અરજી પરત્વે નિયત સમય મર્યાદામાં ઉકત જવાબી પત્રો તથા નકલ ફી ભરપાઈ કરવા સબંધી પત્રો પોષ્ટ મારફત મોકલવામાં આવેલ. જે પત્રો તેઓને ન મળતા તા.૧૨/૯/૧૬ થી પ્રથમ અપીલ દાખલ કરેલ અને ત્યારબાદ અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક દરમ્યાન સદર પત્રો મળ્યા નહી હોવાની રજુઆત કરતા ઉકત પત્રો અરજદારને હાથોહાથ આપતા તેઓ તરફથી નકલ ફી ભરપાઈ કરી હાથોહાથ માહિતીની નકલો પુરી પાડવામાં આવેલ છે. આમ, અરજદારને ઉકત જવાબી પત્રો તથા નકલ ફી ભરપાઈ કરવા સબંધી પત્રો હાથોહાથ આપેલ હોય અને નકલો પણ સમય મર્યાદામાં પુરી પડાયેલ હોય, જે ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા તથા તે સબંધી લાગત મુદ્દાઓની પુરી પડાયેલ નકલો યોગ્ય જણાય છે.

સદર મુજબ માહિતીની પુર્તતા તથા માહિતીની નકલો મળ્યા બાદ અરજદાર તરફથી **તા.૨૯/૯/૧૬ના રોજથી મધ્યસ્થ મહેકમ વિભાગને** સંબોધીને કરેલ અપીલ અરજીમાં જણાવેલ છે કે "મુદ્દા નં.૬ની માહિતી અધુરી મળેલ છે તેમજ મુદ્દા નં.૯ની માહિતી મળેલ નથી"

આ મુદ્દા નં.૬ થી મજુકર અરજદાર ધ્વારા "મજકુર કર્મચારીઓની સુ.મ.પા.માં નિમણુંક થયેલ તે પહેલા તેઓએ સુ.મ.પા.માં રોજીદા, બદલી કે ટેમ્પરરી કર્મચારી તરીકે ફરજ બજાવેલ હોય તો તેની વિગતવાર માહિતી આપશો તેમજ નકલો આપશ" મુજબની માહિતીની માંગણી કરેલ. આ મુદ્દા પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી તરફથી "મજકુર કર્મચારીઓની સુ.મ.પા.માં થયેલ નિમણુંક બાબતે મુદ્દા નં.૧ માં નિર્દશીત સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાના ઠરાવ નં.૫૫૯/૦૯ તા.૩૦/૧૦/૨૦૦૯ પરથી માંગ્યા મુજબની માહિતીનો અરજદારે સંદર્ભ મેળવવાનો રહે છે" મુજબની પુર્તતા કરવામાં આવેલ. આમ અત્રેની કચેરીના જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ માહિતી યોગ્ય જણાય છે. પરંતુ અરજદાર ધ્વારા અપીલ તબકકે આ માહિતી અધુરી મળેલ હોવાની રજુઆત કરેલ. જેથી આ મુદ્દા બાબતે ઉંડાણપુર્વક વિચારણા કરતા અરજદારે મજુકર કર્મચારીઓ એટલે કે જે બે કર્મચારીઓની માહિતી માંગવામાં આવી છે તે (૧)શ્રી રાહુલ વસંતભાઈ પટેલ કર્મ.નં.૪૦૯૮૯ તથા (૨) શ્રી હિતેશ ઠાકોરભાઈ પટેલ કર્મ.નં.૪૦૯૯૫)ને સુરત મહાનગરપાલિકાનું હદ વિસ્તરણ થતા ગ્રામ પંચાયતની નોકરીમાંથી સુરત મહાનગરપાલિકામાં તા.૨૦/૦૭/૨૦૧૬ થી સમાવવામાં આવ્યા/નિમણુંક પામ્યા તે પહેલા સુરત મહાનગરપાલિકામાં રોજીદા, બદલી કે ટેમ્પરરી કર્મચારી તરીકે ફરજ બજાવેલ હોય તો તેની વિગતવાર માહિતી માંગી હોવાનું જણાય છે. પરંતુ પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતીમાં મજકુર બન્ને કર્મચારીઓ સુરત મહાનગરપાલિકામાં સદર નિમણુંક પામ્યા તે પહેલા ચોકકસ કયા સમયગાળા/વર્ષ દરમ્યાન સુ.મ.પા.ના ચોકકસ કયા ઝોન/વિભાગમાં રોજીદા, બદલી કે ટેમ્પરરી કર્મચારી તરીકે ફરજ બજાવેલ છે તે સ્પષ્ટ થતુ નથી. આથી પ્રસ્તુત મુદો અસ્પષ્ટ જણાય છે. કારણકે મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત સુ.મ.ન.પાલિકાના વિવિધ સાત ઝોન/વિભાગની માંગણી અનુસાર વર્ષોવર્ષ જુદી જુદી કામગીરીઓ માટેના રોજીદા દરના કામદારોની જરૂરીયાત મુજબના સમયગાળા/દિવસો માટે સુરત મહાનગરપાલિકાના વિવિધ સાત ઝોન તથા વિવિધ વિભાગોમાં માત્ર જગ્યા ઉપસ્થીત કરવામાં આવે છે. તે રોજીદા દરની ઉપસ્થિત કરવામાં આવતી જગ્યાઓ ઉપર મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા કોઈપણ પ્રકારની નિમણુંક આપવામાં આવતી નથી કે ફરજમાં રોકવામાં આવતા નથી. પરંતુ તે ઉપસ્થીત કરવામાં આવતી જગ્યાઓ ઉપર વિવિધ ઝોન/વિભાગ કક્ષાએથી જ કામદારો મેળવી રોજીદા દરે ફરજમાં રોકવામાં આવતા હોય છે. આથી મજુકર બન્ને કર્મચારીઓ ધ્વારા સુરત મહાનગરપાલિકામાં

સદર નિમણુંક પામવા પહેલા જો ઉકત વિવિધ ઝોન/વિભાગમાં રોજીંદા દરના કામદાર તરીકે ફરજ બજાવી હોય તો તેની વિગત/માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએ ઉપલબ્ધ હોય નહી શકે. તેમજ પ્રસ્તુત માંગ્યા મુજબની માહિતી કયા ઝોન/વિભાગ કક્ષાએ ઉપલબ્ધ હોઈ શકે તે અત્રેથી નકકી થઈ શકતુ નહી હોય, કયા ઝોન/વિભાગમાં પ્રસ્તુત મુદ્દાની માહિતી પુરી પાડવા માટે અરજી તબદીલ કરવી તે પણ નકકી થઈ શકતુ નથી. આમ, મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી મુજબની પુર્તતા કરવામાં આવી છે તે યોગ્ય જણાય છે.

તેમજ મુદ્દા નં.૯ થી "મજકુર બંને કર્મચારીઓએ નોકરી માટે અરજી કરી હોય અને અરજીની સાથે જે કોઈપણ પ્રમાણપત્રો, એલ.સી. વિગેરે રજુ કરેલ હોય તે તમામની નકલો આપશોજી (અરજી સહિત)" મુજબની માહિતી માંગેલ. તે બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી ધ્વારા પુર્તતા કરવામાં આવેલ છે કે "મજકુર બંને કર્મચારીઓને મુદ્દાન નં.૧ મુજબ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં સમાવવામાં આવેલ છે. તેમજ તેઓએ સુરત મહાનગરપાલિકાની નોકરી માટે રજુ કરેલ કોઈપણ પ્રકારના પ્રમાણપત્રોની નકલ સંબંધી માંગવામાં આવેલ માહિતી એ તેઓનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે અત્રેની કચેરીને ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉકત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ છે. વધુમાં ઉપરોકત મુજબ અધિકારી/કર્મચારીની લાયકાત/અનુભવ વિગેરેના પ્રમાણપત્ર માંગવામાં આવતી માહિતી આપવા બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.૧૦૪૨/૨૦૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં કલમ–૮(૧)(ઠ) હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી ન હોય, તેમ જણાવી અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે." જે અનુસારની કાયદાના પરીપેક્ષ મુજબની કરવામાં આવેલ પુર્તતા વ્યાજબી અને યોગ્ય જણાય છે. આમ, મજુકર અરજદારની મુળ અરજી પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી નિયમાનુંસાર સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ છે જે યોગ્ય અને ઉચિત જણાતુ હોય, આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી જણાતી ન હોય કે અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલએ તેઓની મુળ અરજી આઈ.ડી. નં.૧૧૨૫ તા.૬/૮/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૩૨૬૯ તા.૩૧/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા લાગત મુદ્દા નં.૧ અને ૨ ની માહિતીની નકલો મેળવવા ઈચ્છતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૭૦ તા.૩૧/૮/૧૬ થી રૂા.૨૬/– તથા મુદ્દા નં.૭ની માહિતીની નકલો માટે પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૭૧ તા.૩૧/૮/૧૬થી રૂા.૯૬/– મળી કુલ રૂા.૧૨૨/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. તા.૧૨/૦૯/૧૬ના રોજ અરજદાર ધ્વારા રૂબરૂ મુલાકાત દરમ્યાન જણાવેલ છે કે મને ઉપરોકત કોઈપણ પત્રો કે માહિતી મળેલ નથી, જેથી અરજદાર મજકુરને હાથોહાથ ઉકત પત્રોની નકલો આપવામાં આવેલ. જે પત્રો સંદર્ભે તેઓ તરફથી તા.૧૨/૦૯/૧૬ ના રોજ બંને પત્રોમાં જણાવેલ નકલ ફી રૂા.૧૨૨/– સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે રસીદ નં.૩૧૬૨ તા.૧૨/૯/૧૬ ના રોજ ભરપાઈ કરતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ વિભાગ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૫૪૧ તા.૧૪/૦૯/૧૬ થી લાગત મુદ્દાની માહિતીની નકલો હાથોહાથ પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તા.૨૯/૯/૧૬ના રોજથી ફરીથી મધ્યસ્થ મહેકમ વિભાગને સંબોધીને કરેલ અપીલ અરજીમાં જણાવેલ મુદ્દા નં.૬ તથા મુદ્દા નં.૯ બાબતે કરવામાં આવેલ ઉકત સ્પષ્ટતાઓ /પુર્તતા ધ્યાને લેતા મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા તથા તે સબંધી લાગત મુદ્દાઓની પુરી પડાયેલ નકલો યોગ્ય જણાય છે. આમ, પ્રસ્તતુ અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી જણાતી ન હોય, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, આથી તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૪૧૧૦
તા.૦૭/૧૦/૨૦૧૬

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી ઈશ્વરભાઈ સુખાભાઈ પટેલ પ્રતિ.....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૦/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી રમેશભાઈ મગનભાઈ પટેલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી રમેશભાઈ મગનભાઈ પટેલની તા.૮/૮/૧૬ની અરજી આઈ.ડી.નં.૨૭૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૯/૯/૧૬ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/20/16-17.

અરજદાર શ્રી રમેશભાઈ મગનભાઈ પટેલએ તેઓની મુળ અરજી તા.૮/૮/૧૬ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૭૬ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૩૨૦૪ તા.૨૯/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા સબંધીત મુદ્દાઓની માંગેલ માહિતીની નકલો મેળવવા ઈચ્છતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૦૫ તા.૨૯/૮/૧૬માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૭૮/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે અરજદાર તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. અરજદારે અપીલ તબકકે મુળ અરજી આઈ.ડી.નં.૨૭૬ તા.૮/૮/૧૬ના મુદ્દા નં.૧ થી ૫ નો ઉલ્લેખ કરી "નમુના–ક માં અરજી સાદર કર્યા પછી ત્રીસ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી" તેમ જણાવેલ છે. પરંતુ અરજદારની સદર મુળ અરજી પરત્વે માહિતી પુરી પાડવા સંદર્ભે નિયમાનુંસાર અને નિયત સમય મર્યાદામાં અત્રેની કચેરી ખાતેથી ઉપરોકત મુજબની યોગ્ય કાર્યવાહી કરવામાં આવેલી છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી રમેશભાઈ મગનભાઈ પટેલએ તેઓની મુળ અરજી તા.૮/૮/૧૬ના રોજ કરેલ આઈ.ડી. નં.૨૭૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ ઇએસટી/૩૨૦૪ તા.૨૯/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા સબંધીત મુદ્દાઓની માંગેલ માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૦૫ તા.૨૯/૮/૧૬માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૭૮/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે અરજદાર તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. જેથી આ અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરવા જોગ જણાય છે. તેમછતાં અરજદાર જો ઈચ્છુક હોય તો ઉપરોકત પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૦૫ તા.૨૯/૮/૧૬માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૭૮/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા સ્વતંત્ર છે. તે મુજબનો હુકમ કરવા જોગ છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી રમેશભાઈ મગનભાઈ પટેલએ તેઓની મુળ અરજી તા.૮/૮/૧૬ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૭૬ સંદર્ભે અપીલ તબકકે "નમુના ક માં અરજી સાદર કર્યા પછી ત્રીસ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી" તેવી રજુઆત કરેલ છે. પરંતુ પ્રસ્તુત અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ ઇએસટી/૩૨૦૪ તા.૨૯/૮/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી તથા સબંધીત મુદ્દાઓની માંગેલ માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૦૫ તા.૨૯/૮/૧૬ માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૭૮/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા જાણ કરેલ. જે પત્ર સંદર્ભે અરજદાર તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. આમ અરજદારની સદર મુળ અરજી પરત્વે માહિતી પુરી પાડવા સંદર્ભે નિયમાનુંસાર અને નિયત સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ વિભાગ) ધ્વારા ઉપરોકત મુજબની યોગ્ય કાર્યવાહી કરવામાં આવેલી છે. આથી અપીલ અરજી અંગે વિશેષ કંઈ ન કરતા તે દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. તેમછતાં અરજદાર જો ઈચ્છુક હોય તો ઉપરોકત પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૦૫ તા.૨૯/૮/૧૬માં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૭૮/– આ હુકમ મળ્યાથી દિન–૧૦ માં ભરપાઈ કરી લાગત નકલો મેળવવા સ્વતંત્ર છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)

નં.જીએડી/ઇએસટી/૪૨૨૫ — **અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ)**

તા.૧૫/૧૦/૨૦૧૬ — **સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**

**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી રમેશભાઈ મગનભાઈ પટેલ, પ્રતિ.....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૨૧/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી ધનુબેન કાંતીલાલ સુરતી

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી ધનુબેન કાંતીલાલ સુરતીની તા.૧૦/૮/૧૬ની અરજી આઈ.ડી.નં૧૧૪૯ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૨૭/૯/૧૬ ની અપીલ અરજી નં. No.SMC/GAD/FAP/21/16-17.

અરજદાર શ્રી ધનુબેન કાંતીલાલ સુરતીએ તેઓની **મુળ અરજી તા.૧૦/૮/૧૬ના** રોજ કરેલ આઈ.ડી. નં.૧૧૪૯ (ના.સુ.કે. સે.ઝોન) થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગેલ. જે અરજી એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારી ધ્વારા નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/૧૧૪૯ તા.૧૧/૮/૧૬ થી એ.આર.ઓ. અને જા.મા.અ.શ્રી સેન્ટ્રલ ઝોનને તબદીલ કરતા જાહેર માહિતી અધિકારી અને આકારણી વસુલાત અધિકારી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા પત્ર નં.એઆરડી/૧૫૦ તા.૨૨/૮/૧૬ થી પર્સોનેલ ઓફીસર (સેન્ટ્રલ ઝોન–મહેકમ)ને તબદીલ કરેલ. જે જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર, સેન્ટ્રલ ઝોન ધ્વારા તેઓના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૪૯૬ તા.૧૭/૯/૧૬ થી મધ્યસ્થ મહેકમ વિભાગને નિયત સમયમર્યાદા બહાર તબદીલ કરવામાં આવતા જે **તા.૧૯/૯/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ**. આ અંગે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ધ્વારા મુળ અરજી નિયત સમયમર્યાદા બહાર તબદીલ કરવામાં આવતા મજકુર અરજદારને નિયમ મુજબ નિયત નમુના–ગ માં પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૫૮ તા.૨૭/૯/૧૬થી જરૂરી જવાબ/પુર્તતા કરી સબંધીત મુદ્દાઓની લાગત માહિતીની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. અરજદારે અપીલ તબકકે મુળ અરજી આઈ.ડી. નં.૧૧૪૯ તા.૧૦/૮/૧૬ના મુદ્દા નં.૧ થી ૫ નો ઉલ્લેખ કરી "આઈ.ડી. નં.૧૧૪૯ તા.૧૦/૮/૧૬ મુજબ કોઈપણ પ્રત્યુત્તર મળેલ નથી" તેમ જણાવી અપીલ દાખલ કરેલ.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી ધનુબેન કાંતીલાલ સુરતીએ તેઓની મુળ અરજી તા.૧૦/૮/૧૬ના રોજ કરેલ આઈ.ડી. નં.૧૧૪૯ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૫૮ તા.૨૭/૯/૧૬ થી મુળ અરજી નિયત સમયમર્યાદા બહાર સેન્ટ્રલ ઝોન મહેકમ વિભાગ તરફથી તબદીલ કરવામાં આવતા, મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત પત્ર ધ્વારા જરૂરી જવાબ/પુર્તતા કરી સબંધીત મુદ્દાઓની લાગત માહિતીની નકલો નિયમ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. જેથી આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર અરજદાર શ્રી ધનુબેન કાંતીલાલ સુરતીએ તેઓની મુળ અરજી તા.૧૦/૮/૧૬ના રોજ કરેલ આઈ.ડી. નં.૧૧૪૯ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૫૮ તા.૨૭/૯/૧૬ થી મુળ અરજી નિયત સમયમર્યાદા બહાર સેન્ટ્રલ ઝોન મહેકમ વિભાગ તરફથી તબદીલ કરવામાં આવતા, મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા ઉકત પત્ર ધ્વારા જરૂરી જવાબ/પુર્તતા કરી સબંધીત મુદ્દાઓની લાગત માહિતીની નકલો નિયમ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. જેથી આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૪૪૦૯
તા.૨૪/૦૯/૨૦૧૬

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી ધનુબેન કાંતીલાલ સુરતી, પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૨/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલાની તા.૨/૯/૧૬ની અરજી આઈ.ડી.નં.૧૩૦૦ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૬/૧૦/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/22/16-17.

અરજદાર શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલાની આઈ.ડી.નં.૧૩૦૦(સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર) તા.૨/૯/૧૬ ની અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ, તમામ ઝોન તથા આરોગ્ય મહેકમ વિભાગને નં.સીસીસી/સીઝેડ/ આરટીઆઈ /આઉટ/૧૩૦૦ તા.૬/૯/૧૬ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીમાં તા.૮/૯/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ. આ મળેલ અરજી સબંધી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૬૩ તા.૨૭/૯/૧૬ થી નમુના–ગ માં જવાબ / પુર્તતા કરી લાગત મુદ્દાઓની નકલો મેળવવા માંગતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૬૪ તા.૨૭/૯/૧૬ થી નકલ ફી રૂા.૧૭૦/– ભરપાઈ કરી નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટરમાં રસીદ નં.૩૯૦૬ તા.૨૮/૯/૧૬થી નકલ ફી ભરપાઈ કરતા, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૯૫૩ તા.૩૦/૯/૧૬થી મુદ્દા નં.૧ થી માંગવામાં આવેલ લાગત માહિતીની નકલો નંગ–૮૫ પુરી પાડવામાં આવેલ. ઉપરોકત પત્રોથી કરેલ પુર્તતા /જવાબ તથા લાગત મુદ્દાઓની પુરી પાડવામાં આવેલ નકલો સંદર્ભે અરજદાર મજકુર ધ્વારા પ્રથમ અપીલ તબકકે "નીચલી પાયરીના કર્મચારીઓના હોદ્દા બાદ ઉપલી પાયરીમાં નિમણુંક પામેલ કર્મચારીઓના ઉચ્ચતર પગારધોરણ બાબતની માહિતી" તેમ જણાવી ૯ પાનાની વિશાળ પ્રમાણમાં અલગ અલગ મુદ્દાઓ ઉપર નીચે મુજબની દલીલો ઉપસ્થિત કરી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ, જેની ટુંકમાં વિગતો નીચે મુજબ છે.

"મે માંગેલ માહિતી મુદ્દા નં.૨ તથા અન્ય મુદ્દાઓમાં જે માહિતી માંગેલ છે તે ખુબ જ સ્પષ્ટ છે. જે સુ.મ.પા.ના જ નીચલી કેડરમાં જોડાયા બાદ જે કર્મચારી ઉચ્ચ હોદ્દા ઉપર/ઉપલી કેડરમાં નિમણુંક પામેલ છે તેવા જ કર્મચારીઓને લાગત માહિતીની જરૂર છે અને સુ.મ.પા.નાં ઉચ્ચ હોદ્દા ઉપર નિમણુંક પામેલ છે તેવા જ કર્મચારીઓની માહિતી માંગેલ છે. આ બાબતે જાહેર માહિતી અધિકારીશ્રીએ મારા પ્રશ્નોની વિગત સ્પષ્ટ અને લીમીટેડ હોવા છતાં ગેરસમજ કરેલ હોય તેવુ માલુમ પડેલ છે અને મે કોઈ વિશાળ પ્રકારની માહિતી માંગેલ નથી છતાં જા.મા.અધિકારીશ્રીએ મને માહિતી આપેલ નથી. સુ.મ.પા.માં નીચેની કેડરમાં જોડાઈને ઉચ્ચ હોદ્દા ઉપર નિમણુંક પામતા કર્મચારીઓની સંખ્ય ખુબ જ ઓછી હોય લીમીટેડ હોય તે સ્વાભાવિક છે. આમ છતાં જા.મા.અધિકારી સ્વવિવેક અનુસારઉપલબ્ધ માહિતી આપી શકે એમ હોવા છતાં કોઈપણ અંશતઃ માહિતી આપવા પણ તૈયાર નથી. જા.મા.અધિકારી જાણી બુઝીને કોઈક કારણોસર અરજદારને માહિતી આપવા માંગતા નથી, મે ચોકકસ સમયગાળો દર્શાવેલ નથી તેટલા કારણસર માહિતી પુરી પાડવામાં ન આવે તો તે ન્યાયી અને યોગ્ય નથી. ઉચ્ચ હોદ્દા પર નિમણુંક પામેલ ગણ્યા ગાંઠયા કર્મચારીઓનીજ માહિતી આપવાની રહે છે અને આવી માહિતી કોઈપણ અધિકારી કે કર્મચારી વિરૂધ્ધ તપાસ/ફરીયાદ અંગેની નથી. મે માંગેલ માહિતી પુરી પાડવા જોગ હોવા છતાં જડજમેન્ટનો ખોટો આધાર લઈ ખોટુ અર્થઘટન કરીને માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે તે મને મંજુર નથી. આ બાબતે નામ.ગુજરાત માહિતી આયોગમાં બીજી અપીલ કરવાનો હકક અબાધીક રાખીને મને માગ્યા મુજબની માહિતી આપવા બાબતે જા.મા.અધિ.શ્રીને આદેશ ફરમાવશોજી"

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૬૩ તા.૨૭/૯/૧૬ થી નમુના–ગ માં જવાબ/પુર્તતા કરી લાગત મુદ્દાઓની નકલો મેળવવા માંગતા હોય તો નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૬૪ તા.૨૭/૯/૧૬થી નકલ ફી રૂા.૧૭૦/– ભરપાઈ કરી નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટરમાં રસીદ નં.૩૯૦૬ તા.૨૮/૯/૧૬થી નકલ ફી ભરપાઈ કરતા, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૩૯૫૩ તા.૩૦/૯/૧૬થી મુદ્દા નં.૧ ની પુર્તતામાં ઉચ્ચ પગારધોરણને લાગત સબંધીત તમામ ઠરાવો/પરિપત્રો વિગેરેની કુલ–૮૫ નકલો પુરી પાડવામાં આવેલ જે યોગ્ય છે. મુદ્દા નં.૨ થી ૪ ની માંગ્યા મુજબની માહિતી ઘણી વિસ્તૃત અને વિશાળ પ્રકારની અને અસ્પષ્ટ હોવાનું જણાય છે. કારણકે પ્રસ્તુત મુદ્દાઓથી માંગવામાં આવેલ માહિતી કયા અધિકારી/કર્મચારીની કે કયા સમયગાળાની છે તે અરજીમાં સ્પષ્ટ કરવામાં આવેલ નથી. સુરત મહાનગરપાલિકા અસ્તીત્વમાં આવી ત્યારથી વર્ષોવર્ષ ઘણીબધી નીચલી કેડરના કર્મચારીઓ સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયા બાદ સુરત મહાનગરપાલિકામાં જ ઉચ્ચ હોદ્દા ઉપર નિમણુંક પામેલ છે. વધુમાં સુરત મહાનગરપાલિકામાં ઘણોજ વિશાળ અને વિવિધ પ્રકારની કેડરનો સ્ટાફ હોય, ઉચ્ચતર પગારધોરણ ચુકવવા અંગેના ઠરાવો મંજુર થયા બાદ વર્ષોવર્ષ વિવિધ કેડરના વિશાળ કર્મચારી ગણને ઉચ્ચતર પગારધોરણનો લાભ ચુકવવા અંગેના કચેરી હુકમો ઈસ્યુ કરવામાં આવે છે. આમ પ્રસ્તુત કયા સમયગાળાની તેમજ કઈ કેડરના કયા અધિકારી/કર્મચારીની સદર માહિતી માંગવામાં આવેલ છે તે અરજીમાં સ્પષ્ટ થતુ ન હોય પ્રસ્તુત માંગ્યા મુજબની માહિતી પુરી પાડવુ ઘણું જ મુશ્કેલ જણાય છે.

વધુમાં ઉપરોકત મુજબની ઘણી વિશાળ પ્રકારની માંગવામાં આવતી માહિતીની વિગતે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.૩૭૧૫/૨૦૧૬ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ "વિવાદીની અરજીમાં માંગેલ માહિતી સમગ્ર સુરત મહાનગરપાલિકામાં થયેલ કામગીરી અંગેની છે, જે વિસ્તૃત પ્રમાણમાં માંગેલ છે.જે આપવાપાત્ર થતી નથી" મુજબનો ચુકાદો આપેલ છે. આથી પ્રસ્તુત અરજીથી માંગવામાં આવેલ અરજીને પણ સદર નામ.રાજય માહિત આયોગનો ચુકાદો લાગુ પડતો હોવાનું સ્પષ્ટપણે જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |



વધુમાં આ પ્રકારની વિશાળ પ્રમાણમાં Indiscriminate and impractical માંગવામાં આવતી માહિતી બાબતે ગુજરાત રાજય માહિતી કમિશ્નરશ્રી તરફથી એક અપીલ નં.૨૫૯૭–૨૦૧૪ માં તા.૮/૯/૧૫ થી કરવામાં આવેલ હુકમમાં માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલ એક મહત્વના કેસ સીવીલ અપીલ નં.૬૪૫૪–૨૦૧૧ માં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા તા.૯/૮/૧૧ થી આપેલ ચુકાદો ટાંકેલ છે. તે નીચે પ્રમાણે છે, જે પણ પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી સંદર્ભે ઘ્યાને લેવા જોગ છે.

37. Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquility and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicatns instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing 'information furnishing', at the cost of their normal and regular duties."

આમ, પ્રસ્તુત મુદ્દા નં.૨ થી ૪ માંગ્યા મુજબની માહિતી સુરત મહાનગરપાલિકાના કયા અધિકારી/ કર્મચારીની કયા સમયગાળાની માંગવામાં આવી છે તે બાબતે અરજદાર તરફથી યોગ્ય સ્પષ્ટતા કરવામાં આવ્યેથી જ તેવી નામ જોગ માંગ્યા મુજબની માહિતી અરજદારને પુરી પાડી શકાશે તેમજ મધ્યસ્થ મહેકમ વિભાગની માહિતી માટે મધ્યસ્થ મહેકમ વિભાગ હસ્તક અધિકારી/ કર્મચારીની નિભાવવામાં આવતી સર્વિસબુક પરથી માંગવામાં આવેલ માહિતીનો સંદર્ભ મળી શકે તેમ હોય તે સર્વિસ બુકોની તેમજ સમગ્ર સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આપવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણની માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી ઉચ્ચતર પગાર ધોરણના વર્ષોવર્ષ ઈસ્યુ કરવામાં આવેલ ઉપલબ્ધ કચેરી હુકમની ફાઈલની અત્રેની કચેરી ખાતે બીજો તથા ચોથા શનિવાર/ રવિવારની જાહેર રજા તથા જાહેર તહેવારની રજા સિવાય અત્રેની કચેરીના કામકાજના સમય દરમ્યાન આગોતરી તારીખ અને સમય મેળવી રૂબરૂ હાજર રહી નિયમાનુંસારની રેકર્ડ તપાસણી અંગેની ફી ભરપાઈ કરવાની શરતે રેકર્ડ તપાસણી કરી જવા તથા ત્યારબાદ પ્રસ્તુત માંગ્યા મુજબની જે માહિતી ઉપલબ્ધ હોય તે પૈકી તેઓને જરૂરીયાત મુજબની માહિતી નિયમાનુંસારની નકલ ફી ભરપાઈ કર્યેથી પુરી પાડવામાં આવશે એવુ પણ અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મહેકમ) ધ્વારા સદર પત્રથી અરજદારને જણાવેલ છે. તેમ છતાં અરજદાર તરફથી તેવી કોઈ રેકર્ડ તપાસણી કરવામાં આવેલ નથી અને સીધી અપીલ અરજી દાખલ કરેલ છે. જેથી મુદ્દા નં.૨ થી ૪ની કરવામાં આવેલ પુર્તતા યથા યોગ્ય અને વ્યાજબી જણાય છે.

વધુમાં આર.ટી.આઈ.એકટ હેઠળ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. પ્રશ્નો/ કારણો/ અભિપ્રાય/ મંતવ્ય માંગવા સમાન માહિતી પુરી પાડવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી બનતી નથી. જેના અનુસંધાનમાં ભારત સરકાર કર્મચારી વર્ગ જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય કર્મચારી વર્ગ અને તાલીમ વિભાગના ક્રમાંક : ૧/૭/૦૯/ આઈ.આર. તા.૧/૬/૦૯ તથા નં.૧/૧૮/૧૧–આઈ.આર. તા.૧૬/૯/૧૧ની નકલ પણ અવલોકનાર્થે અરજદારને આપવામાં આવેલ છે. વધુમાં સુરત મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીની સદર માંગવામાં આવેલ માહિતી વિસ્તૃત અને વિશાળ જ ગણી શકાય. કારણકે સુ.મ.પા.માં જ નીચલી કેડરમાં જોડાયા બાદ જે કર્મચારી ઉચ્ચ હોદ્દા ઉપર/ઉપલી કેડરમાં નિમણુંક પામેલ તેવી માહિતીનું કોઈ રેકર્ડ કે રજીસ્ટર અલગથી નિભાવવામાં આવતુ નથી. સુરત મહાનગરપાલિકામાં ઘણીબધી નીચલી કેડરમાંથી ઘણીબધી જુદી જુદી ઉચ્ચ કેડર/ઉપલી કેડરમાં કર્મચારી નિમણુંક પામેલ છે. આથી અરજદારે ખુબજ સ્પષ્ટ અને જરુરીયાત અનુસારની માહિતીની માંગણી કરવી જોઈએ. જાહેર માહિતી અધિકારીએ અસ્પષ્ટ માંગવામાં આવતી માહિતી સ્વવિવેકથી કે સમજવાનો પ્રયાસ કરી માહિતી આપવુ શકય નથી. જાહેર માહિતી અધિકારી ચોકકસ પ્રકારની માંગવામાં આવતી માહિતી જ રેકર્ડને આધારે પુરી પાડી શકે. સુરત મહાનગરપાલિકા અસ્તીત્વમાં આવ્યુ ત્યારથી આજદિન સુધીમાં નીચલી કેડરમાંથી ઉચ્ચ હોદ્દા ઉપર/ઉપલી કેડરમાં નિમણુંક પામેલ હોય તેવા કર્મચારીની સંખ્યા નાનીસુની નહી હોય શકે તેમજ તેવી માહિતીનો સંળગ રેકર્ડ કે રજીસ્ટર નિભાવવામાં આવતુ ન હોય તેમજ તેવો રેકર્ડ અનેક રેકર્ડ ઉઠલાવીને માહિતી એકત્રીત કરવી પડે. તેવા સંજોગોમાં જાહેર માહિતી અધિકારીએ તેવી માહિતી પુરી પાડવી ઘણુજ મુશ્કેલ છે. તેમજ તેવા એકથી વધુ હોદ્દા ઉપર નિમણુંક પામેલ કર્મચારીઓને વખતો વખત લાગુ પડતા પગારધોરણના નિયમાનુંસાર કયા કયા વર્ષે કયા સ્ટેજના ઉચ્ચતર પગારધોરણ ચુકવવામાં આવેલ છે તે તમામ વિગતોની નકલો તથા આવા ઉચ્ચતર પગાર ધોરણ જે તે સમયે મંજુર થયેલ તેના રીપોટીગ ઓફિસરે કરેલ રીપોર્ટની તથા મંજુરીની નકલો વિગેર માહિતી કોઈપણ પ્રકારના સમયગાળાનો કે નામ જોગ કેડર કે નામ જોગ કર્મચારી/અધિકારીનો ઉલ્લેખ કર્યા વગર સુરત મહાનગરપાલિકાનો ઉલ્લેખ કરી માંગવામાં આવેલ માહિતી વિશાળ અને વિસ્તૃત જ ગણી શકાય.આ પ્રકારની માંગવામાં આવતી માહિતી લીમીટેડ નહી ગણી શકાય. તે સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટનો તા.૯/૮/૧૧ ના ટાંકવામાં આવેલ ચુકાદો તેમજ રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.૩૭૧૫/૨૦૧૬ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ "વિવાદીની અરજીમાં માંગેલ માહિતી સમગ્ર સુરત મહાનગરપાલિકામાં થયેલ કામગીરી અંગેની છે, જે વિસ્તૃત પ્રમાણમાં માંગેલ છે. આપવાપાત્ર થતી નથી." મુજબનો જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા ટાંકવામાં આવેલ ચુકાદો ખુબ જ યથા યોગ્ય અને બંધબેસતો છે.

| | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |
|---|---|---|---|



તેમછતાં મધ્યસ્થ મહેકમ વિભાગની માહિતી માટે મધ્યસ્થ મહેકમ વિભાગ હસ્તક અધિકારી/ કર્મચારીની નિભાવવામાં આવતી સર્વિસબુક પરથી માંગવામાં આવેલ માહિતીનો સંદર્ભ મળી શકે તેમ હોય તે સર્વિસ બુકોની તેમજ સમગ્ર સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને આપવામાં આવેલ ઉચ્ચતર પગારધોરણની માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી ઉચ્ચતર પગારધોરણના વર્ષોવર્ષ ઈસ્યુ કરવામાં આવેલ ઉપલબ્ધ કચેરી હુકમની ફાઈલની નિયમાનુંસારની રેકર્ડ તપાસણી અંગેની ફી ભરપાઈ કરવાની શરતે રેકર્ડ તપાસણી કરી જવા પણ અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ) ધ્વારા અરજદારને જણાવવામાં આવેલ હોય પ્રસ્તુત અરજી પરત્વે થયેલ કાર્યવાહી યોગ્ય અને વ્યાજબી જણાતી હોય મજુકર અરજદાની અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કે હુકમ કરવા યોગ્ય જણાતુ નથી. આમ મજુકર અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૯ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ)ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/કરવામાં આવેલ પુર્તતા વ્યાજબી અને કાયદેસરની જણાતી હોય, તેમજ અરજદારની રજુઆત મુજબની કોઈ માહિતી છુપાવી હોવાનું જણાતુ ન હોય, તે હકીકતોને ધ્યાને રાખી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાનું ઉચિત જણાતુ ન હોય, જે દફતરે કરી તેનો નિકાલ કરવા જોગ જણાય છે.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાલાની મુળ આઈ.ડી.નં.૧૩૦૦ તા.૨/૯/૧૬ ના મુદ્દા નં.૨ થી ૪ માંગ્યા મુજબની માહિતી સુરત મહાનગરપાલિકાના કયા અધિકારી/ કર્મચારીની કયા સમયગાળાની માંગવામાં આવી છે તે બાબતે અરજદાર તરફથી યોગ્ય સ્પષ્ટતા કરવામાં આવ્યેથી જ તેવી નામ જોગ માંગ્યા મુજબની માહિતી અરજદારને પુરી પાડી શકાશે તેમજ મધ્યસ્થ મહેકમ વિભાગની માહિતી માટે મધ્યસ્થ મહેકમ વિભાગ હસ્તક અધિકારી/ કર્મચારીની નિભાવવામાં આવતી સર્વિસબુક પરથી માંગવામાં આવેલ માહિતીનો સંદર્ભ મળી શકે તેમ હોય તે સર્વિસબુકોની તેમજ સમગ્ર સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા તમામ અધિકારી/ કર્મચારીઓને આપવામાં આવેલ ઉચ્ચતર પગારધોરણની માહિતી બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી ઉચ્ચતર પગારધોરણના વર્ષોવર્ષ ઈસ્યુ કરવામાં આવેલ ઉપલબ્ધ કચેરી હુકમની ફાઈલની અત્રેની કચેરી ખાતે બીજો તથા ચોથા શનિવાર/રવિવારની જાહેર રજા તથા જાહેર તહેવારની રજા સિવાય અત્રેની કચેરીના કામકાજના સમય દરમ્યાન આગોતરી તારીખ અને સમય મેળવી રૂબરૂ હાજર રહી નિયમાનુંસારની રેકર્ડ તપાસણી અંગેની ફી ભરપાઈ કરવાની શરતે રેકર્ડ તપાસણી કરી જવા તથા ત્યારબાદ પ્રસ્તુત માંગ્યા મુજબની જે માહિતી ઉપલબ્ધ હોય તે પૈકી તેઓને જરૂરીયાત મુજબની માહિતી નિયમાનુંસારની નકલ ફી ભરપાઈ કર્યેથી પુરી પાડવામાં આવશે એવુ પણ અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મહેકમ) ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૩૮૬૩ તા.૨૭/૯/૧૬ થી અરજદારને જણાવેલ છે. તેમ છતાં અરજદાર તરફથી તેવી કોઈ રેકર્ડ તપાસણી કરવામાં આવેલ નથી અને સીધી અપીલ અરજી દાખલ કરેલ છે. જેથી મુદ્દા નં.૨ થી ૪ની કરવામાં આવેલ પુર્તતા યથા યોગ્ય અને વ્યાજબી જણાય છે તથા મુદ્દા નં.૫ થી ૮ની માહિતી સબંધે કરવામાં આવેલ જવાબ/પુર્તતા પણ યોગ્ય જણાય છે. આથી પ્રસ્તુત અરજી પરત્વે કરવામાં આવેલ કાર્યવાહી યોગ્ય અને વ્યાજબી જણાતી હોય, મજુકર અરજદાની અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કે હુકમ કરવા યોગ્ય જણાતુ નથી. આમ મજુકર અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૯ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ)ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/કરવામાં આવેલ પુર્તતા વ્યાજબી અને કાયદેસરની જણાતી હોય, તેમજ અરજદારની રજુઆત મુજબની કોઈ માહિતી છુપાવી હોવાનું જણાતુ ન હોય, તે હકીકતોને ધ્યાને રાખી આ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, આથી દફતરે કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૪૫૧૪
તા.૨૭/૧૦/૨૦૧૬

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી મહેશચંદ્ર જે.નવસારીવાળા,સુરત પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |



**અપીલ અરજી નં.૨૩/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી મહેન્દ્ર એસ.પાટીલ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી મહેન્દ્ર એસ.પાટીલની તા.૧૧/૮/૧૬ની અરજી આઈ.ડી.નં.૬૯૦૪ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૯/૯/૧૬ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/23/16-17.

અરજદાર શ્રી મહેન્દ્ર એસ.પાટીલએ તેઓની મુળ આઈ.ડી.નં.૫૮૦/૬૦૦/૬૯૦૪ તા.૧૧/૮/૧૬ (સાઉથ ઝોન) થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગેલ. જે અરજી પર્સોનેલ ઓફીસર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન ધ્વારા પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૨૭૪ તા.૨૪/૮/૧૬થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ આ અંગે મધ્યસ્થ મહેકમ વિભાગમાં અરજદારની મુળ અરજી અત્રેની કચેરીના રેકર્ડની ચકાસણી કરતા આજપર્યત તબદીલ થઈને મળેલ ન હોવાથી મજકુર અરજદારને અત્રેની કચેરીને લાગત મુદ્દા નં.૩ ની માંગેલ માહિતી બાબતે કોઈ પુર્તતા, માહિતી કે નકલો પુરી પાડી શકાયેલ ન હોવાનુ જણાવેલ છે. અરજદારે અપીલ તબકકે જણાવેલ છે કે "સાઉથ ઝોન શહેર વિકાશ ખાતમાં ફરજ બજાવનાર અનિલ ડી.ભોજાવાલાની માંગેલી માહિતીમાં ત્રણ પ્રશનમાં માગી હતી જેમાં થી બે પ્રશનોના જવાબ આપવામાં આવ્યો છે પરંતુ ત્રીજા પ્રશનોનો જવાબ મળ્યો નથી" તેમ જણાવી અપીલ અરજી દાખલ કરે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદાર શ્રી મહેન્દ્ર એસ.પાટીલએ તેઓની મુળ આઈ.ડી.નં.૫૮૦/૬૦૦/૬૯૦૪ તા.૧૧/૮/૧૬ (સાઉથ ઝોન) થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની માંગણી કરેલ, જે પૈકી મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૩ની માંગેલ માહિતી બાબતે અરજદારની મુળ અરજી અત્રેની કચેરીને તબદીલ થઈને મળેલ ન હતી પરંતુ સદર અરજી અપીલ તબકકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી, સાઉથ ઝોનના પત્ર નં.સાઝેડ/ટેક/૭૫૭ તા.૧૭/૧૦/૧૬ ની સાથે આમેજ કરવામાં આવેલ હતી. આથી તે પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીના પત્ર નં.જીએડી/ઈએસટી /૪૪૩૭ તા.૨૫/૧૦/૨૦૧૬ થી અરજદારને માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મહેન્દ્ર એસ.પાટીલએ તેઓની મુળ આઈ.ડી.નં.૫૮૦/૬૦૦/૬૯૦૪ તા.૧૧/૮/૧૬ (સાઉથ ઝોન) થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતીની માંગણી કરેલ, જે પૈકી મહેકમ વિભાગને લાગત મુદ્દા નં.૩ની માંગેલ માહિતી બાબતે અરજદારની મુળ અરજી અત્રેની કચેરીને તબદીલ થઈને મળેલ ન હતી પરંતુ સદર અરજી અપીલ તબકકે અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી, સાઉથ ઝોનના પત્ર નં.સાઝેડ/ટેક/૭૫૭ તા.૧૭/૧૦/૧૬ ની સાથે આમેજ કરવામાં આવેલ હતી. આથી તે પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૩૭ તા.૨૫/૧૦/૨૦૧૬ થી અરજદારને માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૪૪૭૫
તા.૨૬/૧૦/૨૦૧૬

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી મહેન્દ્ર એસ.પાટીલ, પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૪/૧૬–૧૭**

**અરજદાર** : શ્રી ઠાકોરભાઈ યુ.પટેલ

**સામાવાળા** : સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી ઠાકોરભાઈ યુ.પટેલની તા.૧૪/૧૦/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૩૫૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૫/૧૧/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/24/16-17.

અરજદારશ્રી ઠાકોરભાઈ યુ.પટેલએ મુળ આઈ.ડી.નં.૩૫૭(મધ્યસ્થ કચેરી) તા.૧૪/૧૦/૧૬થી જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધીને કરેલ, જે મધ્યસ્થ કચેરી ધ્વારા નં.સી/ આરટીઆઈ/૩૫૭ તા.૧૭/૧૦/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ તથા રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૯/૧૦/૧૬ ના રોજ મળેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી નિયત નમુના–ગ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૫૯૬ તા.૩/૧૧/૧૬ થી પુર્તતા કરી મુદ્દા નં.૩ ની માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૪૫૯૭ તા.૩/૧૧/૧૬ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ. તે અંતર્ગત મજકુર અરજદાર ધ્વારા આજદિન સુધી નકલ ફી ભરપાઈ કરી માહિતીની નકલ મેળવેલ નથી અને અપીલ અરજી દાખલ કરી, અપીલ તબકકે સદર પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા સંદર્ભે જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ હોવાથી અપીલ દાખલ કરેલ હોવાનું જણાવેલ છે.

અરજદાર મજકુરે પ્રસ્તુત અપીલ અરજીમાં શ્રી દિપેશ કાંતીભાઈ પટેલ સુરત મહાનગરપાલિકામાં તા.૧૨/૯/૧૬થી વોચ એન્ડ વોર્ડ વિભાગમાં માર્શલ તરીકે નિમણુંક પામેલ છે. તે અંગે મજકુર ઉમેદવારે અરજી સાથે શૈક્ષણિક લાયકાત અને શારીરીક ક્ષમતા બાબતે રજુ કરેલ પ્રમાણપત્રોની માહિતી માંગેલ. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ વિભાગ), સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૪૫૯૬ તા.૩/૧૧/૧૬ થી લાગત મુદ્દાઓની નીચે મુજબ પુર્તતા કરી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ માહિતી આપવા ઈન્કાર કરેલ, જે અંગે અરજદારે નારાજગી દર્શાવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | દિપેશભાઈ કાંતીભાઈ પટેલ ગામ ઈશનપોર તા.ઓલપાડ સદર ઉમેદવારની માર્શલમાં કે ફાયર બ્રિગેડ ખાતામાં ભરતી કરવામાં આવેલ છે. |
| પુર્તતા:– | શ્રી દિપેશભાઈ કાંતીભાઈ પટેલ સુરત મહાનગરપાલિકામાં તા.૧૨/૯/૧૬ ના રોજથી વોચ એન્ડ વોર્ડ વિભાગમાં માર્શલ તરીકે નિમણુંક / ભરતી કરવામાં આવેલ છે. |
| મુદ્દા નં.૨ | ઉપરોકત <u>ઉમેદવારે શૈક્ષણિક લાયકાત</u> તથા શારીરીક ક્ષમતા બાબત <u>રજુ કરેલ પુરાવાની નકલ આપવા કૃપા કરશોજી.</u> |
| પુર્તતા:– (અંશતઃ) | ઉપરોકત ઉમેદવારે અરજી સાથે રજુ કરેલ શૈક્ષણિક લાયકાત બાબતના પ્રમાણપત્રો તેઓની અંગત પ્રકારની માહિતી/ ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબંધોને આધારે અત્રેની કચેરીને ઉપલબ્ધ થયેલ હોય જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી. આ બાબતે નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ –શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂઘ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉકત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ છે.<br>વધુમાં ઉપરોકત મુજબ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.૧૦૪૨/૨૦૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ **<u>તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં</u>** કલમ–૮(૧)(ઠ) હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. આમ, આર.ટી.આઈ. એકટની ઉકત જોગવાઈ, સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદો તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના હુકમને ઘ્યાને લેતા મજકુર કર્મચારીની મિલ્કત સંબધીત માંગવામાં આવેલ માહિતી પુરી પાડવા જોગ જણાતી નથી. |
| મુદ્દા નં.૩ | ભરતી સબબ નિયમોની નકલ આપશોજી. (વખતો વખત સુધારેલ નિયમો સહિત) |
| પુર્તતા:– | માર્શલની ભરતી કરવા સબંધે નકકી કરવામાં આવેલ શૈક્ષણિત લાયકાત /નિયમો અંગે સુરત મહાનગરપાલિકાની તા.૩૧/૩/૧૫ ના રોજ મળેલ માસિક સાધારણ સભાના ઠરાવ નં.૩૫૭/૧૫ ની નકલ (પાના નંગ–૨) આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. જેના પરથી માંગવામાં આવેલ માહિતીનો સંદર્ભ અરજદારને મળી શકે તેમ છે. જે નકલો મેળવવા અરજદાર ઈચ્છુક હોય તો આ સાથે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૪/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ તેઓને પુરી પાડીએ. |
| મુદ્દા નં.૪ | ઉપરોકત ઉમેદવારની ભરતી સબબ કોઈ રજુઆત આવેલ હોય તો તેના પુરાવા આપશોજી. |
| પુર્તતા :– | ઉપરોકત ઉમેદવારની ભરતી બાબતે અત્રેની કચેરીને કોઈ રજુઆત મળેલ ન હોય જેથી માહિતી "નીલ" છે. |

ઉપરોકત હકીકત ઘ્યાને લેતા શ્રી દિપેશ કાંતીભાઈ પટેલ ધ્વારા તેઓએ નિમણુંકના હેતુસર અરજી સાથે રજુ કરેલ <u>શૈક્ષણિક લાયકાતના પુરાવા/ પ્રમાણપત્રો એ ત્રાહિતનો અંગત પ્રકારનો જ રેકર્ડ ગણવાનો રહે. કારણકે જે તે અધિકારી/કર્મચારી ધ્વારા તેઓની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે ફકત તેઓની નિમણુંકના હેતુસર વિશ્વસનીય સંબંધોને આધારે અત્રેની કચેરીને સુપરત/રજુ કરતા હોય છે. જે ત્રાહિત વ્યકિત/અરજદારને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી.</u>

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |



તે સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉક્ત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોક્ત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ તે કેસનું અનુસંધાન કરવામાં આવેલ છે તે બરાબર જણાય છે. કારણકે સદર કેસમાં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા ખુબ જ સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે "personal information" as defined in clause(j) of section 8(1) of the RTI Act. <u>"personal information" the disclosure of which has no relationship to any public activity or public intrest.</u> If the central public Information officer or the state public Information officer of the Appellate Authority is satisfied that the larger public intrest justifies the dislosure of such information appropriate orders could be passed but the <u>petitioner cannot claim those details as a matter of right</u>.

વધુમાં ઉપરોક્ત મુજબ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉક્ત કલમ તથા સદર સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજ્ય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.૧૦૪૨/૨૦૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં કલમ–૮(૧)(ઠ) હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. (પ્રસ્તુત હુકમ સંદર્ભેની અરજદારની મુળ અરજીની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે.) તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. જે તમામ અનુસંધાનની નકલો પણ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા અરજદારને અવલોકનાર્થે પુરા પાડવામાં આવેલ છે. વધુમાં પ્રસ્તુત અપીલ અરજીમાં અરજદારે મે.રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા અપીલ નં.૨૩૪૫/૨૦૦૮–૦૯ માં તા.૧૯/૦૫/૨૦૧૧ રોજ કરેલ હુકમના પેરા (૬) માં કર્મચારીની સેવાપોથીની માહિતી બાબતે કરેલ હુકમનો સંદર્ભ કરેલ છે. તે હુકમનો સંદર્ભ અરજદાર ધ્વારા પ્રસ્તુત અરજીથી મજકુર કર્મચારીની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી સાથે સુસંગત હોવાનું જણાતો નથી.

સદર તમામ હકીકતો ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી નિયત નમુના–ગ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૫૯૬ તા.૩/૧૧/૧૬ થી પુર્તતા કરી મુદ્દા નં.૩ ની માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૪૫૯૭ તા.૩/૧૧/૧૬ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ. જે પત્ર સંદર્ભે અરજદાર તરફથી આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. તેમછતાં અરજદાર જો ઈચ્છુક હોય તો ઉપરોક્ત પત્રમાં જણાવ્યા મુજબ નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા સ્વતંત્ર છે. આમ, મહેકમ વિભાગ ધ્વારા મુળ આઈ.ડી. સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી/પુર્તતા/જવાબ યોગ્ય જણાય છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી ઠાકોરભાઈ યુ.પટેલની મુળ આઈ.ડી.નં.૩૫૭ (મધ્યસ્થ કચેરી) તા.૧૪/૧૦/૧૬ થી માહિતી માંગતી અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી નિયત નમુના–ગ ના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૫૯૬ તા.૩/૧૧/૧૬ થી પુર્તતા કરી માર્શલ તરીકે નિમણુંક પામેલ શ્રી દિપેશ કાંતીભાઈ પટેલ ધ્વારા તેઓએ અરજી સાથે રજુ કરેલ શૈક્ષણિક લાયકાત અને શારીરીક ક્ષમતા સબબ રજુ થયેલ પ્રમાણપત્રોની માંગેલ, જે માહિતી બાબતે આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ માહિતી આપવા ઈન્કાર કરેલ છે જે યોગ્ય જણાય છે તથા મુદ્દા નં.૩ ની માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ ના પત્ર નં.જીએડી/ ઈએસટી/૪૫૯૭ તા.૩/૧૧/૧૬ થી નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી નકલો મેળવી લેવા જાણ કરવામાં આવેલ, જે પત્ર સંદર્ભે આજદિન સુધી કોઈ નકલ ફી ભરપાઈ કરેલ નહી હોવાથી તેઓને માંગ્યા મુજબની માહિતીની નકલો પુરી પાડી શકાયેલ નથી. તેમછતાં અરજદાર જો ઈચ્છુક હોય તો ઉપરોક્ત પત્રમાં જણાવ્યા મુજબ આ અપીલ હુકમ મળ્યેથી દિન–૧૦ માં નકલ ફી રૂા.૪/– ભરપાઈ કરી લાગત નકલો મેળવવા સ્વતંત્ર છે. આમ, મહેકમ વિભાગ ધ્વારા મુળ આઈ.ડી. સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહી/પુર્તતા/જવાબ યોગ્ય જણાતો હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી તેનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી અરજદાર નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૫૦૬૮
તા.૩૦/૧૧/૨૦૧૬

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી ઠાકોરભાઈ યુ.પટેલ, પ્રતિ..જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૫/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી કુલદીપસિંહ વી.રાઠોડ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી કુલદીપસિંહ વી.રાઠોડની તા.૨૧/૧૦/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૬૬(ફાયર વિભાગ) સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૮/૧૨/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/25/16-17.

અરજદાર શ્રી કુલદીપસિંહ વી.રાઠોડએ તેઓની મુળ આઈ.ડી. નં.૬૬ (ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ) તા.૨૧/૧૦/૧૬ થી મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી માંગેલ. અરજદારે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી સંદર્ભે તા.૮/૧૨/૧૬ની પ્રથમ અપીલ અરજીથી જણાવેલ છે કે "પત્ર નં.જીએડી/ઇએસટી/૪૭૯૦ તા.૧૫/૧૧/૧૬ થી પુરી પાડવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ માહિતી છુપાવીને આપવામાં આવેલ હોવાથી મને અસંતોષ હોય અપીલ કરેલ. કર્મચારી ઈશ્વર એમ. પટેલ (કર્મ.નં.૩૪૯૪૭)ની જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતીના હીસ્ટ્રી કાર્ડમાં તા.૨/૧/૦૯થી ફરજમાં જોડાયા હોવાનુ દર્શાવેલ છે. જે બાબતે ગેરમાર્ગે દોરનારી છે. કારણ કે નાગપુર ખાતે ફાયરમેનને ટ્રેનીગમાં મોકલવામાં આવતા રીપોર્ટમાં તેઓ રેગ્યુલર એપોઈન્ટમેન્ટ તા.૨૧/૧૨/૦૧ થી ફાયરમેન તરીકે નોકરીમાં જોડાયા હતા એમ જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ માહિતી છુપાવીને ગેરમાર્ગે દોરેલ છે. મુદ્દા નં.૨ માં વર્તમાનપત્રમાં પ્રસિઘ્ધ થયેલ ન્યુઝના કટીંગની નકલ સામેલ કરી તેઓ જેલમાં પણ ગયા હતા અને પોતાની ઓળખ અનીલ મગન પટેલ આપીને સુરત મહાનગરપાલિકામાં નોકરી કરતો હોવાની ઓળખ છુપાવી હોય તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હોય છે. જાહેર માહિતી અધિકારીએ કાયેદસરની કાર્યવાહી કરવાની જવાબદારી છે કે નહી તેની કોઈજ માહિતી મારે કોઈ જરૂર નથી આમ જવાબ આપીને જાહેર માહિતી અધિકારીએ કોનુ હીત ચાસવા માટે માહિતી જાહેર નહી કરીને કાયદાનું ભંગ કરીને કાયદાની લીરા ઉપાડેલ છે." તેમ જણાવી અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે, જાહેર માહિતી અધિકારીશ્રી(મહેકમ) ધ્વારા કરવામાં આવેલ પુર્તતામાં પોતાનો પક્ષ રજુ કરતા જણાવેલ છે કે, મજકુર અરજદાર ધ્વારા મુદ્દા નં.૧ થી કર્મચારી નં.૩૪૯૮૭ સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા ત્યારથી આજદિન સુધી કયા કયા હોદા પર ફરજ બજાવી છે, તેમજ આ કર્મચારી પર સને ૨૦૦૩ માં ગુના રજી.નં.૪૯/૨૦૦૩ મુજબ આઈ.પી.સી. કલમ ૧૪૭,૧૪૮,૧૪૯, ૩૨૪, ૪૫૨, ૪૨૭, ૩૦૭ સાથે વાંચતા ૩૩૭, ૩૪, ૧૧૪, ૧૨૦(બી) મુજબના ગુના હેઠળ ૪૬ જેટલા આરોપીમાં ૨૯ માં ક્રમે આ કર્મચારીનુ નામ છે, જેમાં સુરત મહાનગરપાલિકાએ આ કર્મચારીને કેટલો સમય ફરજ મોકુફ કરેલ છે તેની જાણવાનાં હકક સ્વરૂપની માહિતીની માંગણી કરેલ હતી. જે સંદર્ભે કર્મચારી નં.૩૪૯૮૭ નો કોમ્પ્યુટરાઈઝડ હીસ્ટ્રી કાર્ડ રીપોર્ટની નકલ આપવામાં આવેલ. જેમાં  કર્મચારી નં.૩૪૯૮૭ શ્રી ઈશ્વરભાઈ એમ.પટેલ પ્રથમ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ વિભાગમાં તા.૦૨/૦૩/૦૯ થી તા.૦૪/૦૩/૧૬ દર્શાવેલ હતો. આથી તેઓની નિમણુંક તા.૦૨/૦૩/૦૯ ના રોજ થયેલ હોવાનું માની તે તારીખથી સસ્પેન્શન રજીસ્ટર ચકાસણી કરતા સને ૨૦૦૩ માં કરેલ ગુન્હા સબબ ફરજ મોકુફી હેઠળ મુકવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો ન હોય કે તેવો કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની રેકર્ડ આધારીત માહિતી "નીલ" હોવા મુજબની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ. પરંતુ સદર મુજબની અપીલ અરજી સાથે રજુ કરેલ સાંધનીક પુરાવાને ઘ્યાને લેતા પ્રસ્તુત મેટરમાં ફરીથી અન્ય રેકર્ડ/ એસ્ટબ્લીશમેન્ટ રજીસ્ટરની ચકાસણી કરતા મજકુર કર્મચારી નં.૩૪૯૮૭ ઈશ્વરભાઈ એમ.પટેલ સુરત મહાનગરપાલિકામાં તા.૨૧/૧૨/૨૦૦૧ ના રોજ જોડાયેલ હોવાનું ઘ્યાને આવેલ તેમજ તે અન્વયે રેકર્ડની ચકાસણી કરતા મજકુર કર્મચારીને કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૮૭૮ તા.૨૦/૦૬/૦૩ મુજબ ફરજમૌકુફી હેઠળ મુકવામાં આવેલ હોવાનું તથા કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૭૨૫ તા.૨૭/૦૨/૦૪ મુજબ ફરજમાં પુનઃસ્થાપીત કરવા અંગેના હુકમ થયેલ હોવાનું ઘ્યાને આવેલ છે. આમ, મજકુર કર્મચારી નં.૩૪૯૮૭ શ્રી ઈશ્વરભાઈ એમ. પટેલ સુરત મહાનગરપાલિકામાં તા.૨૧/૧૨/૦૧ના ફરજમાં રોજ જોડાયેલ હોય પરંતુ  સદર કોમ્પ્યુટરાઝડ "હીસ્ટ્રી કાર્ડ રીપોર્ટ" માં જે તે સમયે ડેટા એન્ટ્રી કરતી વખતે શરત ચુકથી થયેલ ભુલના કારણે મજકુર કર્મચારીની ફરજનો પ્રથમ વિભાગ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ તા.૦૨/૦૩/૦૯ થી તા.૦૪/૦૩/૧૬ દર્શાવાયેલ હોવાના કારણે તેઓની પ્રથમ નિમણુંક તા.૦૨/૦૩/૦૯ ના રોજ થયેલ હોવાનું સમજી સદર મુજબ માહિતી પુરી પડાયેલ છે. તે બાબત ઘ્યાને લેવા જોગ છે. અરજદાર ધ્વારા અપીલ તબકકે કરવામાં આવેલ રજુઆત મુજબ મજકુર કર્મચારીની માહિતી જાણીબુઝીને છુપાવવાનો કે માહિતી અધુરી પુરી પાડવાનો કોઈ જ બદઈરાદો જાહેર માહિતી અધિકારીનો નથી અને હોય પણ નહી શકે. જે બાબતો ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારીશ્રી(મહેકમ) ધ્વારા જાણીબુઝીને કોઈ માહિતી છુપાવી નથી. પરંતુ ઉપર જણાવ્યા મુજબની શરતુચકને કારણે માહિતી પુરી પાડવામાં ભુલ થયેલ હોવાનું ફલીત થતુ હોય,  અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૧ માં માંગેલ માહિતી ઘ્યાને લેતા મજકુર કર્મચારી ફરજમાં જોડાયા ત્યારથી આજદિન સુધી જુદા જુદા જે હોદ્દા ઉપર ફરજ બજાવેલ છે તે અંગેની માહિતી બાબતે અદ્યતન એમ્પ્લોઈઝ હિસ્ટ્રી રિપોર્ટની નકલ તેમજ તેઓ સામે ફરજમાં જોડાયા બાદ સદર ગુન્હા સબબ સુરત મહાનગરપાલિકા ધ્વારા મજકુર કર્મચારીને ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ તે ફરજમૌકુફીનો કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૮૭૮ તા.૨૦/૦૬/૦૩ તથા પુનઃસ્થાપીત કરવા અંગેના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૭૨૫ તા.૨૭/૦૨/૦૪ની માહિતીની નકલ વિના મુલ્યે નીચે સહી કરનારના પરામર્શમાં રહી મજકુર અરજદારને પુરી પાડવા જોગ છે. વધુમાં મુદ્દા નં.૨ માં "આર.ટી.આઈ. એકટ હેઠળ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અંતગર્ત સદર ગુનાની જાણકારી આપ્યેથી તે પરત્વે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી, તે સંદર્ભે આર.ટી.આઈ. સિવાય અલગથી સક્ષમ સત્તાને ફરીયાદ અરજી કરવા અરજદાર સ્વતંત્ર છે." તેમ જણાવી માહિતી પુરી પાડેલ છે. જે પુરી પાડેલ માહિતી યોગ્ય જણાય છે. તેમ છતાં પોલીસ ગુન્હા સબબ કરવા જોગ કાયદેસરની કાર્યવાહી બાબતે જી.સી.એસ.આર.ના ફરજ મૌકુફી બાબતેના રૂલ્સની નકલ પુરી પાડવા જોગ છે. આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**—: હુ ક મ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી કુલદીપસિંહ વી.રાઠોડએ તેઓની મુળ આઈ.ડી. નં.૬૬ (ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ) તા.૨૧/૧૦/૧૬ થી મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી માંગેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારીશ્રી(મહેકમ) ધ્વારા માહિતી પુરી પાડવામાં શરતચુકથી થયેલ ભુલને ગ્રાહય રાખી મુદ્દા નં.૧ માં કર્મચારી નં.૩૪૯૮૭ ઈશ્વરભાઈ એમ.પટેલની માંગેલ માહિતી ધ્યાને લેતા ફેરચકાસણી કરી મજકુર કર્મચારી ફરજમાં જોડાયા ત્યારથી આજદિન સુધી જુદા જુદા જે હોદ્દા ઉપર ફરજ બજાવેલ છે તે અંગેની માહિતી બાબતે અદ્યતન એમ્પ્લોઈઝ હિસ્ટ્રી રિપોર્ટની નકલો તેમજ તેઓ ફરજમાં જોડાયા બાદ સદર ગુન્હા સબબ સુરત મહાનગરપાલિકા ધ્વારા મજકુર કર્મચારીને ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ તે ફરજમૌકુફીનો કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૮૭૮ તા.૨૦/૦૬/૦૩ તથા પુનઃસ્થાપીત કરવા અંગેના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૭૨૫ તા.૨૭/૦૨/૦૪ની માહિતીની નકલ વિના મુલ્યે નીચે સહી કરનારના પરામર્શમાં રહી મજકુર અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી (મહેકમ)ને આથી હુકમ કરવામાં આવે છે. વધુમાં મુદ્દા નં.૨ માં "આર.ટી.આઈ. એકટ હેઠળ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અંતગર્ત સદર ગુનાની જાણકારી આપ્યેથી તે પરત્વે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવાની જાહેર માહિતી અધિકારીની જવાબદારી થતી નથી, તે સંદર્ભે આર.ટી.આઈ. સિવાય અલગથી સક્ષમ સત્તાને ફરીયાદ અરજી કરવા અરજદાર સ્વતંત્ર છે." તેમ જણાવી માહિતી પુરી પાડેલ છે. જે પુરી પાડેલ માહિતી યોગ્ય જણાય છે. તેમ છતાં પોલીસ ગુન્હા સબબ કરવા જોગ કાયદેસરની કાર્યવાહી બાબતે જી.સી.એસ.આર.ના ફરજ મૌકુફી બાબતેના રૂલ્સની નકલ પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી (મહેકમ) ને આથી હુકમ કરવામાં આવે છે. આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૫૫૫૫
તા.૩૦/૧૨/૨૦૧૬

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી કુલદિપસિંહ વી.રાઠોડ, પ્રતિ.....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૬/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન

**સામાવાળા :** સેકશન ઓફીસર (મહેકમ–પેન્શન) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની તા.૨/૧૧/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૧૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૯/૧૨/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/26/16-17.

અરજદાર શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનએ મુળ આઈ.ડી. નં.૧૭૧૭ (ના.સુ.કેન્દ્ર સેન્ટ્રલ ઝોન) તા.૨/૧૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ)ને સંબોધીને કરેલ. જે મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૬૩૪ તા.૫/૧૧/૧૬ થી પેન્શન વિભાગને સંપુર્ણ તબદીલ કરેલ. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મહેકમ પેન્શન વિભાગ તરફથી આ.નં.જીએડી/ઇએસટી/પી/૧૮૯૦ તા.૨૫/૧૧/૧૬થી લાગત જુદા જુદા વિભાગો/ખાતાઓને તબદીલ કરવામાં આવેલ. અરજદારે તા.૯/૧૨/૧૬ થી પ્રથમ અપીલ અરજી તબકકે "અરજીના મુદ્દા નં.૨, ૩ નો જવાબ મળેલ નથી ૪ માં દરેકની તારીખ જણાવેલ નથી ૬ માં પેન્ડીગ રહેલ કર્મચારીઓ વંચિત રાખનાર ખાતા/ઝોન લાગત જવાબદાર સામે કોઈપણ પગલા લીધેલ હોય તેની વિગત મળેલ નથી મુદ્દા નં.૭ ની માહિતી સંપુર્ણ મળેલ નથી." તેમ જણાવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ પેન્શન વિભાગ)ને લાગત અંશતઃ મુદ્દાઓ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૧૮૯૦ તા.૨૫/૧૧/૧૬ થી "નિવૃત્તિના કચેરી હુકમ નં.જીએડી/ ઇએસટી/૬૦૮૨ તા.૬/૨/૧૬ અન્વયે અ.નં.૧, ૩, ૫, ૬, ૮, ૯, ૧૧ થી ૧૫, ૧૭ કર્મચારીઓની નિવૃત્તિ લાભો માટેની ફાઈલો ચકાસણી કરી પી.પી.ઓ. નંબર ઈસ્યુ કરી હિસાબી ખાતામાં મોકલવામાં આવેલ છે. અ.નં.૭ ની પેન્શન ગ્રેજ્યુટીની ફાઈલ મહેકમ/પુર્વઝોન (વરાછા) આ.નં.૧૪૬૩ તા.૧૫/૧૧/૧૬ થી અત્રેની (પેન્શન વિભાગની) કચેરીએ મળેલ છે. જે સેવા નિવૃત્તિ લાભોની ચુકવણીના અભિપ્રાય હિસાબી ખાતામાં પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૧૮૩૭ તા.૧૬/૧૧/૧૬ થી મોકલવામાં આવેલ તેમજ અ.નં.૨,૪,૧૦,૧૬ અને ૧૮ થી ૩૪ ની પેન્શન ગ્રેજ્યુઈટીની ફાઈલો જે વિભાગમાંથી કર્મચારી નિવૃત્ત થયેલ હોય તે વિભાગમાં આજદિન સુધી પડતર છે. વધુમાં અત્રેની કચેરીએથી તમામ પેન્શન ગ્રેજ્યુઈટી ફાઈલોની ચકાસણીની કાર્યવાહી કરી અભિપ્રાય હિસાબી ખાતામાંથી મળ્યા બાદ બીલ બનાવવાની કાર્યવાહી કરવામાં આવે છે." તેમ જણાવી માહિતી/પુર્તતા અરજદારને નિયત સમય મર્યાદામાં કરવામાં આવેલ છે.

આમ પ્રસ્તુત અરજીથી વયનિવૃતિ અંગેના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૦૮૨ તા.૦૬/૦૨/૧૬ સંદર્ભે માંગવામાં આવેલ માહિતી અન્વયે મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગ તરફથી જરૂરી માહિતી/પુર્તતા નં.જીએડી/ઇએસટી/પી/૧૮૯૦ તા.૨૫/૧૧/૨૦૬ થી પુરી પાડવામાં આવેલ છે તેમજ અન્ય લાગત મુદ્દાઓ બાબતે જુદા જુદા ખાતા/ ઝોનમાં પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૯૦ તા.૨૫/૧૧/૧૬ થી અરજી તબદીલ કરવામાં આવેલ છે. આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની મુળ આઈ.ડી. નં.૧૭૧૭ (ના.સુ.કેન્દ્ર સેન્ટ્રલ ઝોન) તા.૨/૧૧/૧૬ થી વયનિવૃતિ અંગેના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૦૮૨ તા.૦૬/૦૨/૧૬ સંદર્ભે માંગવામાં આવેલ માહિતી અન્વયે મધ્યસ્થ મહેકમ (પેન્શન) વિભાગ તરફથી જરૂરી માહિતી/પુર્તતા નં.જીએડી/ઇએસટી/પી/૧૮૯૦ તા.૨૫/૧૧/૨૦૧૬ થી પુરી પાડવામાં આવેલ છે તેમજ અન્ય લાગત મુદ્દાઓ બાબતે લાગત જુદા જુદા ખાતા/ઝોનમાં પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૯૦ તા.૨૫/૧૧/૧૬ થી અરજી તબદીલ કરવામાં આવેલ હોય, આમ, આ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**

નં.જીએડી/ઇએસટી/૫૬૮૧

તા.૦૫/૦૧/૨૦૧૭

**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ–પેન્શન) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાનાઃ** શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન પ્રતિ...જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૨૭/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની તા.૨/૧૧/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૧૭૧૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૯/૧૨/૧૬ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/27/16-17.

અરજદાર શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનએ મુળ આઈ.ડી. નં.૧૭૧૭ (ના.સુ.કેન્દ્ર સેન્ટ્રલ ઝોન) તા.૨/૧૧/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ)ને સંબોધીને કરેલ. જે મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઇએસટી/૪૬૩૪ તા.૫/૧૧/૧૬ થી પેન્શન વિભાગને સંપુર્ણ તબદીલ કરેલ. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મહેકમ પેન્શન વિભાગ તરફથી આ.નં.જીએડી/ઇએસટી/પી/૧૮૯૦ તા.૨૫/૧૧/૧૬થી લાગત જુદા જુદા વિભાગો/ખાતાઓ સહિત મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ. અરજદારે તા.૯/૧૨/૧૬ થી પ્રથમ અપીલ અરજી તબકકે "અરજીના મુદ્દા નં.૨, ૩ નો જવાબ મળેલ નથી ૪ માં દરેકની તારીખ જણાવેલ નથી ૬ માં પેન્ડીગ રહેલ કર્મચારીઓ વંચિત રાખનાર ખાતા/ઝોન લાગત જવાબદાર સામે કોઈપણ પગલા લીધેલ હોય તેની વિગત મળેલ નથી મુદ્દા નં.૭ ની માહિતી સંપુર્ણ મળેલ નથી." તેમ જણાવેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, મહેકમ વિભાગને લાગત મુદ્દાઓ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૧૨૩ તા.૫/૧૨/૧૬ થી નીચે મુજબની પુર્તતા કરેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ (અંશતઃ) | કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૦૮૨, તા.૦૬/૦૨/૨૦૧૬ મુજબ ૫૮ વર્ષ પુરા થતાં નિવૃત્ત કર્મચારીઓને નિયમોનુસાર મળવાપાત્ર નિવૃત્તિના તમામ લાભો નિયત સમયમર્યાદામાં ચુકવવા માટે સંબંધિત ખાતાઓ/ઝોનના વડા તથા પર્સોનલ ઓફિસર વિગેરેને આદેશાનુસાર જણાવવામાં આવેલ છે. જેમાં ઓર્ડરના અનુ.ક્રમ.નં.૧ થી ૩૪ નિવૃત્ત થઈ ચુકેલ કર્મચારીઓને તમામ લાભો માટે કરેલ કાર્યવાહીની સ્પષ્ટ માહિતી આપવી. |
| પુર્તત :– | પ્રસ્તુત કચેરી હુકમ પૈકીના ક્રમ નં.૯,૧૨ તથા ૨૩ માં નિર્દશીત મધ્યસ્થ મહેકમ વિભાગના કર્મચારીઓને તેઓની નિવૃતિના માસના વેતનમાં નીકળતી હકક રજાના નાણાંની ચુકવણી કરવામાં આવેલ છે. તે સિવાયના અન્ય નિવૃત્તિના લાભોની ચુકવણીની બાબત પેન્શન વિભાગ/એકાઉન્ટ વિભાગને લાગત હોય તેવી માહિતી અત્રેના વિભાગમાંથી પુરી પાડવાની રહેતી નથી. |
| મુદ્દા નં.૨ | કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૦૮૨, તા.૦૬/૦૨/૨૦૧૬માં તમામ લાભો નિયત સમય–મર્યાદા જણાવેલ છે. જેમાં નિયત સમય મર્યાદા કેટલા દિવસ, મહિના, કલાક સ્પષ્ટ કરેલ નથી. જેથી કેટલી સમજવી તેની માહિતી આપવી. |
| પુર્તતાઃ– | પ્રસ્તુત મુદ્દાની વિગતે જણાવવાનું કે કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૦૮૨, તા.૦૬/૦૨/૨૦૧૬માં તમામ લાભો નિયત સમય–મર્યાદામાં ચુકવી શકાય તે માટે કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે. પરંતુ નિવૃત્તિના લાભોની વિના વિલંબે ચુકવણી કરવા બાબતે મધ્યસ્થ મહેકમના પેન્શન વિભાગ ધ્વારા વખતો વખત પરિપત્ર ઈસ્યુ કરી તમામ ઝોન/વિભાગને સુચના આપવામાં આવે છે. વધુમાં ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો–૨૦૦૨ માં દર્શાવ્યા અનુસાર સામાન્ય સંજોગોમાં (ખાતાકીય તપાસ/કોર્ટ કેસ/સરકારી લ્હેણું બાકી ન હોય તેવા સંજોગોમાં) નિવૃતિ બાદ ત્રણ માસમાં ગ્રેજયુઈટીની રકમ ચુકવવાની રહે છે. |
| મુદ્દા નં.૩ | ૫૮ વર્ષની વયમર્યાદા થતા કર્મચારીઓને તેમજ લાગત ખાતાઓ/ઝોનમાં ૬ માસ કે થી વધુ સમય પહેલા કયા હેતુને ધ્યાને લઈ ઓર્ડર કાઢવામાં આવે છે/બનાવવામાં આવે છે. જેની સ્પષ્ટ માહિતી આપવી. |
| પુર્તતાઃ– | પ્રસ્તુત માંગ્યા મુજબની માહિતીની વિગતે જણાવવાનું કે, ૫૮ વર્ષની વયમર્યાદા થતાં કર્મચારીઓને નિવૃત્ત કરવા અંગે ૬ માસ પહેલા ઓર્ડર નિવૃત્તિ બાદના લાભો ચૂકવવા માટેની પૂર્વ તૈયારી કરવાની કાર્યવાહી આરંભાઈ અને તેવા લાભો સમયસર મળી શકે તે હેતુસર ઈસ્યુ કરવામાં આવે છે. |
| મુદ્દા નં.૪ (અંશતઃ) | જીએડી/ઈએસટી/૬૦૮૨, તા.૦૬/૦૨/૨૦૧૬માં જણાવેલ અનુક્રમ નં.૧ થી ૩૪ નિવૃત્ત કર્મચારીઓ જે નિયમોનુસાર મળવા પાત્ર વિવિધ લાભોની ચુકવણી કયારે ચૂકવવામાં આવેલ જેની દરેકની તારીખ પ્રમાણે માહિતી સ્પષ્ટ આપવી. |
| પુર્તતાઃ– | મુદ્દા નં.૧ ની પુર્તતા ધ્યાને લેવા જોગ છે. |

| | |
|---|---|
| મુદ્દા નં.૫ (અંશતઃ) | જીએડી/ઈએસટી/૬૦૮૨, તા.૦૬/૦૨/૨૦૧૬માં જણાવેલ અનુક્રમ નં.: ૧ થી ૩૪ નિવૃત્ત કર્મચારીઓ પૈકી કેટલા નિવૃત્ત કર્મચારીઓને મળવાપાત્ર લાભોની વંચીત રાખવામાં આવેલ છે. જેની તેમજ કયા કારણોસર પેન્ડીગ રાખવામાં આવેલ છે. જેવી સ્પષ્ટ અને ચોખ્ખી માહિતી આપવી. |
| પુર્તતાઃ– | મુદ્દા નં.૧ ની પુર્તતા ધ્યાને લેવા જોગ છે. |
| મુદ્દા નં.૬ (અંશતઃ) | ઓર્ડરમાં જણાવેલ નિવૃત્ત કર્મચારીઓ પૈકી બાકી રહી ગયેલાઓની નિયત સમય મર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર લાભોથી વંચીત રાખનાર ખાતા/ઝોન/લાગત જવાબદારો સામે કોઈ કાયદાકીય પગલા/શિક્ષા કરવામાં આવેલ છે કે કેમ? જેની માહિતી આપવી. |
| પુર્તતાઃ– | મુદ્દા નં.૧ ની પુર્તતા ધ્યાને લેવા જોગ છે, તેમજ પ્રસ્તુત જણાવ્યા મુજબના કોઈ કાયદાકીય પગલા કે શિક્ષા અંગેની કાર્યવાહી મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત થયેલ હોવાનું જણાતુ ન હોય, તેવી માંગ્યા મુજબની માહિતી "નીલ" છે. |
| મુદ્દા નં.૭ (અંશતઃ) | જાન્યુઆરી–૨૦૧૬ થી ૩૧ ઓકટોબર–૨૦૧૬ સુધીમાં સુરત મહાનગરપાલિકા ફરજ બજાવતાં તમામ કર્મચારીઓ પૈકી કેટલા કર્મચારીઓની ૫૮ વર્ષની વયમર્યાદા થયા પછી નિવૃત્ત થયેલ કર્મચારીઓને મળવાપાત્ર લાભો કયારે અને કઈ તારીખે આપવામાં આવેલ છે. તેમજ બાકી રહી ગયેલાઓને કયારે લાભો આપવામાં આવશે. જેની સ્પષ્ટ માહિતી તમામ કેટેગરીની આપવી. |
| પુર્તતાઃ– | મુદ્દા નં.૧ ની પુર્તતા ધ્યાને લેવા જોગ છે. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, પ્રસ્તુત અરજી પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૫૧૨૩ તા.૫/૧૨/૧૬ થી તમામ મુદ્દા નં.૧ થી ૭ ની મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી નિવૃત્ત થયેલ કર્મચારીઓની તથા અન્ય અત્રેના વિભાગને લાગત મુદ્દાની માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની મુળ આઈ.ડી. નં.૧૭૧૭ (ના.સુ.કેન્દ્ર સેન્ટ્રલ ઝોન) તા.૨/૧૧/૧૬ પરત્વે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૫૧૨૩ તા.૫/૧૨/૧૬ થી તમામ મુદ્દા નં.૧ થી ૭ ની મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી નિવૃત્ત થયેલ કર્મચારીઓની તથા અન્ય અત્રેના વિભાગને લાગત મુદ્દાની માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. જે યોગ્ય જણાય છે. આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**

નં.જીએડી/ઇએસટી/૫૬૮૨
તા.૦૫/૦૧/૨૦૧૭

**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષ.નં.૫૧૩**

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન પ્રતિ...જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૨૮/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી કૌશિક નરેશલાલ રાણા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી કૌશિક નરેશલાલ રાણાની તા.૨૨/૧૧/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૧૮૦૦ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૧/૦૧/૧૭ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/28/16-17.

અરજદાર શ્રી કૌશિક નરેશલાલ રાણાની મુળ આઈ.ડી.નં.૧૮૦૦ (સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર) તા.૨૨/૧૧/૧૬ ની અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગને નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૮૦૦ તા.૨૩/૧૧/૧૬ થી મુદ્દા નં.૧ તથા ર ની માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જે અરજી અત્રેની કચેરીમાં તા.૨૮/૧૧/૧૬ ના રોજ પ્રાપ્ત થયેલ. આ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૫૩૪૯ તા.૧૬/૧૨/૧૬ થી નિયત નમુના–ગ માં જવાબ/પુર્તતા કરવામાં આવેલ. ઉપરોકત પત્રથી કરેલ પુર્તતા/જવાબ સંદર્ભે અરજદાર મજકુર નારાજ થઈ, તા.૧૧/૦૧/૧૭ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, પર્સોનેલ ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) ને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટરમાં કરેલ. જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧૨/૦૧/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અપીલ અરજીમાં તેઓએ અપીલ તબકકે જણાવેલ છે કે "તા.૨૨/૧૧/૧૬ ના રોજ જાહેર માહિતી અધિકારી પાસે બે મુદ્દાની માહિતી માંગેલ હતી, જેમાં તેઓના પત્ર નં.૫૩૪૯ તા.૧૬/૧૨/૧૬ની અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય અને નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય અને ત્રાહિતની અંગત માહિતી હોય ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી. જેથી આરટીઆઈ એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી તેમ વિગેરે કારણોસર માહિતી આપેલ નથી. જે કાયદાની કલમો અને દસ્તાવેજો ખોટો આધાર લઈ અને ખોટું અર્થઘટન કરીને મને માહિતી પુરી પાડી નથી. વધુમાં આ કાયદાની કલમો અને અર્થઘટન મારા કિસ્સામાં લાગુ પડતો નથી, કારણ કે આ કલમ–૮ માં જે મને મુકિત આપવામાં આવેલ તે અંગત વિષયની મુકિત આપેલ છે. પરંતુ સાથે કલમ, પ્રોવિઝનો એટલે કલમને અંતે મુકવામાં આવેલ જોગવાઈ નીચે મુજબ છે. પરંતુ સાંસદ અથવા રાજય વિધાન સભા જે માહિતી આપવાનો ઈન્કાર કરી શકાય નહી તેવી કોઈ માહિતી કોઈ વ્યકિતને ઈન્કાર કરવો જોઈશે નહી. જાહેર માહિતીના નિર્ણયની વિગતો ધ્યાને લેતા જાહેર સત્તા મંડળમાં ફરજ બજાવનાર વ્યકિત અને જાહેર સત્તામંડળ વચ્ચે વિશ્વસનીય સંબધ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ વિશ્વસનીય સંબધનો ઉપયોગ માહિતી નકારવા માટે થઈ શકે નહી. આજ કાયદાની કલમ–૮(૧)(ચ) અને (ક) મુજબ અંગત માહિતીની કક્ષામાં મુકવાનું યોગ્ય નથી કારણકે જાહેર સેવકની માહિતી કર્મચારી/અધિકારી જાહેર સેવક તરીકે તેમની ફરજો, જવાબદારીઓ અને નિમણુંક એ નિમણુંક અંગેના કાયદાના નિતિનિયમોમાં થતી હોય છે જેથી તેઓ પ્રત્યે શંકા કે સંદેહના હોય તો જાહેર માહિતીની પારદર્શીતા જળવાય તે જરુરી છે. જેથી આ માહિતી "અંગત માહિતી" ના દાયરામાં મુકાય નહી. જો આવા પ્રકારે આવી રીતે જાહેર સત્તા મંડળ અંગત પ્રકારની વિશ્વસનીય સંબધો ધરાવતી સમજે અને કાયદાની કલમ–૮ માં દર્શાવ્યા મુજબ પેટા કલમો મુજબ અર્થઘટન કરી મુકે તો ભારત દેશમાં તમામ જાહેર માહિતીની માંગવામાં આવતી અરજીઓ અંગત પ્રકાર અને વિશ્વસનીય સંબંધ ગણી લેવામાં આવે તો કાયદાનો મુળ હેતુ સંપુર્ણ રીતે નાશ થઈ જાય. જાહેર માહિતી અધિકારીનો નિર્ણય સ્વીકારી લેવામાં આવે તો પણ મે માંગેલ માહિતી એ સુરત મહાનગરપાલિકા અને અરજદાર વચ્ચેનો કાયદાની શરતો નિયમો વચ્ચેનો એક પ્રકારનો નિમણુંક અંગેનો એગ્રીમેન્ટ છે અને સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળ છે. તેથી જાહેર સત્તા મંડળોમાં થતા કાર્યોમાં જાહેર નાણાં વપરાતા હોય આવા એગ્રીમેન્ટમાં જાહેર હિત સમાયેલુ છે. તેથી સુરત મહાનગરપાલિકા આવી માહિતીને છુપાવી રાખી શકે નહી. જાહેર સત્તા મંડળનો મુખ્ય હેતુ પારદર્શિતાના હેતુને ધ્યાને લઈ નાગરિકોને માહિતગાર કરવા માટે માહિતી આપવી જોઈએ. કર્મચારીની નિમણુંક બદલી અને બઢતીને લગતી માહિતી "અંગત માહિતી" ન હોય તે આપવાની ના પાડી શકાય નહી. "કનેરા બેંક વિરુઘ્ધ કેન્દ્રીય માહિતી આયોગ અને અન્યોના કેસોમાં કેરાલા હાઈકોર્ટની બેંચના ન્યાયાધીશના ચુકાદામાં પણ જણાવ્યુ છે કે કર્મચારીઓની નિમણુંક, બદલી અને બઢતીને લગતી માહિતી કાયદાની કલમ–૮(આઈ)(જે) મુજબ "અંગત માહિતી" કહી શકાય નહી. જો આ માહિતીને અંગત માહિતી ગણવામાં આવે તો તે કાયદાના મુળ હેતુનું એન્કાઉન્ટર કરશે. એટલુજ નહી જો આ માહિતીને "અંગત માહિતી" ગણવામાં આવે તો કોઈ કોઈપણ વ્યકિતને ગેરકાયદેસર પ્રવૃતિઓ સંબધી માહિતી કોઈને મળી શકે નહી. માહિતી અધિકારનો કાયદો આ સિધ્ધી હાંસલ કરવા માટે કાળજી પુર્વ ઘડવામાં નથી આવ્યો. તેથી જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદાનો ખોટો આધાર લઈ ખોટુ અર્થઘટન કરી અંગત માહિતી જણાવી છે તે યોગ્ય નથી. જાહેર માહિતી આપવી જ પડે. જાહેર માહિતી અધિકારી ધ્વારા સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન સીવીલ નં.૨૭૭૩૪/૨૦૧૨ શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરુઘ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશનર અને અન્યોનો ચુકાદો ટાંકવામાં આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા આ કાયદાનું ખોટુ અર્થઘટન કરેલ છે. આ કેસમાં નિમણુંક બઢતી–બદલીની માહિતી અરજદારને આપેલ છે. જાહેર સેવકની ઈન્કમટેક્ષ રીર્ટન તેમના રેર્ટન ઓફ એસેટ તેમણે કરેલા ઈન્વેસ્ટમેન્ટ જેવી માહિતી અંગત ગણી છે નહી કે નિમણુંક અંગેની. વધુમાં પ્રસ્તુત કેસમાં પીટીશનરો પોતે માંગેલ માહિતી જાહેર હિતમાં જરુરી છે તેવો શુભ ઈરાદો પ્રસ્થાપીત કરી શકયા નથી. તેથી માંગેલી માહિતી અંગત પ્રકારની ગણેલ. જેથી આ ચુકાદો મારા કિસ્સામાં લાગુ પડતો નથી. માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈનું સર્જનાત્મક અર્થઘટન કરતા સુશાસન પારદર્શિતા, બિન ભેદ ભાવપુર્ણ વ્યવહાર, યોગ્ય અમલીકરણ અને કુદરતી ન્યાયને લેતા ખાનગી માહિતી મને મળવી જોઈએ" વિગેરે કુલ–૧૦ મુદ્દાઓ ઉપસ્થિત કરી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ.

અરજદાર મજકુરે મુળ આઈ.ડી.માં મુદ્દા નં.૧ થી "સુરત મહાનગરપાલિકામાં સને ૨૦૧૬ માં ધર્મેન્દ્રસિંઘ તખતસિંઘ પરમાર, ડ્રાઈવર તરીકેની નિયુકિત થયેલ તેનો કર્મ.નંબર અને તેઓનું નિયુકિતપત્ર તેમજ નિયુકિત માટે રજુ કરેલા તમામ કાગળો તથા નિયુકિત માટે રજુ કરેલ ફોર્મની સર્ટીફાઈડ નકલો આપવી" તથા મુદ્દા નં.૨ માં "સદર વ્યકિતએ કઈ તારીખે આ જગ્યાએ નિયુકત થવા માટે અરજી કરેલ તે અરજીની નકલ અને તે અરજીમાં રજુ કરેલા તમામ પુરાવાઓની નકલ આપવી"

વિગેરે માહિતીની માંગણી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/ ૪૫૯૬ તા.૩/૧૧/૧૬ થી મુદ્દા નં.૧ અને ૨ ની સંયુકત માહિતી/પુર્તતા નીચે મુજબ કરેલ છે. "સુરત મહાનગરપાલિકામાં ધર્મેન્દ્રસિંઘ તખતસિંઘ પરમાર ડ્રાઈવર તરીકે નિયુકિત તા.૨૧/૦૭/૨૦૧૬ ના રોજ થયેલ છે. જેનો કર્મ.નંબર ૮૫૪૫૩ છે. મજકુર કર્મચારી ધ્વારા સદર નિમણુંક સંદર્ભે રજુ કરેલ અરજી ફોર્મ તથા અરજી ફોર્મ સાથે રજુ કરેલ તમામ કાગળો/પુરાવા/પ્રમાણપત્રોની નકલ એ મજકુર કર્મચારીનો અંગત પ્રકારનો ડોકયુમેન્ટ હોય જે વિશ્વસનીય સંબધોને આધારે તેઓ તરફથી અત્રેની કચેરીને તેઓની નિમણુંકના હેતુસર ઉપલબ્ધ થયેલ હોય તેમજ તે અંતર્ગત તેઓને વ્યકિતગત આપવામાં આવેલ નિમણુંક પત્રની નકલ સંબંધી માહિતી જે ત્રાહિતની અંગત માહિતી હોય, જે ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી."

આ બાબતે નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ – શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉકત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ. વધુમાં ઉપરોકત મુજબ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.૧૦૪૨/૨૦૧૫ માં ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ **તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં** કલમ–૮(૧)(ઠ) હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. જે નકલ અરજદારને અવલોકનાર્થે પુરી પાડવામાં આવેલ.

કર્મચારી ધ્વારા તેઓની નિમણુંકના હેતુસર અરજી સાથે રજુ કરેલ શૈક્ષણિક લાયકાતના પુરાવા/ પ્રમાણપત્ર એ ત્રાહિતનો અંગત પ્રકારનો જ રેકર્ડ ગણવાનો રહે. કારણકે જે તે અધિકારી/કર્મચારી ધ્વારા તેઓની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે ફકત તેઓની નિમણુંકના હેતુસર વિશ્વસનીય સંબંધોને આધારે તેઓની અરજી સાથે અત્રેની કચેરીને સુપરત/રજુ કરતા હોય છે. જે ત્રાહિત વ્યકિત/અરજદારને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી.

વધુમાં ઉપરોકત સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨ શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરૂધ્ધ સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી ઉકત વિગતે માંગવામાં આવેલ માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીશ કરવામાં આવેલ તે કેસનું અનુસંધાન કરવામાં આવેલ છે તે પણ બરાબર જણાય છે. કારણકે સદર કેસમાં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા ખુબ જ સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે "personal information" as defined in clause(j) of section 8(1) of the RTI Act. "personal information" the disclosure of which has no relationship to any public activity or public intrest. If the central public Information officer or the state public Information officer of the Appellate Authority is satisfied that the larger public intrest justifies the dislosure of such information appropriate orders could be passed but the petitioner cannot claim those details as a matter of right.

વધુમાં ઉપરોકત મુજબ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી બાબતે અત્રેથી ઉકત કલમ તથા સદર સુપ્રિમ કોર્ટના ચુકાદાને આધીન ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.૧૦૪૨/૨૦૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં કલમ–૮(૧)(ઠ) હેઠળ જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીશ્રીએ લીધેલ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી ન હોય, અપીલ અરજીને દફતરે કરવા હુકમ કરેલ છે. પ્રસ્તુત હુકમ સંદર્ભેની અરજદારની મુળ અરજીની નકલ અવલોકાનાર્થે અગાઉ પુરી પાડેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ અન્ય એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે. જે તમામ અનુસંધાનની નકલો પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરા પાડવામાં આવેલ છે. તદઉપરાંત હાલમાં પણ રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ **બીજી અપીલ નં.૫૬૧૩/૨૦૧૫ માં** ના.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા **તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં** શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્ર કર્મચારીની અંગત બાબત હોય, કલમ–૮(૧)(ઠ) હેઠળ આપવા પાત્ર થતી નથી મુજબનો હુકમ કરેલ છે. જેની નકલ પણ અવલોકનાર્થે આ સાથે સામેલ રાખવામાં આવેલ છે.

વધુમાં પ્રસ્તુત અપીલ અરજીમાં અરજદાર ધ્વારા કનેરા બેંક વિરુધ્ધ કેન્દ્રીય માહિતી આયોગ અને અન્યોના કેસોમાં કેરાલા હાઈકોર્ટની બેંચના ન્યાયાધીશના ચુકાદો ટાંકેલ છે તે કર્મચારીઓની નિમણુંક, બદલી અને બઢતીને લગતી માહિતી બાબતેનો છે. જેને અરજદાર ધ્વારા પ્રસ્તુત અરજીથી મજકુર કર્મચારીની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવેલ માહિતી સાથે સુસંગત જણાતુ નથી. કારણકે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા કર્મચારી

મજકુરની નિમણુંક સંબધી એટલે કે નિમણુંક તારીખ, હોદ્દો, કર્મચારી નંબર સંબધી માહિતી પુરી પાડવામાં આવેલ જ છે. પરંતુ કર્મચારીની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર વિગેરે જે અત્રેની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય, પરંતુ તે માહિતી જે તે કર્મચારી તરફથી અત્રેની કચેરીને ફકત નિમણુંકના હેતુસર જ રજુ કરવામાં આવેલ હોય, જેને કર્મચારીનો અંગત રેકર્ડ જ ગણવાનો રહેતો હોય, જે ત્રાહિત વ્યકિત/અરજદારને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવાનું નકારવામાં આવેલ તે યથા યોગ્ય જણાય છે.

આમ, મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા પ્રસ્તુત મુળ આઈ.ડી. સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ.રાજય માહિતી આયોગના કમિશનરશ્રીના ચુકાદાઓ ટાંકીને પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા/જવાબ યોગ્ય જણાતો હોય, આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુ કમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી કૌશિક નરેશલાલ રાણાની મુળ આઈ.ડી.નં.૧૮૦૦ તા.૨૨/૧૧/૧૬ ની અરજીથી મુદ્દા નં.૧ તથા ૨ ની માહિતી સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી ધ્વારા નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૫૩૪૯ તા.૧૬/૧૨/૧૬ થી માંગેલ માહિતીના મુદ્દા નં.૧ તથા ૨ ની સંયુકત પુરી પાડવામાં આવેલ, સદર પુરી પડાયેલ માહિતીમાં કર્મચારી શ્રી ધર્મેન્દ્રસિંઘ તખતસિંઘ પરમાર સુરત મહાનગરપાલિકામાં થયેલ નિમણુંક સંબધી એટલે કે નિમણુંક તારીખ, હોદ્દો, કર્મચારી નંબર સંબધી માહિતી પુરી પાડવામાં આવેલ જ છે. પરંતુ કર્મચારીના શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્રો વિગેરે અત્રેની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય છે, પરંતુ તે માહિતી જે તે કર્મચારી તરફથી અત્રેની કચેરીને ફકત નિમણુંકના હેતુસર જ રજુ કરવામાં આવેલ હોય, જેને કર્મચારીનો અંગત રેકર્ડ જ ગણવાનો રહેતો હોય, જે ત્રાહિત વ્યકિત/અરજદારને આપી શકાય નહી કે આપવુ હિતાવહ જણાતુ નથી. તેમજ ઉકત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય તેવી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) અને (ઠ) મુજબ પુરી પાડવાનું નકારવામાં આવેલ તે યથા યોગ્ય જણાય છે. વધુમાં આ સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ.રાજય માહિતી આયોગના કમિશનરશ્રીના ચુકાદાઓ ટાંકીને પુરી પાડવામાં આવેલ માહિતી/ પુર્તતા/ જવાબ યોગ્ય જણાતો હોય, આમ, આ અપીલ અરજી અંગે હવે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૩**

નં.જીએડી/ઇએસટી/૬૨૯૧
તા.૦૧/૦૨/૨૦૧૭

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી કૌશિક નરેશલાલ રાણા પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |


**અપીલ અરજી નં.૨૯/૧૬–૧૭**

**અરજદાર** : શ્રી માવજીભાઈ વી.વાઢેળ

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી માવજીભાઈ વી.વાઢેળની તા.૨૩/૧૨/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૧૯૮૭ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૦૨/૦૨/૧૭ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/29/16-17.

અરજદાર શ્રી માવજીભાઈ વી.વાઢેળની મુળ આઈ.ડી.નં.૧૯૮૭ (સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર) તા.૨૩/૧૨/૧૬ ની અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૯૮૭ તા.૨૩/૧૨/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૧૩૨૫ તા.૫/૧/૧૭ થી મધ્યસ્થ મહેકમ વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીને તા.૫/૧/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ. આ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી /ઇએસટી/૬૦૨૪ તા.૧૯/૦૧/૧૭ થી નિયત નમુના–ગ માં તમામ મુદ્દાઓનો જવાબ/પુર્તતા પાઠવવામાં આવેલ. ઉપરોક્ત પત્રથી કરેલ પુર્તતા/જવાબ સંદર્ભે અરજદાર મજકુર નારાજ થઈ, તા.૦૩/૦૨/૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી, અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફીસરશ્રી, (મધ્યસ્થ મહેકમ વિભાગ)ને સંબોધીને કરેલ, જે મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૦૩/૦૨/૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે. સદર અપીલ અરજીમાં તેઓએ અપીલ તબકકે જણાવેલ છે કે...

"જાહેર માહિતી અધિકારી અને સક્ષમ અધિકારીશ્રી રીક્રુટમેન્ટ ડીપાર્ટમેન્ટ, સુરતનાઓએ ૩૦ દિવસના સમય મર્યાદામાં માહિતી પુરી પાડવી જોઈએ તે માહિતી પુરી પાડેલ નથી તેમજ સુરત મહાનગરપાલિકામાં ૩જી શ્રેણી કલાર્કની ૧૯૮૫ થી ૧૯૯૪ માં કેટલી જગ્યાઓ હતી તેમાં પુરૂષની સંખ્યા કેટલી હતી અને મહિલાની સંખ્યા કેટલી હતી. (૧) જનરલ કેટેગરીમાં પુરૂષોની સંખ્યા કેટલી હતી અને મહીલાની સંખ્યા કેટલી હતી. (૨) શીડયુલ કાસ્ટમાં પુરૂષોની સંખ્યા કેટલી હતી અને મહિલાઓની સંખ્યા કેટલી હતી. (૩) ઓ.બી.સી.માં પુરુષોની સંખ્યા કેટલી હતી અને મહીલાની સંખ્યા કેટલી હતી. (૪) એસ.ટી.માં પુરૂષોની સંખ્યા કેટલી હતી અને મહિલાઓની સંખ્યા કેટલી હતી.(૫) શારીરિક ખોડ ખાંપણમાં પુરૂષોની સંખ્યા કેટલી હતી અને મહિલાઓની સંખ્યા કેટલી હતી તેની નકલ આપવા અંગેની માહિતી માંગી હતી, તેમજ સુરત મહાનગરપાલિકામાં ૧૯૮૫ થી ૧૯૯૪ માં ૩જી શ્રેણીના કલાર્કની કેટલી જગ્યાઓ હતી તેમજ ૧૯૯૫ થી ૨૦૧૫ તથા ૨૦૧૬ સુધી કેટલી ૩જી શ્રેણીના કલાર્કની સંખ્યા હતી તેની વિગતવાર માહિતી આપવા અંગેની માહિતી તથા ૧૯૮૫ થી ૨૦૧૬ ડીસેમ્બર સુધી કુલ કેટલી સંખ્યા હતી અને તેમાંથી કેટલા પુરૂષો તથા મહિલાઓ નિવૃત્ત થયા તેની નામજોગ તથા વિગતવાર માહિતીની નકલ આપવા અંગે અને જયારે જયારે ખાલી જગ્યાઓ ભરવામાં આવી અને કઈ કઈ કેટેગરીની જગ્યા ભરવામાં આવી અને તેમાં પુરૂષો તથા મહિલાઓની સંખ્યા કેટલી ભરવામાં આવી અને કયા કયા વર્ષમાં કેટલી તથા મહિલાઓની સંખ્યા કેટલી ભરવામાં આવી અને કયા કયા વર્ષમાં કેટલી કેટલી સંખ્યાઓ ભરવામાં આવી તેમાં એસસી/એસટી/ઓબીસી /જનરલ કેટેગરી/ખોડખાંપણવાળી જગ્યાઓ ભરવામાં આવી અને ખાલી જગ્યા ભરવા માટે કયા કયા વર્ષમાં ઠરાવો થયા અને સમિતિઓ રચાણી તેની પણ વિગતવાર માહિતી આપવા અંગેની માહિતી માંગણી કરેલ હતી.

જે અંગે સેકશન ઓફીસર શ્રી કમલ એચ.દેસાઈનાઓએ તા.૧૯/૧/૧૭ ના પત્રથી જવાબ કરેલ છે કે, મુદ્દા નં.૧ બાબતે સને ૧૯૮૫ થી ૧૯૯૪ સુધીની ૩ જી શ્રેણી કલાર્કની કેટેગરી વાઈઝ તથા પુરુષ/સ્ત્રી પ્રમાણે જગ્યા વિષયક માંગવામાં આવેલ માહિતી ૩૧ વર્ષો જુની હોય હાલના તબકકે આપવુ શકય જણાતુ નથી. કારણકે વર્ષોવર્ષ જગ્યા જેમ જેમ નવી ઉપસ્થીત થાય/જગ્યા ભરાય/જગ્યા ખાલી પડે તેમ તેમ રોસ્ટરના નિયમાનુંસાર જગ્યા અપડેઈટ કરવામાં આવતી હોય છે. આથી માંગ્યા મુજબની માહિતીનો વર્ષોવર્ષ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે તથા ૨ બાબતે મુદ્દા નં.૧ ની પુર્તતા ધ્યાને લેવા જોગ છે. તે ધ્યાને લેતા ત્રીજી શ્રેણી કલાર્કની હાલની પ્રવર્તમાન મંજુર જગ્યા–૧૩૯૨ છે તેમ જણાવેલ છે. જયારે મુદ્દા નં.૩ માં જણાવેલ છે કે, ૧૯૮૫ થી ૨૦૧૬ સુધીમાં સ્પેશીફીક ત્રીજી શ્રેણી કલાર્ક (મહીલા/પુરુષ) કેટલા નિવૃત્ત થયા તેવી માહિતીનો રેકર્ડ અલગથી નિભાવવામાં આવતો નહી હોય તેવી માહિતી ઉપલબ્ધ નથી. તેમજ જયારે જયારે ખાલી જગ્યાઓ ભરવામાં આવી અને કઈ કઈ કેટેગરીની જગ્યા ભરવામાં આવી અને તેમાં પુરૂષો તથા મહિલાઓની સંખ્યા કેટલી ભરવામાં આવી અને કયાં કયા વર્ષમાં કેટલી તથા મહિલાઓની સંખ્યા કેટલી ભરવામાં આવી અને કયા કયા વર્ષમાં કેટલી કેટલી સંખ્યાઓ ભરવામાં આવી તેમાં એસસી/એસટી/ઓબીસી/જનરલ કેટેગરી/ખોડખાંપણવાળી જગ્યાઓ ભરવામાં આવી વિગેરે માહિતીનો પણ વર્ષોવર્ષ અલગથી રેકર્ડ નિભાવવામાં આવતો નથી પરંતુ જગ્યા જેમ જેમ નવી ઉપસ્થીત થાય/જગ્યા ભરાય/જગ્યા ખાલી પડે તેમ તેમ રોસ્ટરના નિયમાનુંસાર જગ્યા અપડેઈટ કરવામાં આવતી હોય છે. આથી જયારે જયારે સદર જગ્યા ભરવામાં આવી તે સમયની વર્ષોવર્ષ સદર માંગ્યા મુજબની માહિતી આપવુ શકય જણાતુ નથી. તેમ છતાં ત્રીજી શ્રેણી કલાર્કમાં સદર અનામતની કેટેગરી વાઈઝ પુરુષ/મહિલા પ્રમાણેનુ પ્રવર્તમાન પ્રતિનિધિત્વની માહિતી દર્શાવતુ પત્રકની નકલ (પાના નંગ–૧) આ સાથે સામેલ છે. જેના પરથી અરજદારે માંગ્યા મુજબની માહિતીનો સંદર્ભ મેળવવાનો રહે છે. જે નકલ મેળવવા આ સાથે સામેલ પત્રક મુજબની નકલ ફી રૂા.૨/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ તેઓને પુરી પાડીએ. વધુમાં ત્રીજી શ્રેણી કલાર્કની ખાલી જગ્યાઓ ભરવા માટે કોઈ ઠરાવ કરવામાં આવતો નથી. પરંતુ સદર કેડરની ખાલી જગ્યાને આધારે સક્ષમ સત્તાના આદેશાનુંસાર જાહેરાત આપી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે તેમ જણાવી માહિતી પુરી પાડેલ છે. જે પુરી પાડવામાં આવેલ માહિતી/જવાબ ગોળગોળ, અધુરી, અયોગ્ય, ખોટા નિયમો જણાવી અને માંગ્યા મુજબની માહિતી પુરી પાડેલ નથી." તેમ જણાવી પાના નં.૧ થી ૧૦ થી જુદા જુદા તારણો ઉપસ્થિત કરી અપીલ અરજી દાખલ કરેલ છે.

અરજદાર મજકુરે મુળ આઈ.ડી.નં.૧૯૮૭ તા.૨૩/૧૨/૧૬ થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને સક્ષમ અધિકારી રીક્રુટમેન્ટ વિભાગને સંબોધીને કરેલ હતી. પરંતુ સદર અરજીના તમામ મુદ્દાઓની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી નં.જીએડી/ઈએસટી/આર/૧૩૨૫ તા.૫/૧/૧૭ થી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી અને તેની એક નકલ અરજદારને પણ મોકલવામાં આવેલ છે જ. અરજદારની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ રીક્રુટમેન્ટ

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.



વિભાગે ૩૦ દિવસના સમય મર્યાદામાં માહિતી પુરી પાડેલ નથી તેમ જણાવેલ છે. જે બાબત યોગ્ય જણાતી નથી. કારણ કે અરજદારે માંગેલ માહિતી રીક્રુટમેન્ટ વિભાગને નહી પરંતુ મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી મુળ અરજી રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૧૩૨૫ તા.૫/૧/૧૭ થી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ અને તેની જાણ અરજદારને પણ કરવામાં આવેલ છે જ. આ સંદર્ભે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર ધ્વારા પત્ર નં.જીએડી/ઇએસટી/૬૦૨૪ તા.૧૯/૦૧/૧૭ થી સમયમર્યાદા પહેલા નિયત નમુના–ગ માં લાગત તમામ મુદ્દાઓની અરજદાર મજકુરે અપીલ અરજીમાં જણાવ્યા મુજબની માહિતી/જવાબ/પુર્તતા કરવામાં આવેલ. વધુમાં ઉકત માગ્યા મુજબની માહિતી ૩૧ વર્ષ જુની Indiscriminate and impractical માંગવામાં આવેલ હોવાથી સદર માહિતી બાબતે ગુજરાત રાજ્ય માહિતી કમિશ્નરશ્રી તરફથી એક અપીલ નં.૨૫૯૭–૧૪ માં તા.૮/૯/૧૫ થી કરવામાં આવેલ હુકમમાં માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલ એક મહત્વના કેસ સીવીલ અપીલ નં.૬૪૫૪–૧૧ માં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા તા.૯/૮/૧૧ થી આપેલ નીચે પ્રમાણે ચુકાદાનો ઉલ્લેખ કરી, પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી સંદર્ભે ધ્યાને લેવા જણાવેલ છે. જેની નકલ પણ અવલોકનાર્થે પુરી પાડવામાં આવેલ છે.

37. Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquility and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty . The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicatns instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing 'information furnishing', at the cost of their normal and regular duties. તેમ જણાવી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યથા યોગ્ય જણાય છે. આમ, મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ધ્વારા પ્રસ્તુત મુળ આઈ.ડી. સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટનો ઉકત ચુકાદાઓ ટાંકીને પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા/જવાબ યોગ્ય જણાતો હોય, અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય, તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી માવજીભાઈ વી.વાઢેળની મુળ આઈ.ડી.નં.૧૯૮૭ (સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર) તા.૨૩/૧૨/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મહેકમ વિભાગ) તરફથી પત્ર નં.જીએડી/ઇએસટી/૬૦૨૪ તા.૧૯/૦૧/૧૭ સમયમર્યાદા પહેલા નિયત નમુના–ગ માં તમામ મુદ્દાઓની અરજદારે અપીલ અરજીમાં જણાવ્યા મુજબની માહિતી/જવાબ/પુર્તતા કરવામાં આવેલ. અપીલ અરજીમાં જણાવ્યા મુજબ રીક્રુટમેન્ટ વિભાગે ૩૦ દિવસના સમય મર્યાદામાં માહિતી પુરી પાડેલ નથી તેમ જણાવેલ છે. જે બાબત યોગ્ય જણાતી નથી. અરજદારે માંગેલ માહિતી રીક્રુટમેન્ટ વિભાગને નહી પરંતુ મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત હોવાથી મુળ અરજી રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૧૩૨૫ તા.૫/૧/૧૭ થી મધ્યસ્થ મહેકમ વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ અને તેની એક નકલ અરજદારને પણ જાણ માટે મોકલવામાં આવેલ છે. વધુમાં ઉકત માગ્યા મુજબની માહિતી ૩૧ વર્ષ જુની Indiscriminate and impractical માંગવામાં આવેલ હોવાથી સદર માહિતી બાબતે ગુજરાત રાજ્ય માહિતી કમિશ્નરશ્રી તરફથી એક અપીલ નં.૨૫૯૭–૧૪ માં તા.૮/૯/૧૫ થી કરવામાં આવેલ હુકમમાં માહિતી અધિકાર અધિનિયમ સાથે સંકળાયેલ એક મહત્વના કેસ સીવીલ અપીલ નં.૬૪૫૪–૧૧ માં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા તા.૯/૮/૧૧ થી આપેલ ચુકાદાનો ઉલ્લેખ કરી, પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી ધ્યાને લેવા જણાવી જેની નકલ પણ અવલોકનાર્થે પુરી પાડવામાં આવેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ વિભાગ) ધ્વારા કરેલ માહિતી/જવાબ/પુર્તતા યોગ્ય, વ્યાજબી અને ઉચિત જણાતી હોય, આમ, અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૭૦૧૧
તા.૨૮/૦૨/૨૦૧૭

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી માવજીભાઈ વી.વાઢેળ, પ્રતિ....જાણ માટે.

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૩૦/૧૬-૧૭**

**અરજદાર :** શ્રી પાર્થિવ મહેશચંદ્ર નવસારીવાળા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી પાર્થિવ મહેશચંદ્ર નવસારીવાળાની તા.૯/૧/૧૭ ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૫૧ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૮/૦૨/૧૭ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/30/16-17.

અરજદાર શ્રી પાર્થિવ મહેશચંદ્ર નવસારીવાળાએ મુળ આઈ.ડી. નં.૨૧૫૧ (સે.ઝોન સીટી સીવીક સેન્ટર) તા.૯/૧/૧૭ થી ઝોનલ ઓફીસરશ્રી (ઉધના ઝોન)ને સંબોધીને કરેલ. જે એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/ સીઝેડ/ આરટીઆઈ/આઉટ/૨૧૫૧ તા.૧૦/૧/૧૭ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ તથા એ.આર.ઓ. અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પત્ર નં.જીએડી /ઇએસટી/૬૧૪૯ તા.૨૫/૧/૧૭ થી અરજીના અંશતઃ લાગત મુદ્દા નં.૧ થી ૫ ની સંયુકત માહિતી/ પુર્તતા/ જવાબ પુરો પાડવામાં આવેલ. અરજદારે તા.૧૮/૨/૧૭ થી પ્રથમ અપીલ અરજી તબકકે નિયત નમુના–જ ના અ.નં.૬ (ખ) નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે. નિયમ–૫ (૧)(ખ) નો ઉલ્લેખ કરી "મુદ્દા નં.૧ તથા ૨–કોન્ટ્રાકટ હેઠળના કર્મચારી કુ.મયુરી પ્રવિણચંદ્ર મહાદેવવાળા ફરજમાં હતા એવુ માહિતી અધિકારી જણાવેલ છે પરંતુ મા.અ. કર્મચારી મજકુરની હાજરીના/ફરજનાં દિવસોની સંખ્યાની માહિતી આપેલ નથી, આરટીઆઈ એકટ હેઠળ કર્મચારીઓના ફરજના સ્થળ સમયગાળો અને હાજરીની સંખ્યા વિગેરેની માહિતી અરજદારને નહી આપવાની કોઈ જોગવાઈ નથી. મુદ્દા નં.૩–કર્મચારીઓની કવોલીફીકેશનની માહિતિની વિગત આપવામાં આવેલ નથી કાયદામાં પ્રમાણપત્ર નહી આપી શકાય એમ જણાવેલ છે. પરંતુ કવોલીફીકેશનની વિગત નહી આપવા બાબતની જોગવાઈ નથી જેથી કવોલીફીકેશનની માહિતી આપો. મુદ્દા નં.૪–સદર બાબત એ સુ.મ.પા. ધ્વારા કર્મચારીઓ હાજરીના હિસાબો ચુકવાયેલ વેતન અંગેની માહિતી છે જે માહિતી નહી આપવા બાબતની કોઈ જોગવાઈ સદર કાયદામાં નથી." તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ વિભાગ)ને અંશતઃ લાગત મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી /૬૧૪૯ તા.૨૫/૧/૧૭ થી "પ્રસ્તુત મુદ્દા નં.૧ થી ૫ (સંયુકત પુર્તતા) માહે જાન્યુઆરી–૨૦૧૨થી માહે મે–૨૦૧૪ દરમ્યાન ઉધના ઝોનમાં વેરા વસુલાત વિભાગમાં કોન્ટ્રાકટ હેઠળ ફરજ બજાવનાર કર્મચારી કુ.મયુરી પ્રવિણચંદ્ર મહાદેવવાલાની માંગવામાં આવેલ માહિતી સંદર્ભે જણાવવાનું કે, મજકુર અત્રેથી આપવામાં આવેલ કોમ્પ્યુટર ઓપરેટરના કોન્ટ્રાકટ હેઠળ ફરજ બજાવતા હતા. જેઓને ઈજારદાર ધ્વારા જ પગાર ચુકવવામાં આવતો હોય મજકુરને ચુકવાયેલ વેતનની માહિતી અત્રેના વિભાગ કક્ષાએથી પુરી પાડી શકાય તેમ નથી. વધુમાં મજકુર સુરત મહાનગરપાલિકાના કર્મચારી નહી હોય તેમજ ખાનગી એજન્સી ધ્વારા કોન્ટ્રાકટ હેઠળ ફાળવવામાં આવેલ હોય, મજકુર ખાનગી એજન્સી ધ્વારા પુરા પાડવામાં આવેલ સ્ટાફને લગતી તમામ વિગતો/માહિતી મજકુર એજન્સી ધ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ અંગત અને ખાનગી ગણેલ હોય, તેઓના સ્ટાફને લગતી માહિતી આર.ટી.આઈ. એકટ હેઠળ કોઈપણ વ્યકિતને નહી આપવા અત્રેની કચેરીને લેખિત પત્રથી સુચના આપેલ હોય મજકુર એજેન્સીના કર્મચારીની હાજરીની, ફરજના સમયગાળાની, કવોલીફીકેશન અને અનુભવના પ્રમાણપત્રની વિગેરે માંગ્યા મુજબની માહિતી પુરી પાડવા જોગ નથી.

વધુમાં પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતીને જાહેર ગતિવિધિ અથવા જાહેર હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ હોવાનું જણાતુ ન હોય તે ધ્યાને લેતા ત્રાહિત પક્ષકારને પ્રસ્તુત વ્યકિતગત કર્મચારીની માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ પણ પુરી પાડવા જોગ જણાતુ નથી. વધુમાં કર્મચારીની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની માંગવામાં આવતી માહિતી પુરી પાડવા માટે અત્રેથી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ઠ) મુજબ ઈન્કાર કરવામાં આવેલ એક આર.ટી.આઈ. અરજીને પડકારવા માટે રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ બીજી અપીલ નં.૫૬૧૩/૨૦૧૫ માં નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રી ધ્વારા હાલમાં જ તા.૦૮/૧૨/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્ર કર્મચારીની અંગત બાબત હોય, કલમ–૮(૧)(ઠ) હેઠળ આપવા પાત્ર થતી નથી મુજબનો હુકમ કરેલ છે. તદઉપરાંત રાજય માહિતી આયોગમાં દાખલ કરવામાં આવેલ એક અપીલ નં.અ–૨૫૯૯–૨૦૧૪ માં ગુજરાત રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી ધ્વારા કર્મચારીની "અંગત" પ્રકારની માહિતી વિવાદીને આપવાપાત્ર નથી તે મુજબનો હુકમ કરેલ છે." તેમ જણાવી સદર હુકમોની નકલો અવલોકન અર્થે પુરી પાડવામાં આવેલ છે.

આમ, કોમ્પ્યુટર ઓપરેટરના કોન્ટ્રાકટર ધ્વારા અત્રેની કચેરીને ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ આપવામાં આવેલ લેખિત સુચના, આર.ટી.આઈ.એકટની ઉકત જોગવાઈ તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના હુકમને ધ્યાને લેતા પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી પરત્વે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી જણાતી ન હોય કે અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી પાર્થિવ મહેશચંદ્ર નવસારીવાળાએ મુળ આઈ.ડી. નં.૨૧૫૧ તા.૯/૧/૧૭ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ વિભાગ) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૬૧૪૯ તા.૨૫/૧/૧૭ થી મુદ્દા નં.૧ થી ૫ પરત્વે સંયુકત પુર્તતા કરી, કુ.મયુરી પ્રવિણચંદ્ર મહાદેવવાલા ખાનગી એજન્સી ધ્વારા કોમ્પ્યુટર ઓપરેટરના કોન્ટ્રાકટ હેઠળ ફરજ બજાવતા હોવાથી તેઓને ઈજારદાર ધ્વારા જ પગાર ચુકવવામાં આવતો હોય, ચુકવાયેલ વેતનની માહિતી પુરી પાડી શકાય તેમ નથી તેમજ કોન્ટ્રાકટ હેઠળના મજકુર કર્મચારીની માંગ્યા મુજબ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ ઈજારદાર સંસ્થા

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

ધ્વારા અંગત અને ખાનગી ગણેલ હોય, આર.ટી.આઈ. હેઠળ કોઈપણ અરજદારને નહી આપવા અત્રેની કચેરીને લેખિત પત્રથી જણાવેલ હોય તે અંતર્ગત તેમજ આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ)(ઠ) મુજબ તેમજ રાજય માહિતી આયોગના ચુકાદઓને અવલોકનમાં લેતા મજકરુ કોન્ટ્રાકટ હેઠળના કર્મચારીની હાજરીની, પગારની, ફરજના સમયગાળાની, કવોલીફીકેશન અને અનુભવના પ્રમાણપત્રની વિગેરે માંગ્યા મુજબની અંગત માહિતી ત્રાહિત પક્ષકાર/અરજદારને પુરી પાડવા જોગ જણાતી નથી. વધુમાં રાજય માહિતી આયોગના હુકમોની નકલો પણ અવલોકનાર્થે અરજદારને પુરા પાડવામાં આવેલ છે. આમ, આર.ટી.આઈ.એકટની ઉકત જોગવાઈ તથા નામ.ગુજરાત રાજય માહિતી આયોગના રાજય માહિતી કમિશનરશ્રીના હુકમને ઘ્યાને લેતા પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મઘ્યસ્થ મહેકમ વિભાગ) ઘ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને  નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)

નં.જીએડી/ઇએસટી/૭૩૩૧ **અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**

તા.૦૯/૦૩/૨૦૧૭ **સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**

**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૯**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મઘ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ…. જાણ માટે

**નકલ રવાના:** શ્રી પાર્થિવ મહેશચંદ્ર નવસારીવાલ પ્રતિ….જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેકસ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૧/૧૬–૧૭**

**અરજદાર** : શ્રી મુકેશકુમાર એ. ઝાંવર

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી મુકેશકુમાર એ. ઝાંવરની તા.૧૬/૧૨/૧૬ ની મુળ અરજી આઈ.ડી.નં.૭૫૯ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા.૧૬/૦૨/૧૭ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/31/16-17.

અરજદાર શ્રી મુકેશકુમાર એ. ઝાંવરએ મુળ આઈ.ડી. નં.૭૫૯(સાઉથ વેસ્ટ ઝોન) તા.૧૬/૧૨/૧૬ સાઉથ વેસ્ટ ઝોનને કરેલ. જે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (સા.વે.ઝોન) ધ્વારા લાગત જુદા જુદા ખાતા / ઝોન / વિભાગો સહિત જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમ વિભાગને મુદ્દા નં.ર તથા ૩ ની માહિતી પુરી પાડવા માટે આ.નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૧૨૭૫ તા.૨૬/૧૨/૧૬ થી તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઇએસટી/૫૬૨૯ તા.૩/૧/૧૭ થી મુદ્દા નં.ર તથા ૩ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત ન હોવાથી, જે વિભાગને માહિતી લાગત જણાતી હતી તે વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રી (૧) જનસંપર્ક વિભાગ તથા (૨) ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ અને જે અંગેની એક નકલ અરજદારને પણ જાણ અર્થે પુરી પાડવામાં આવેલ. અરજદારે તા.૧૬/૨/૧૭ થી પ્રથમ અપીલ અરજી સાઉથ ઝોનના અપીલ અધિકારીને કરેલ છે તેમજ અપીલ તબકકે "CPIO had failed to provide the information sought in the application" તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ વિભાગ)ને સાઉથ વેસ્ટ ઝોન તરફથી તબદીલ થયેલ પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દા નં.ર તથા ૩ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતી ન હોવાથી, જે લાગત મુદ્દાઓની માહિતી પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારીશ્રી (૧) જનસપંર્ક વિભાગ તથા (૨) ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને પત્ર નં.જીએડી/ઇએસટી/૫૬૨૯ તા.૩/૧/૧૭ થી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પણ કરવામાં આવેલ. વધુમાં મજકુર અરજદાર ધ્વારા સાઉથ ઝોનના અપીલ અધિકારીને ઉદૃેશીને તેમના વિભાગના જાહેર માહિતી અધિકારી માહિતી પુરી પાડવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ હોવાનું જણાતુ હોય, આ અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી જણાતી ન હોય કે અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી મુકેશકુમાર એ. ઝાંવરની મુળ આઈ.ડી. નં.૭૫૯(સાઉથ વેસ્ટ ઝોન) તા.૧૬/૧૨/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ વિભાગ)ને સાઉથ વેસ્ટ ઝોન તરફથી તબદીલ થયેલ પત્રમાં જણાવ્યા મુજબના મુદ્દા નં.ર તથા ૩ ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લાગત જણાતી ન હોવાથી, જે લાગત મુદ્દાઓની માહિતી પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારીશ્રી (૧) જનસપંર્ક વિભાગ તથા (૨) ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને પત્ર નં.જીએડી/ઇએસટી/૫૬૨૯ તા.૩/૧/૧૭ થી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પણ કરવામાં આવેલ. વધુમાં મજકુર અરજદાર ધ્વારા સાઉથ ઝોનના અપીલ અધિકારીને ઉદૃેશીને તેમના વિભાગના જાહેર માહિતી અધિકારી માહિતી પુરી પાડવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ હોવાનું જણાતુ હોય, આ અપીલ અરજી અંગે મધ્યસ્થ મહેકમ વિભાગ કક્ષાએથી વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી જણાતી ન હોય કે અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૭૩૩૨
તા.૦૯/૦૩/૨૦૧૭

**નકલ રવાનાઃ** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાનાઃ** શ્રી મુકેશકુમાર ઝાંવર ૩૦૩, પ્રતિ....જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફેક્સ : 91-0261-2422110<br>ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87 | | સુરત મહાનગરપાલિકા,<br>મહાનગર સેવા સદન,<br>મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩. |

**અપીલ અરજી નં.૩૨/૧૬–૧૭**

**અરજદાર** : શ્રી યોગેશભાઈ પી.સુરતી

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી યોગેશભાઈ પી.સુરતીની તા.૨૭/૦૧/૧૭ ની મુળ અરજી આઈ.ડી.નં.૨૩૧૯ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૧૭/૦૩/૧૭ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/32/16-17.

અરજદાર શ્રી યોગેશભાઈ પી.સુરતીએ મુળ આઈ.ડી. નં.૨૩૧૯ તા.૨૭/૦૧/૧૭ થી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૩૧૯ તા.૦૪/૦૨/૧૭ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે તા.૧૦/૦૨/૧૭ના રોજ મળેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૯૦૯ તા.૨૩/૨/૧૭ થી લાગત મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માટે જરૂરી માહિતી/ પુર્તતા/ જવાબ પુરો પાડી ઉકત લાગત મુદ્દાઓની માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૯૧૦ તા.૨૩/૨/૧૭ થી નકલ ફી રૂા.૨૬/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પત્ર અન્વયે અરજદાર ધ્વારા સાઉથ ઝોન ખાતે રસીદ નં.૪૬૦૮૦ તા.૨૮/૦૨/૧૭ ના રોજ નકલ ફી રૂા.૨૬/– થી જમા કરાવવામાં આવેલ, જે રસીદ ભર્યાની નકલ મધ્યસ્થ મહેકમ વિભાગની કચેરીને તા.૦૧/૦૩/૧૭ ના રોજ મળેલ. જે અનુસંધાને માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૭૦૯૦ તા.૦૨/૦૩/૧૭ થી લાગત નકલો નંગ–૧૩ પુરી પાડવામાં આવેલ. ઉકત પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૭/૦૩/૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "ખોટી માહિતી અને અધુરી માહિતી આપેલ છે" તેમ જણાવેલ છે. પરંતુ માહિતી ખોટી અને અધુરી હોવાના સમર્થનમાં કોઈ આધાર/પુરાવા બિડાણ કરેલ નથી.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ વિભાગ) ધ્વારા લાગત મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી અંગે નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઈએસટી/૬૯૦૯ તા.૨૩/૨/૧૭ થી નીચે મુજબ પુર્તતા કરી જવાબ પાઠવવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | રોસ્ટર રજી. મુજબ પર્સોનલ ઓફીસરની પ્રથમ નિમણૂંક થઈ હોય તેની વિગત જેમાં મંજુર થયેલ જગ્યા અને ભરાયેલ જગ્યા. |
| મુદ્દા નં.૩ | સને ૧૯૯૫ પછી પર્સોનલ ઓફીસર થી જગ્યાઓ ભરવા માટે અત્યાર સુધી કેટલા પ્રયત્નો કર્યા તે પ્રયત્નો સહીત નિમણૂંક પામેલ અધિકારીની વિગતો. |
| પુર્તતા :– | પ્રસ્તુત મુદ્દા નં.૧ તથા ૩ ની વિગતે રોસ્ટર રજીસ્ટર મુજબ પર્સોનલ ઓફિસરની પ્રથમ નિમણુંક થઈ હોય તેની વિગત તથા સને ૧૯૯૫ પછી આજદિન સુધી પર્સોનલ ઓફીસર તરીકે નિમણુંક પામેલ અધિકારીની વિગત બાબતેનું પત્રક (પાના નંગ–૧) આ સાથે સામેલ છે. જેના પરથી માંગ્યા મુજબની માહિતીનો અરજદારે સંદર્ભ મેળવવાનો રહે છે. જે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૨/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ પુરી પાડીએ.<br>વધુમાં સને ૧૯૯૫ પછી પર્સોનલ ઓફીસરની જગ્યાઓ ભરવા માટે અત્યાર સુધી કરવામાં આવેલ પ્રયત્નો બાબતે એટલે કે આપવામાં આવેલ જાહેરાત બાબતે જણાવવાનું કે તા.૦૧/૦૧/૯૬ થી તા.૩૧/૧૨/૯૯ સુધીની જાહેરાતની ફાઈલો ડે.કમિશનરશ્રી (૫ અને ઈ) ની તા.૧૨/૦૨/૯૯ મુજબ તથા તા.૦૧/૦૧/૨૦૦૦ થી તા.૩૧/૧૨/૨૦૦૫ સુધીની જાહેરાતની ફાઈલો આસી. કમિશનર અને ઈ.ચા.ડે.કમિશનરશ્રીની તા.૧૭/૦૩/૨૦૧૬ ની મંજુરી મુજબ નાશના રેકર્ડ તરીકે રેકર્ડ વિભાગમાં (કેટેગરી–ડી) હેઠળ જમા કરાવી દેવામાં આવેલ હોય તા.૦૧/૦૧/૯૬ થી તા.૩૧/૧૨/૨૦૦૫ દરમ્યાન પર્સોનેલ ઓફિસરની આપવામાં આવેલ જાહેરાતની માહિતીની નકલ ઉપલબ્ધ નથી. સદર રેકર્ડ જમા કરાવવા અંગેની મંજુરીની નકલ અવલોકનાર્થે સામેલ કરેલ છે. ત્યારબાદ આજદિન સુધી પર્સોનેલ ઓફિસરની આપવામાં આવેલ જાહેરાતની નકલ (પાના નંગ–૪) આ સાથે સામેલ છે. જે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૮/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ પુરી પાડીએ. |
| મુદ્દા નં.૨ | સને ૧૯૯૫ પછી વખતો વખત પર્સોનલ ઓફીસરથી આજદિન સુધી ઉભી કરવામાં આવેલ પર્સોનલ ઓફીસરની જગ્યાઓ. |
| પુર્તતા :– | સને ૧૯૯૫ પછી વખતો વખત પર્સોનલ ઓફીસરથી આજદિન સુધી ઉભી કરવામાં આવેલ પર્સોનલ ઓફીસરની જગ્યાઓ અંગેના ઠરાવ/ઓફિસ ઓર્ડરની નકલ (પાના નંગ–૮) આ સાથે સામેલ છે. જે સામેલ પત્ર મુજબની નકલ ફી રૂા.૧૬/– ભરપાઈ કર્યેથી તેવી માહિતીની નકલ તેઓને પુરી પાડીએ. |
| મુદ્દા નં.૪ | હાલમાં પર્સોનલ ઓફીસરની મંજુર થયેલ જગ્યા પૈકી ભરાયેલ જગ્યાની વિગતો. |
| પુર્તતા :– | હાલમાં પર્સોનલ ઓફીસરની મંજુર જગ્યા ૧૪ પૈકી ૧૨ જગ્યા ભરાયેલ છે. |
| મુદ્દા નં.૫ | રોસ્ટર મુજબ પર્સોનલ ઓફીસરથી ભરાયેલ અને ખાલી જગ્યાની વિગતો. |
| પુર્તતા :– | રોસ્ટર મુજબ પર્સોનલ ઓફીસરની હાલ સા.શૈ.૫.વ.ની કુલ–૩ જગ્યા તથા બિનઅનામતની કુલ–૯ જગ્યા ભરાયેલ છે. અ.જ.જા. ની કુલ–૨ જગ્યા ખાલી છે. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, અરજદારને મુદ્દા નં.૧ થી ૫ ની ઉકત માંગવામાં આવેલ માહિતી સંદર્ભે માહિતી/પુર્તતા પાઠવવામાં આવેલ. તેમજ તે અંતર્ગત પ્રસ્તુત માંગવામાં આવેલ માહિતી પૈકીનો જે રેકર્ડ નાશના રેકર્ડ તરીકે રેકર્ડ વિભાગમાં (કેટેગરી–ડી હેઠળ) જમા કરાવી દેવામાં આવેલ તે રેકર્ડ જમા કરાવવા અંગેની મંજુરીની નકલો પણ અરજદારને અવલોકનાર્થે પુરી પાડવામાં અવેલ. તે અંતર્ગત પુર્તતામાં જણાવ્યા મુજબની લાગત નકલો મેળવવા અરજદારે જરૂરી નકલ ફી રૂા.૨૬.૦૦ જમા કરાવતા, તે પણ મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા નિયમોનુસાર નકલો નંગ–૧૩ સમયસર પુરી પાડવામાં આવેલ છે.

આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાતી હોય, આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું કે માહિતી અધુરી પુરી પાડવામાં આવી હોવાનું જણાતુ ન હોય અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જે દફતરે કરવા જોગ જણાય છે.

**<u>–: હુ કમ :–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી યોગેશભાઈ પી.સુરતીએ મુળ આઈ.ડી. નં.૨૩૧૯ તા.૨૭/૦૧/૧૭ થી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ખાતે કરેલ. જે અરજી સેન્ટ્રલ ઝોન સીટી સીવીક સેન્ટર ધ્વારા નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૩૧૯ તા.૦૪/૦૨/૧૭ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે તા.૧૦/૦૨/૧૭ના રોજ મળેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૯૦૯ તા.૨૩/૨/૧૭ થી જરૂરી માહિતી/ પુર્તતા/ જવાબ પુરો પાડી ઉકત લાગત મુદ્દાઓની માહિતીની નકલો મેળવવા નિયત નમુના–ખ પત્ર નં.જીએડી/ઇએસટી/૬૯૧૦ તા.૨૩/૨/૧૭ થી નકલ ફી રૂા.૨૬/– ભરપાઈ કરવા જાણ કરવામાં આવેલ. જે પત્ર અન્વયે અરજદાર ધ્વારા સાઉથ ઝોન ખાતે રસીદ નં.૪૬૦૮૦ તા.૨૮/૦૨/૧૭ ના રોજ નકલ ફી રૂા.૨૬/– થી જમા કરાવવામાં આવેલ, જે નકલ ફી જમા કરાવ્યા અંગેની રસીદ મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૦૧/૦૩/૧૭ ના રોજ મળતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર, મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નિયત નમુના–ગ પત્ર નં.જીએડી/ ઇએસટી/ ૭૦૯૦ તા.૦૨/૦૩/૧૭ થી લાગત નકલો નંગ–૧૩ પુરી પાડવામાં આવેલ. આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મહેકમ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાતી હોય, આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી હોવાનું કે માહિતી અધુરી પુરી પાડવામાં આવી હોવાનું જણાતુ ન હોય અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

**(જે.જે.માંજરા)**
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/૭૯૨૮
તા.૩૧/૦૩/૨૦૧૭

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ વિભાગ) પ્રતિ.... જાણ માટે
**નકલ રવાના:** શ્રી યોગેશભાઈ પી.સુરતી, પ્રતિ....જાણ માટે.

RIGHT TO INFORMATION

ફેક્સ : 91-0261-2422110
ટેલીફોન નંબર : 2423751-56 / 2422285-87

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલસરાઈ,સુરત – ૩૯૫ ૦૦૩.

**અપીલ અરજી નં.૦૩/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી હસમુખ આર.કટારીયા

**સામાવાળા :** સેકશન ઓફીસર (મધ્યસ્થ મહેકમ–પેન્શન વિભાગ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદાર શ્રી હસમુખ આર.કટારીયાની તા.૨૬/૧૨/૧૬ની મુળ અરજી આઈ.ડી.નં.૪૩૦ સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:–** અરજદાર મજકુરની તા.૨૫/૦૧/૧૭ ની અપીલ અરજી નં.No.SMC/GAD/FAP/03/16-17.

અરજદાર શ્રી હસમુખ આર. કટારીયાએ મુળ આઈ.ડી. નં.૪૩૦ (મધ્યસ્થ કચેરી) તા.૨૬/૧૨/૧૬ થી કમિશ્નરશ્રીને સંબોધીને કરેલ. જે મધ્યસ્થ કચેરી ધ્વારા નં.સી/આરટીઆઈ/૪૩૦ તા.૨૭/૧૨/૧૬ થી વરાછા ઝોન, મધ્યસ્થ મહેકમ વિભાગ તથા પેન્શન વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અરજીના લાગત મુદ્દાઓ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી મહેકમ પેન્શન વિભાગ તરફથી આ.નં.જીએડી/ઇએસટી/પી/૨૧૦૫ તા.૩/૧/૧૭ થી જરૂરી પુર્તતા/જવાબ કરવામાં આવેલ. અરજદારે તા.૨૫/૧/૧૭ થી પ્રથમ અપીલ અરજી તબકકે મુળ અરજીમાં માંગેલ મુદ્દા નં.૧ થી ૧૩ ની વિગતો ફરીથી જણાવી જણાવેલ છે કે "માગ્યા મુજબની માહિતી આપવામાં આવેલ નથી અને તા.૩૧/૧/૬ના રોજ નં.જીએડી/ઇએટી/પી/૨૧૦૫ થી સદંતર ખોટો પત્ર ખોટી હકીકત લખીને હમો અરજદારને જવાબદાર અધિકારી તરફથી મોકલવામાં આવેલ છે જેથી માગ્યા મુજબની માહિતી આપવા મહેરબાની કરશોજી અને માહિતી અધિકાર હકક પ્રાપ્તીના કાયદા મુજબ તાબાની કચેરી અધિકારી વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવા તથા સજા અને દંડ કરવા મહેરબાની કરશોજી." તેમ જણાવી પ્રથમ અપીલ દાખલ કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ પેન્શન વિભાગ)ને અંશતઃ લાગત મુદ્દાઓ અંગે પત્ર નં.જીએડી/ઇએસટી/પી/૨૧૦૫ તા.૩/૧/૧૭ થી "અરજીમાં દર્શાવેલ કર્મચારી શ્રી રણજીતભાઈ ઠાકોરભાઈ પરમાર, કર્મ.નં.૧૨૧૯૯ વરાછા ઝોનમાં ત્રીજીશ્રેણી કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તા.૧૪/૧૦/૧૬ થી સ્વૈચ્છિક નિવૃત્ત થયા છે તેમજ તેઓની સેવાપોથી સહિતની પેન્શન ગ્રેજયુઈટીની મુળ ફાઈલ અત્રેના પેન્શન વિભાગમાં આવેલ ન હોય અત્રેથી કોઈ માહિતી આપી શકાય તેમ નથી." તેમ જણાવી માહિતી/પુર્તતા અરજદારને નિયત સમય મર્યાદામાં કરવામાં આવેલ છે જે યોગ્ય જણાય છે. કારણ કે મજકુરની સ્વૈ. નિવૃત્તિ બાદ પેન્શન/ગ્રેજયુઈટીના લાભો બાબતની મુળ સેવાપોથી સહિતની ફાઈલ વરાછા ઝોનમાંથી પેન્શન વિભાગમાં આવી ન હોય આ સંજોગોમાં મજકુરને પેન્શન/ગ્રેજયુઈટીના લાભોની ચુકવણી બાબતેની કે તેને આનુસાંગિક કોઈ કાર્યવાહી પેન્શન વિભાગ તરફથી કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં માંગવામાં આવેલ માહિતી પુરી પાડવી શકય જણાતુ નથી. જેથી ઉકત પત્ર ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી યોગ્ય અને ઉચિત જણાતી હોય, આમ, આ અપીલ અરજી અંગે વિશેષ કોઈ માહિતી પુરી પાડવાની બાકી જણાતી ન હોય કે અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય જે દફતરે કરી નિકાલ કરવા જોગ જણાય છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી હસમુખ આર. કટારીયાની મુળ આઈ.ડી. નં.૪૩૦ (મધ્યસ્થ કચેરી) તા.૨૬/૧૨/૧૬ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ પેન્શન વિભાગ)ને લાગત અંશતઃ મુદ્દાઓ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૨૧૦૫ તા.૩/૧/૧૭ થી "અરજીમાં દર્શાવેલ કર્મચારી શ્રી રણજીતભાઈ ઠાકોરભાઈ પરમાર, કર્મ.નં.૧૨૧૯૯ વરાછા ઝોનમાં ત્રીજીશ્રેણી કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તા.૧૪/૧૦/૧૬ થી સ્વૈચ્છિક નિવૃત્ત થયા છે તેમજ તેઓની સેવાપોથી સહિતની પેન્શન ગ્રેજયુઈટીની મુળ ફાઈલ અત્રેના વિભાગમાં આવેલ ન હોય અત્રેની કોઈ માહિતી આપી શકાય તેમ નથી જે યોગ્ય જણાય છે. કારણ કે મજકુરની સ્વૈ. નિવૃત્તિ બાદ પેન્શન/ગ્રેજયુઈટીના લાભો ચુકવવા બાબતની મુળ સેવાપોથી સહિતની ફાઈલ વરાછા ઝોનમાંથી પેન્શન વિભાગમાં આવી જ ન હોય તેવા સંજોગોમાં મજકુરને પેન્શન/ગ્રેજયુઈટીના લાભોની ચુકવણી બાબતેની કે તેને આનુસાંગિક કોઈ કાર્યવાહી પેન્શન વિભાગ તરફથી કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં પેન્શન / ગ્રેજયુઈટીને લગતી માંગવામાં આવેલ માહિતી પુરી પાડવી શકય જણાતુ નથી. આમ, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરશ્રી(પેન્શન વિભાગ) ધ્વારા કરેલ માહિતી/પુર્તતા યોગ્ય, વ્યાજબી અને ઉચિત જણાતી હોય, અપીલ અરજી અંગે અત્રેના વિભાગ કક્ષાએથી વિશેષ કંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

(જે.જે.માંજરા)
**અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસર(મહેકમ)**
**સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત**
**ફોન નં.(૦૨૬૧)૨૪૨૩૭૫૧ થી ૫૬ એક્ષટે નં.૫૧૯**

નં.જીએડી/ઇએસટી/પી
તા. /૦૨/૨૦૧૭

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (મહેકમ–પેન્શન વિભાગ/મધ્યસ્થ મહેકમ વિ.) પ્રતિ.... જાણ માટે

**નકલ રવાના:** શ્રી હસમુખ આર.કટારીયા, પ્રતિ....જાણ માટે.